પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૪-૩-૨૦૨૪, સોમવાર
વર્ષઃ ૧૨, અંકઃ ૩૧૧

94266 72303 @abtakmedia
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
www.abtakmedia.com @abtak.media

Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com

**સુવિચાર**

તકલીફ....
ટ્રાફિકના રેડ સિગ્નલ
જેવી જ હોય છે. થોડીવાર
ધીરજ રાખી ઉભા રહો
તો ગ્રીન થઈ જાય છે...

An ISO 9001:2008 Company
jai ganga
SOLAR WATER HEATER

JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239




સોશિયલ મીડિયા જ હવે ચૂંટણીમાં ' જોખમ ' ઊભું કરી શકે છે



'ખામોશ' આસંસોલમાં શત્રુધ્ન સિંહા સામે ભાજપે જાહેર કરેલા ઉમેદવારના 'પારોઠ'ના પગલાં



બમ.. બમ.. ભોલેના નાદ સાથે કાલથી શિવરાત્રિ મેળાનો શુભારંભ



શાર્દુલની લડાયક સદીથી મુંબઈએ પ્રથમ ઈનિંગમાં મક્કમ લીડ મેળવી

# સૌરાષ્ટ્રની ચાર બેઠકો માટે ભાજપ ગુરૂવારે ઉમેદવારો જાહેર કરશે

## ગુજરાતની બાકી રહેલી ૧૧ બેઠકો માટે મૂરતિયા જાહેર કરાશેઃ ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને અમરેલીમાં સિટીંગ સાંસદોની ટિકિટ પર પુરેપુરૂં જોખમ

**આ ૧૫ બેઠકો માટે ભાજપે જાહેર કર્યા ઉમેદવારો**

| બેઠકનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| ગાંધીનગર | અમિત શાહ |
| કચ્છ | વિનોદ ચાવડા |
| બનાસકાંઠા | ડો.રેખાબેન ચૌધરી |
| પાટણ | ભરતસિંહ ડાભી |
| અમદાવાદ પશ્ચિમ | દિનેશભાઈ મકવાણા |
| રાજકોટ | પુરૂષોત્તમ રૂપાલા |
| પોરબંદર | ડો.મનસુખ માંડવિયા |
| જામનગર | પૂનમ માડમ |
| આણંદ | મીતેશ પટેલ |
| ખેડા | દેવુસિંહ ચૌહાણ |
| પંચમહાલ | રાજપાલસિંહ જાદવ |
| નવસારી | સી.આર.પાટીલ |
| દાહોદ | જસવંતસિંહ ભાભોર |
| ભરૂચ | મનસુખ વસાવા |
| બારડોલી | પ્રભુભાઈ વસાવા |

**અબતક, રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગત શનીવારે ૧૯૫ લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. જેમાં સૌરાષ્ટ્ર-કચ્છની ચાર સહિત ગુજરાતની ૧૫ બેઠકો માટે ઉમેદવારોના નામો જાહેર કરી દેવામાં આવ્યા છે. દરમિયાન આગામી બુધવારે ભાજપની રાષ્ટ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળશે. ગુરૂવારે ભાજપ દ્વારા વધુ ૨૦૦ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. જેમાં સૌરાષ્ટ્રની ચાર બેઠકો સહિત ગુજરાતની બાકી રહેલી તમામ ૧૧ બેઠકો માટે મૂરતીયાઓના નામ જાહેર કરી દેવામાં આવશે.

ભાજપ દ્વારા ગત શનિવારે ગુજરાતની ૧૫ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. જેમાં ૧૦ બેઠકો પર સિટીંગ સાંસદોને રિપીટ કરવામાં આવ્યા હતા. જ્યારે રાજકોટ, પોરબંદર, બનાસકાંઠા, પંચમહાલ અને અમદાવાદ પશ્ચિમ બેઠકો પર સિટીંગ સાંસદોની ટિકિટ કાંપી નાંખવામાં આવી છે. ગાંધીનગર બેઠક પરથી અમિત શાહ, કચ્છ બેઠક પરથી વિનોદ ચાવડા, બનાસકાંઠા બેઠક પરથી ડો.રેખાબેન ચૌધરી, પાટણ બેઠક પરથી ભરતસિંહ ડાભી, અમદાવાદ પશ્ચિમ બેઠક પરથી દિનેશભાઈ મકવાણા, રાજકોટ બેઠક પરથી પરસોત્તમભાઈ રૂપાલા, પોરબંદર બેઠક પરથી ડો.મનસુખભાઈ માંડવિયા, જામનગર બેઠક પરથી

(અનુ. આઠમા પાને)




**આ ૧૧ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવાના બાકી છે**

* સુરેન્દ્રનગર
* જૂનાગઢ
* અમરેલી
* ભાવનગર
* અમદાવાદ પૂર્વ
* મહેસાણા
* સાબરકાંઠા
* વડોદરા
* સુરત
* છોટા ઉદેપુર
* વલસાડ

## કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અંબરીશ ડેર કેસરિયા કરવાના મૂડમાં !!

### રાજુલાના આહીર અગ્રણી ગમે ત્યારે ભાજપનો ખેસ ધારણ કરી લેશે



રાજુલા વિધાનસભા બેઠકના પૂર્વ કોંગી ધારાસભ્ય અને આહીર સમાજના અગ્રણી અંબરીશભાઇ ડેર ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરવા તલપાપડ થઇ રહ્યા છે. આગામી દિવસોમાં તેઓ ગમે ત્યારે પંજાનો સાથ છોડી ભાજપનો ખેસ પહેરી લેશે. લોકસભાની આગામી ચૂંટણી પહેલા સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને વધુ એક મરણતોલ ફટકો પડી શકે છે. એક ચર્ચા એવી પણ ચાલી રહી છે કે રાજુલાના વર્તમાન ધારાસભ્ય હીરાભાઇ સોલંકીને ભાજપ લોકસભાની આગામી ચૂંટણીમાં ભાવનગર બેઠક પરથી ભારતીબેન શિયાળના સ્થાને લડાવવા માંગે છે. તેઓ વિજેતા બનશે તો રાજુલા વિધાનસભા બેઠકની પેટાચૂંટણી યોજાશે. જેમાં અંબરીશ ડેરને ટિકિટ આપવામાં આવશે. આગામી દિવસોમાં ગમે ત્યારે અંબરીશભાઇ ડેર ભાજપમાં જોડાઇ જશે તેવી ચર્ચાઓ ચાલી છે. વિરોધ પક્ષને પ્રચાર-પ્રસાર માટે પણ આગેવાનો કે કાર્યકરો ન મળે તેવું વાતાવરણ ભાજપ દ્વારા હાલ ઉભું કરવામાં આવી રહ્યું છે.

# નવી સરકાર અમારી જ હશેઃ મોદીની ગેરેન્ટી

## ચૂંટણી પહેલા વડાપ્રધાને નવી સરકારનો ૧૦૦ દિવસનો એક્શાન પ્લાન બનવવા મંત્રીઓ કરી તાકીદ

## હરીફો ચૂંટણીની રણનીતિ ઘડે તે પૂર્વે મોદીએ નવી સરકારની કાર્યશૈલીનો પણ અંદાજ આપી દીધો

**અબતક, રાજકોટ**

કેન્દ્રમાં ફરી એકવાર ભાજપની સરકાર બનશે તેવી ગેરંટી મંત્રી મંડળના સભ્યોને વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા આપી દેવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે.આગામી મેં માસમાં નવી કેન્દ્રમાં એનડીએની સરકાર રચાયા બાદ પ્રથમ ૧૦૦ દિવસનો એક્શન પ્લાન બનાવવા માટે પણ તાકીદ કરવામાં આવી છે

ત્રીજી ટર્મ પૂર્વે જ મોદી ગેરેન્ટી દેશભરમાં ગુંજવા લાગી છે. ભાજપ ૩૭૦ થી વધુ જ્યારે એનડીએ ૪૦૦થી વધુ બેઠકો ફતેહ કરશે.તેઓ લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ઉમેદવાર કે કાર્યકરો નહીં પરંતુ ખુદ પીએમ મોદીને વિશ્વાસ છે કે તેઓ ત્રીજી ટર્મમાં તોતિંગ બહુમતી સાથે શાસન ધુરા સંભાળશે.



સામાન્ય રીતે વડાપ્રધાન ક્યારે સંસદમાં નવી સરકાર અંગે કોઈ ભવિષ્ય વાણી કરતા હોતા નથી પરંતુ જે રીતે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ અને કેન્દ્રની વર્તમાન સરકારે આપેલા એક-એક વચનોનું પાલન થઈ રહ્યુ હોય મોદી ગેરેન્ટીની ગુંજ દેશભરમાં ગુંજી રહી હોય વડાપ્રધાને અંતિમ સત્રમાં એવું નિવેદન આપ્યું હતું કે ત્રીજી ટર્મમાં કેટલાક મહત્વપૂર્ણ અને આકરા નિર્ણય લેવામાં આવશે.મંત્રી મંડળ સાથેની ગઈકાલની બેઠકમાં પણ મંત્રીઓને નવી સરકાર રચાયા બાદ પ્રથમ ૧૦૦ દિવસના કામોનો એક્શન પ્લાન તૈયાર કરવા માટે તાકીદ કરવામાં આવી છે.આ વાત પ્રસ્થાપિત કરે છે કે જીત માટે વડાપ્રધાન કેટલા આત્મવિશ્વાસ ધરાવે છે.

લોકસભાની આગામી ચૂંટણી પહેલાં કેન્દ્રીય મંત્રી પરિષદની છેલ્લી ઔપચારિક બેઠકમાં વડ પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'વિકસિત ભારત ૨૦૪૭' માટેના વિઝન દસ્તાવેજ પર એક મંથન સત્રની અધ્યક્ષતા કરી હતી.

આ યોજના નાગરિકોને સશક્તિકરણ અને ટકાઉ અર્થતંત્ર બનાવવા પર આધારિત છે. ૨૫-વર્ષીય યોજના ભારતની એક વિકસિત રાષ્ટ્ર તરીકે પરિકલ્પના કરે છે જે વિશ્વને ટેકનોલોજી અને નવીનતાના સંદર્ભમાં નેતૃત્વ પ્રદાન કરે છે.

(અનુ. આઠમા પાને)

# વાહ વિકાસઃ છેલ્લા દશકામાં ભણતર કરતા પાન, તંબાકુ પાછળ વધુ ખર્ચાયા

## શહેરી વિસ્તારોમાં શિક્ષણ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઘટ્યું ૧.૧૨ ટકા ઘટયું



**અબતક, નવીદિલ્હી**

પાછલા ૧૦ વર્ષમાં પાન, તમાકુ અને અન્ય નશીલા પદાર્થોનો વપરાશ વધ્યો છે અને લોકો તેમની આવકનો મોટો હિસ્સો આવા કેફી પદાર્થ પર ખર્ચી રહ્યા છે. એક સર્વેમાં આ વાત સામે આવી છે. ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલ ઘરગથ્થુ વપરાશ ખર્ચ સર્વે ૨૦૨૨-૨૩માં બહાર આવ્યું છે કે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં કુલ ઘરના ખર્ચના હિસ્સા તરીકે પાન, તમાકુ અને નશા પરનો ખર્ચ વધ્યો છે.

ડેટા દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં આ વસ્તુઓ પરનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૩.૨૧ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૩.૭૯ ટકા થયો છે. તેવી જ રીતે, શહેરી વિસ્તારોમાં આનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૧.૬૧ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૨.૪૩ ટકા થયો હતો. શહેરી વિસ્તારોમાં શિક્ષણ પાછળ થતા ખર્ચનું પ્રમાણ ઘટ્યું તે આશ્ચર્યજનક છે.

જો આપણે શહેરી વિસ્તારોની વાત કરીએ તો શિક્ષણ પરનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૬.૯૦ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૫.૭૮ ટકા થયો છે. તે જ સમયે, ગ્રામીણ વિસ્તારોમાં આ ગુણોત્તર ૨૦૧૧-૧૨માં ૩.૪૯ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૩.૩૦ ટકા થયો છે. આ સર્વેક્ષણ ઓગસ્ટ ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૩ દરમિયાન ઘરેલુ વપરાશ ખર્ચ સર્વે (ઈઈઊજ) હેઠળ આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (ગજજઘ) દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે શહેરી વિસ્તારોમાં પીણાં અને પ્રોસેસ્ડ ફૂડ પરનો ખર્ચ ૨૦૧૧-૧૨માં ૮.૯૮ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૧૦.૬૪ ટકા થયો છે. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે


(અનુ. આઠમા પાને)

# સાઉથ કોરિયા, ચાઈના, તાઈવાનને ચીપમાં પાછળ રાખશે ગુજરાત

## ભારત આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે વિશ્વમાં સૌથી મોટો હિસ્સો ધરાવશે

**અબતક, નવીદિલ્હી**

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગના ઊંચા હિસ્સા સાથે વૈશ્વિક પ્લેટફોર્મમાં જોડાશે. તેમણે કહ્યું કે અનન્ય ડિઝાઈન ક્ષમતાઓ સાથે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે યુએસ ડોલર ૧૦ બિલિયન પ્રોત્સાહનનો સમાવેશ ઉત્પાદકોને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ (ફેબ્સ) અને માઈક્રોચિપ્સ માટેના એકમો સ્થાપવા આકર્ષવા માટે કરવામાં આવ્યો છે. આ પગલાથી પ્રદેશમાં તાઈવાન, દક્ષિણ કોરિયા અને ચીનનું વર્ચસ્વ ઘટશે.



અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત પાસે સારી રીતે ઘડવામાં આવેલી નીતિઓ છે જે ઉત્પાદકોને નવા સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા અને સેક્ટરમાં રોકાણ કરવા આકર્ષે છે. સેમિકન્ડક્ટર ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો આવશ્યક ભાગ છે અને તેનો ઉપયોગ ઓટોમોબાઈલથી લઈને કમ્પ્યુટર, મોબાઈલ ફોન અને વોશિંગ મશીન સુધીની દરેક વસ્તુમાં થાય છે.

ભારતમાં પહેલેથી જ રેનો-નિસાનથી લઈને હ્યુન્ડાઈ સુધીની ઓટોમોબાઈલ કંપનીઓની ફેક્ટરીઓ છે. ડેલ જેવા કોમ્પ્યુટર ઉત્પાદકો, એપલ જેવા સપ્લાયર્સ અને સેમસંગ જેવા ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો છે. સેમસંગ ટીવી, વોશિંગ મશીન અને રેફ્રિજરેટર્સ વગેરેનું ઉત્પાદન કરે છે. હવે ભારત સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં ઉંચો હિસ્સો મેળવવા ઈચ્છે છે. માઈક્રોન અને ટાટા સહિત ચાર કંપનીઓને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર દ્વારા ૭૬ હજાર કરોડ રૂપિયાના પ્રોત્સાહનનો ફાયદો થયો છે.

(અનુ. આઠમા પાને)

# આનંદો... એક વર્ષ સુધી ફુગાવો ૩ટકાની અંદર રહેશે

## કેન્દ્ર સરકાર દેશની અર્થ વ્યવસ્થાને ઝડપભેર વિકસીત કરવા સજજ

**અબતક, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર દેશની અર્થવ્યવસ્થાને ઝડપભેર વિકસિત કરવા અને પોતાના નિર્ધારિત લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે સતત ફુગાવવા અને અંકુશમાં રાખવા માટેના પ્રયત્નો હાથ ધરતી હોય છે એટલું જ નહીં રાજકોષીય ખાધ પણ અંકુશમાં રહે તે માટેના આયોજન હાલ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે દેશના પ્રકાર ધારાશાસ્ત્રી દ્વારા એ વાતની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે કે આગામી એક વર્ષ એટલે કે નાણાકીય વર્ષ ૨૦૨૫ સુધી દેશમાં ફુગાવવાનો દર ત્રણ ટકા આસપાસ રહેશે.

અર્થશાસ્ત્રીઓના મતે, ઇંધણ અને ખાદ્યપદાર્થો સિવાયના માલસામાન અને સેવાઓમાં ફુગાવો નજીકના ગાળામાં ૩%ની આસપાસ રહેવાની શક્યતા છે, જે નબળી ગ્રામીણ માંગ, હાઉસિંગ ફુગાવામાં મધ્યસ્થતા અને ઓછા ઈનપુટ ખર્ચના દબાણને કારણે છે.ગયા મહિને જાહેર કરાયેલા ડેટા અનુસાર, ભારતનો ફુગાવો જાન્યુઆરીમાં ઘટીને ૩.૫% ની નીચી સપાટીએ રહ્યો હતો, જે અગાઉના મહિનામાં ૩.૮% હતો. કોર ફુગાવો સળંગ બીજા મહિને ૪% ની નીચે રહ્યો, એકંદર ગ્રાહક ફુગાવો આંક ઘટીને ૫.૧% થયો. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા સુધી કોર ફુગાવો ૩%ની આસપાસ રહેવાની અને તે પછી વધવાનું શરૂ થવાની સંભાવના છે.

આઈ. ડી.એફ.સી ફર્સ્ટ બેંકના અર્થશાસ્ત્રી ગૌરા સેનગુપ્તાએ જણાવ્યું હતું કે, "સહાયક બેઝ-ઈફેક્ટને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં કોર કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફુગાવો ૩.૩% ની નીચે હળવો થવાની ધારણા છે અને પછી ધીમે ધીમે વધશે. ઈનપુટ ખર્ચના દબાણને હળવું કરવાથી કંપનીના નફાને ઓછો ટેકો મળે તેવી અપેક્ષા છે, તેથી અમે નાણાકીય વર્ષ ૨૦૨૫માં કોર ફુગાવામાં મોસમી હિલચાલ સાધારણ રહેવાની અપેક્ષા રાખીએ છીએ. ગયા અઠવાડિયે જારી કરાયેલ ઉત્પાદન પ્રવૃત્તિના ડેટા દર્શાવે છે કે ઈનપુટ ફુગાવો ૪૩ મહિનામાં સૌથી નીચા સ્તરે આવી ગયો છે, માત્ર ૮% ખાનગી સર્વેક્ષણ પેનલના સભ્યો ગ્રાહકોને ખર્ચ પસાર કરે છે.



ઈનપુટ પ્રાઈસ પ્રેશર અને કિંમતોને અંકુશમાં રાખવા માટે વધુ સ્પર્ધા ઉપરાંત, નબળી ગ્રામીણ માંગ મુખ્ય ફુગાવાને નિયંત્રણમાં રાખવાની અપેક્ષા છે. કોર ફુગાવામાં ઘટાડો આરબીઆઈની કડક નાણાકીય નીતિની અસર દર્શાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં ઘટાડો વધુ તીવ્ર બન્યો છે, જ્યાં જાન્યુઆરી ૨૦૨૪માં તે ૩.૬% હતો, જે ગ્રામીણ તકલીફનું પણ ઉદાહરણ છે. નબળી ગ્રામીણ માંગનો અર્થ એ થઈ શકે છે કે કોર સીપીઆઈ ૩% આસપાસ રહેશે. કેટલાક નિષ્ણાતોએ એવા સમયે કોર ફુગાવામાં ઘટાડા વિશે પણ ચેતવણી આપી છે જ્યારે અર્થતંત્ર

(અનુ. આઠમા પાને)

# મિસાઈલ અને હથિયાર ભરેલા પાકિસ્તાનના જહાજને મુંબઈના ન્હાવા શેવા પોર્ટ ઉપર સીઝ કરાયું

## કસ્ટમ અધિકારીઓએ સામાનની તપાસ કરી 'તિઃ સીઝ કરાયેલા મશીન મિસાઈલ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે તેવી શક્યતા

**અબતક, મુંબઈ**

ભારતીય સુરક્ષા દળોએ ચીનથી મુંબઈના ન્હાવા શેવા પોર્ટ પર પહોંચેલા જહાજને અટકાવ્યું હતું. એવી આશંકા છે કે જહાજમાં રહેલી સામગ્રીનો ઉપયોગ પાકિસ્તાનમાં મિસાઈલ બનાવવા માટે કરવામાં આવશે. જાસૂસોએ જહાજ વિશે કસ્ટમ અધિકારીઓને સૂચના આપી હતી. સીએમએ-સીજીએમ જહાજ ચીનથી પાકિસ્તાન જઈ રહ્યું હતું.



જહાજને અટકાવ્યા પછી, ભારતીય કસ્ટમ અધિકારીઓએ તેના પર લોડ થયેલા સામાનની તપાસ કરી હતી. જહાજમાં કમ્પ્યુટર ન્યુમેરિકલ કંટ્રોલ મશીનો હતા. ડીઆરડીઓની ટીમ દ્વારા બોર્ડ પરના સામાનનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું છે. એવી આશંકા છે કે આ મશીનનો ઉપયોગ પાકિસ્તાન મિસાઈલ બનાવવા માટે

(અનુ. આઠમા પાને)

## વિશ્વ સ્થૂળતા દિવસ

# વિશ્વમાં ૨૭૦ કરોડથી વધુ લોકો મેદસ્વીતાથી પીડાય છે

## ૧૯૪૮માં રોગોના છઠ્ઠા આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સ્થૂળતા ઉમેરવામાં આવી હોવા છતાં આજે સાત દાયકા પછી પણ વર્ગીકરણ સંપૂર્ણપણે સ્વીકારાયું નથી, જે સામાન્ય લોકોની ગેરસમજણને દર્શાવે છે

આજે વિશ્વ મેદસ્વીતા દિવસ છે. ગત વર્ષ લગભગ ૪૩ ટકા પુખ્તવયના લોકોનું વજન વધારે હતુ. આજે વિશ્વમાં દર આઠમાંથી એક વ્યકિત હવે સ્થૂળતા સાથે જીવે છેઃ ૨૦૨૨માં ઓછા વજન અને સ્થૂળતાના સૌથી વધુ સંયુકતોદરો ધરાવતા દેશો પેસિફિક અને કેરેબીયન અને મધ્ય પૂર્ણ અને ઉત્તર આફ્રિકાના ટાપુ હતા આજે બેઠાડુ જીવન સાથે બદલાયેલી જીવન શૈલી અને ખાન-પાનને કારણે આજે આ રોગે વિશ્વભરમાં કટોકટી ઉભી કરી છે. ૧૯૪૮માં રોગોના છઠ્ઠા આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં સ્થૂળતા ઉમેરવામાં આવી હતી પણ આજે સાત દાયકા પછી પણ આ વર્ગીકરણ સંપૂર્ણ પણે સ્વીકારાયું નથી. જે સામાન્ય લોકોની ગેરસમજ છે. આજે વિશ્વમાં ૨૭૦ કરોડ લોકો વધુ વજન વાળા કે મેદસ્વીની સમસ્યાથી પીડીત છે.

**પૃથ્વી પર વસતી આઠમાંથી ઓછામાં ઓછી એક વ્યકિત સ્થૂળતા સાથે જીવે છેઃ ગત વર્ષના આંકડા મુજબ આ રોગ સાથે જીવતા એક અબજ લોકો છેઃ આ એક જટિલ દીર્ઘકાલીન રોગ, જે એક કટોકટી બની છેઃ સ્થૂળતા ઘણા બિનસંચારી રોગો માટે જોખમ વધારે છે**

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

સ્થૂળતા નિવારણ અને વ્યવસ્થાપન માટે ડબલ્યુ.એસ.ઓ. નવુ માળખું ઉપલબ્ધ કરેલ છે. જે સાર્વત્રીક આરોગ્ય કવરેજ સાથે તમામવય જુથો માટે સ્થૂળતા નિવારણની સેવાઓને માર્ગદર્શીત કરે છે. સ્થૂળતાનો વૈશ્વિક બોજ એક મુખ્ય જાહેર આરોગ્ય પડકાર છે, જે સમગ્ર વિશ્વમાં સામાજીક અને આર્થિક વિકાસને નબળા પાડે છે. આ માળખુ પોષણ અને માદ્યય સુરક્ષા વિભાગ દ્વારા સંકલીત આરોગ્ય સેવા, ટ્રીટમેન્ટ સાથે બિનસંચારી રોગોમાં સહાયભૂત થાય છે. ગત વર્ષે વિશ્વમાં ૮માંથી એક વ્યકિત સ્થૂળતા સાથે જીવી રહ્યો હતો. ૧૯૯૦ પછી સતત બમણાથી વધુ ઝડપે આ સમસ્યા વકરતા હવે તો નાના બાળકો કિશોરોમાં પણ ચારગણી થઈ ગઈ છે. ગત વર્ષે ૫ વર્ષથી ઓછી વયના પોણા ચાર કરોડ બાળકોનું વજન વધારે હતુ,.

સ્થુળતા કે મેદસ્વીતા એ અતિશય ચરબીનાં વધારાના કારણે થતો દિર્ઘકાલીન રોગ છે. વધુ વજન અને સ્થૂળતાનું નિદાન લોકોના વજન અને ઉંચાઈને માપીને અને બોડીમાસ ઈન્ડેકસ બી.એમ.આઈ.ની વજન ઉંચાઈની ગણતરી કરીને કરવામાં આવે છે. આ પધ્ધતિ ચરબીનું સરોગેટ માર્કેટ છે. વધારે વજન તેના ૨૫ કરતા વધારે કે બરાબર ગણી શકાય, જયારે સ્થૂળતા ૩૦ કરતા વધારે કે બરોબર ગણી શકાય. ગત વર્ષે ૧૮ વર્ષથી વધુ વયના અઢી અબજ લોકો વધુ વજન ધરાવતા હતા. જેમાં ૯ કરોડ



પુખ્તવયના સાથે ૪૩ ટકામાં પુરૂષો અને સ્ત્રીઓનો સમાવેશ થયોહતો.

આ રોગની મુખ્ય સમસ્યામાં ઉર્જાના સોવન (ખોરાક) અને ઉર્જાના ખર્ચ શારિક પ્રવૃત્તિના અસંતુલનને કારણે પરિણામે છે. આગામી ૨૦૩૦માંઆ સમસ્યાનું વિકરાળ સ્વરૂપ આપણી સામે આવવાનું છે. જો એ પહેલા આપણે ચેતી જઈએજ સલામતી છે. સૌથી વધુ સમસ્યા નીચી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં સ્થૂળતાના દરમાં વધારો છે. સમસ્યાનું વૈશ્વિકીકરણ કરી રહ્યુ છે. જે એક સમયે માત્ર ઉચ્ચ આવક વાળા દેશો સાથે જ સંકળાયેલી હતી.

કોરોના આવ્યા બાદ છેલ્લા એક વર્ષમાં એક ગાળામાં મેદસ્વિતાના કેસોમાં બે ટકાનો વધારો જોવા મળેલ હતો. જેના કારણોમાં લોકડાઉનમાં તેની ફિઝીકલ એકિટવીટી ઓછી થઈ હતી. તો સામે આખો દિવસ ટીવી મોબાઈલ સામે રહેવાથી બાળકો મેદસ્વી થઈ ગયા હતા. હાઈકોલેસ્ટ્રોલ વાળા જંકફુડ પણ આ સમસ્યાનું મુખ કારણ ગણાય છે. લેન્સેટજર્નલની ૨૦૧૭૮ની સ્ટડીમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં ૫૦ ટકા મેદસ્વી બાળકો માત્ર એશિયાના છે.

બાળકોનાં આજના યુગના ખાન-પાનને કારણે તેમના આંતરડામાં ફેટ વધારે હોય છે. તો, બાળકોનાં હૃદય પર પ્રેશર પડે છે,જેને કારણે બાળકોમાં હાર્ટ એટેકનું જોખમ રહે છે. આ ઉપરાંત તેની વિપરીત અસરોમાં ડાયાબીટીસ થવાથી મગજ, કિડની, હાડકા અને લિવરની બીમારી થઈ શકે છે. વૈજ્ઞાનિક તારણ મુજબ આ સમસ્યાની કોઈતાત્કાલીક સારવાર થઈ શકતી નથી, અને તે એક પબ્લીક હેલ્થ ક્રાઈસીસ હોવાથી તેની વૈશ્વિક ચર્ચા થવી જરૂરી પ્રવર્તમાન સ્થિતિ જોવા બાળકોની મેદસ્વિતા એક મહામારી બની શકે છે.

વધુ પડતી મેદપેશી તથા આદર્શ વજન કરતાં ૨૦ ટકા વધુ વજનને કારણે ચયાપચયીની ક્રિયામાં વિષમતા ઉભી કરતું હોવાથી તેને જાડાપણું કે સ્થૂળતા પણ કહે છે. પેટ અને પડખાંમાં મેદનો ભરાવો, જાંઘ અને બેઠક વિસ્તારના મેદના ભરાવા કરતા વધુ નુકશાન કારણ છે. આજનો દિવસ વૈશ્વિક ક્રિયાઓને એકીકૃત કરવાનો દિવસ છે. આ વર્ષથી થીમ આધારીત વાર્તાલાપ કરીને સમુહ શકિતનો લાભ લેવો જોઈએ આજે વિશ્વમકાં યુનીસેફ, વિશ્વ આરોગ્ય સંસ્થા તથા વર્લ્ડ ઓબેસિટી ફેડરેશન વૈશ્વિકસ્તરે બાગડોર સંભાળી રહ્યા છે.

વાસ્તવિક દુનિયામાં લાગુ ઉકેલોને પ્રોત્સાહન આપીને વધતી જતી વૈશ્વિક સ્થૂળતા કટોકટક્ષનો સામનો કરવા ૨૦૨૦થી આ દિવસ ઉજવાય છે. જેનો મુખ્ય લોકોમાં જાગૃતિ સાથે આરોગ્યની સમજ કેળવવાનો છે. આ ઉજવણથી લોકોમાં વધુ વજન અને તેનાથી થતી ગૂંચવણોની જાગૃતિ વધે છે. આ દિવસની સ્થાપના ૧૧ મી ઓકટોબર ૨૦૧૫માં કરવામાં આવી હતી, અને ૨૦૧૯માં આજ તારીખે પ્રથમ દિવસ ઉજવણી કર્યા બાદ ૨૦૨૦થી આજના દિવસે ઉજવણી થાય છે.સ્થળતા અટકાવવા માટેની ટીપ્સ ફળો, શાકભાજી, તંદુરસ્ત ચરબી અને પ્રોટીનથી ભરપૂર ખોરાક લેવો.બિન આરોગ્યપ્રદ પીણા મર્યાદિત કરવા.બેઠાડું જીવન શૈલી, ટીવી સમય અને અન્ય બેસવાનો સમય મર્યાદિત કરવોબટાકા, મીઠાઈઓ, માંસ જેવા બિન આરોગ્યપ્રદ ખોરાકને માંદિત કરવા.

### સ્વસ્થ રહેવા માટેની ટીપ્સ

સ્વસ્થ રહેવા માટે સરી ટેવો અને જીવન શૈલી પસંદ કરો.
સંતુલિત આહાર, હાઈડ્રેટેડ રહેવું
નિયમિત કસરતને પૂરતી ઉંઘ કરો
તંદુરસ્ત વજન જાળવવું.
દારૂને મર્યાદીત કરો અને ધ્રુમપાન ટાળો
સારી સ્વચ્છતાનો અભ્યાસ કરવો અને બોડી માસ ઈન્ડેકસ જાળવી રાખવો.

### વિશ્વમાં ૨૦૩૫માં દર ચાર વ્યકિત પૈકી એક સ્થૂળતાનો શિકાર?

મેદસ્વીતાની ભયંકર બીમારી આગામી વર્ષોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરશે. આજના નાના બાળકોની આહાર પધ્ધતિ જંગફૂડને કારણે આગામી વર્ષોમાં ૧૦૦ ટકા વધારો જોવા મળશે ૨૦૩૫માં વિશ્વની દર ચાર વ્યકિત પૈકી એક સ્થૂળતાનો શિકાર હશે. આ રોગ સામે બાળકોને બચાવવા સૌથી જરૂરી હોવાથી મા-બાપે તેને પોષ્ટિક અને સંતુલીત ભોજન આપવું. જંકફૂડ અને સોફટ ડ્રિન્કથી તો દૂરજ રાખવા જરૂરી છે. બાળકોને નિયમિત ફિઝિકલ એકિટવિટી વધારો કરવો સૌથી અગત્યની બાબત છે. બાળકોને સમયસર સુવા અને ઉઠવા માટે પ્રેરિત કરો. અનાવશ્યક વસ્તુ અને ટેકનોલોજીથી દૂર રાખો.

## લોકસભા ચૂંટણી અંતર્ગત

# અમરેલીઃ રોકડ સહિતની વસ્તુઓ જપ્ત કરવા અને મુકત કરવા જિલ્લા ફરિયાદ નિવારણ કમિટીની રચના

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ની કામગીરીના ભાગરુપે ભારતીય ચૂંટણી પંચ અને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રકારની તૈયારીઓ શરુ છે. લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે જિલ્લા કક્ષાએ ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કામગીરીઓ માટે આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ચૂંટણી ખર્ચ દેખરેખ નિયંત્રણ અંગેની ભારતીય ચૂંટણી પંચની સૂચનાઓ-૨૦૨૪નો ભાગ-જી ના મુદ્દા નંબર ૭ થી રોકડ અને અન્ય વસ્તુઓ જપ્ત કરવા અને મુક્ત કરવા માટેની કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવી છે, જેના અંતર્ગત જિલ્લાકક્ષાએ ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે.

જિલ્લાકક્ષાએ ફરિયાદ નિવારણ સમિતિના અધ્યક્ષ તરીકે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર, કન્વીનર તરીકે ચૂંટણી ખર્ચના નોડલ ઓફિસર અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારી અને સભ્ય તરીકે અમરેલી જિલ્લા તિજોરી અધિકારી રહેશે. પોલીસ સ્ટેટિક સર્વેલન્સ ટીમ, ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા કરવામાં આવેલ જપ્તીના દરેક કેસની તપાસણી કરવી, જપ્તી કરવામાં આવેલા કેસમાં કમિટીને જણાય કે જપ્તી સામે એફ.આઈ.આર કે ફરિયાદ ફાઈલ કરવામાં આવી નથી અથવા તો જપ્તી, માનક સંચાલન કાર્યપદ્ધતિ અનુસાર કોઈ પણ ઉમેદવાર અથવા રાજકીય પક્ષ સાથે જોડાયેલ નથી ત્યારે તે બાબતનો વિગત દર્શક હુકમ કરીને જેમની પાસેથી રોકડ જપ્ત કરવામાં આવેલ હતી તેવી વ્યક્તિઓને રોકડ મુક્ત કરવાના હુકમ કરવા અંગે તાત્કાલિક પગલા લેશે અથવા જપ્તી અંગેનો નિર્ણય લેવાની કામગીરી આ કમિટી દ્વારા કરવામાં આવશે. રોકડ મુક્ત કરવાને લગતી તમામ માહિતી ખર્ચ દેખરેખ નિયંત્રણના નોડલ અધિકારીએ રોકડની જપ્તીની રકમ અને સંબંધિત વ્યક્તિઓને રોકડ મુક્ત કર્યા તારીખ સંબંધમાં વિગતો સહિત ક્રમવાર, તારીખવાર રજીસ્ટરમાં જાળવવાની કામગીરી કરવામાં આવશે. મુક્ત કરવામાં આવેલા રોકડ રકમ રુ. ૧૦ (દસ) લાખ કરતા વધુ હોય તો રોકડ મુક્ત કરતા પહેલા આવક વેરા અધિકારીના નોડલ અધિકારીને માહિતગાર કરવાના રહેશે. ચૂંટણીપંચને અહેવાલ મોકલવા માટે પંચની વેબસાઈટ પર દૈનિક પ્રવૃત્તિ અહેવાલ માટે ઉપલબ્ધ ઈ.ઈ.એમ.એસ સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે, તેમ અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરની એક યાદીમાં જણાવ્યુ છે.

## રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૩ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૩૨૦ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| તરબુચ | ૧૬ | ૨૩૦ | ૪૨૦ |
| બટેટા | ૪૪૦૦ | ૧૭૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૫૩૦ | ૯૦ | ૨૮૦ |
| ટમેટા | ૧૧૬૫ | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૬૫ | ૯૫૦ | ૧૨૩૦ |
| કોથમરી | ૨૪૩ | ૧૫૦ | ૩૦૦ |
| સકરીયા | ૯૦ | ૨૫૦ | ૪૫૦ |
| મુળા | ૧૭૫ | ૧૫૦ | ૩૨૦ |
| રીંગણા | ૪૧૫ | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૪૦ | ૧૬૦ | ૨૨૦ |
| ફલાવર | ૪૩૭ | ૨૫૦ | ૪૫૦ |
| ભીંડો | ૨૯૦ | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૨૮૦ | ૯૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૨૫ | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૨૧૦ | ૨૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૧૭૪ | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૪૧૫ | ૨૦૦ | ૩૮૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૨૮ | ૪૫૦ | ૭૫૦ |
| તુરીયા | ૩૨૦ | ૬૦૦ | ૯૦૦ |
| પરવર | ૧૪૩ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૨૫૩ | ૨૫૦ | ૫૦૦ |
| ગાજર | ૫૭૫ | ૧૬૦ | ૩૩૦ |
| વટાણા | ૨૧૦ | ૬૫૦ | ૮૭૦ |
| તુવેરસીંગ | ૧૭૦ | ૩૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૩૪ | ૪૫૦ | ૬૮૦ |
| બીટ | ૧૪૫ | ૨૨૦ | ૩૧૦ |
| મેથી | ૩૧૦ | ૧૫૦ | ૨૫૦ |
| વાલ | ૧૨૪ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૫ | ૧૫૦ | ૩૫૦ |
| આદુ | ૩૦૭ | ૧૪૫૦ | ૧૮૩૦ |
| ચણા લીલા | ૨૬૪ | ૧૮૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૩૧૩ | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૩૯ | ૫૫૦ | ૯૫૦ |
| લસણ લીલું | ૨૩૨ | ૧૫૦૦ | ૨૧૫૦ |
| મકાઈ લીલી | ૩૪૦ | ૧૮૦ | ૩૪૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૦૦૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૬૫૦ | ૪૭૮ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૩૪૫૦ | ૪૯૬ | ૫૯૫ |
| જુવાર સફેદ | ૧૯૦ | ૭૮૦ | ૮૭૧ |
| બાજરી | ૧૪ | ૩૮૦ | ૪૧૫ |
| તુવેર | ૪૫૦ | ૧૬૭૫ | ૨૦૫૦ |
| ચણા પીળા | ૦ | ૯૫૦ | ૧૧૪૯ |
| ચણા સફેદ | ૦ | ૧૬૦૦ | ૨૩૬૦ |
| અડદ | ૫૫ | ૧૩૭૫ | ૧૭૪૦ |
| મગ | ૫૦ | ૧૪૦૦ | ૧૬૮૧ |
| વાલ દેશી | ૭૦ | ૯૦૦ | ૧૭૪૭ |
| મઠ | ૧૦ | ૯૫૬ | ૧૨૪૦ |
| વટાણા | ૧૬૦ | ૯૧૦ | ૧૩૬૦ |
| સીંગદાણા | ૨૫ | ૧૫૭૫ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ | ૧૨૯૫ |
| મગફળી જીણી | ૫૦૦ | ૧૦૪૦ | ૧૨૬૫ |
| તલી | ૩૫૦ | ૨૪૨૫ | ૨૭૫૦ |
| એરંડા | ૧૮૦ | ૧૧૦૦ | ૧૧૩૫ |
| અજમો | ૨ | ૩૫૭૪ | ૩૫૭૪ |
| સોયાબીન | ૧૨૫ | ૮૫૦ | ૮૭૪ |
| સીંગફાડા | ૪૫૦ | ૧૧૭૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૫૦ | ૨૮૦૦ | ૩૦૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૫૦૦ | ૨૭૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૧૧૬૦ | ૧૮૪૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૧૨૦૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૧૨૮૦ | ૨૨૬૦ |
| વરીયાળી | ૮ | ૧૫૯૯ | ૨૨૫૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૨૦૦ | ૫૧૦૦ |
| રાય | ૨૫૦ | ૧૧૧૦ | ૧૨૯૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૧૫૦ | ૧૪૯૪ |
| અશેરીયો | ૧૨ | ૧૯૦૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૩ | ૨૮૦૦ | ૩૪૫૦ |
| રાયડો | ૫૦૦ | ૮૫૦ | ૯૪૦ |
| ગુવારનું બી | ૩૦ | ૯૬૦ | ૯૬૦ |

### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૩-૨૦૨૪ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચાર ફેરાનું ચકડોર)
૦૨:૦૦ થી ૦૨:૩૦ સમાચાર
૦૨:૩૦ થી ૦૩:૩૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ રસથાળ (બિરબલ કી સબજી)
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કાલરીયા )
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (તુલસી સ્ટોરી )
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (હવેતો લીલા લેર છે)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ચાય પે ચર્ચા (બાયો મીડીકલ વેસ્ટ કેટલો જોખમી)
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૫-૦૩-૨૦૨૪ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૦:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

### સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | ૨ | ૬ | ૮ | ૩ |
| | ૮ | ૨ | | | ૬ | ૯ | | |
| | ૧ | | | | | ૫ | | ૨ |
| ૭ | | | | | | | | |
| ૨ | ૬ | ૮ | | ૯ | ૪ | | | |
| | | | ૬ | | | | | |
| ૪ | | ૯ | ૮ | ૧ | | ૭ | ૩ | ૬ |
| | | | | | | ૮ | ૨ | ૯ |
| | | | ૭ | ૨ | ૯ | | ૫ | ૧ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૭ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૪ | ૮ | ૭ | ૫ | ૩ |
| ૪ | ૫ | ૭ | ૩ | ૨ | ૬ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૮ | ૨ | ૯ | ૭ | ૫ | ૩ | ૬ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૨ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ | ૧ | ૫ |
| ૭ | ૨ | ૧ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ | ૮ |
| ૬ | ૩ | ૫ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૨ | ૬ | ૩ | ૧ |

### અબતક પંચાગ

**તા.૫-૩-૨૦૨૪ મંગળવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૦ **શાલીવાહન શકિઃ** ૧૯૪૫ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૪ |
| **તિથી** | મહાવદ નોમ |
| **નશ્રત્ર** | મૂળ |
| **યોગ** | સિધ્ધ **કરણઃ** વણિજ |
| **સુર્યોદય** | ૭.૦૫ **સુર્યાસ્તઃ** ૬.૫૨ |
| **ચંદ્ર રાશી** | ધન |
| **રાશિ અક્ષર** | ભ.ફ.ધ |
| **દિશાશૂળ** | ઉત્તર દિશાતરફ |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૩૬ થી ૧.૨૨ |

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

### આજનું રાશિફળ

**તા. ૪.૩.૨૦૨૪ સોમવાર ,સંવંત ૨૦૮૦, મહા વદ આઠમ, જ્યેષ્ઠા નક્ષત્ર, વજ્ર યોગ, તૈતિલ કરણ આજે સાંજે ૪.૨૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.**



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન .

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે,મતભેદ નિવારી શકો,વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ):** નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મન થી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ):** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ ) :** મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ):** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ ,નોકરિયાતવર્ગ ને સારું રહે,ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

તંત્રી લેખ

# આપણું સ્વાસ્થ્ય રાષ્ટ્રની પણ સંપત્તિ

આપણું સ્વાસ્થ્ય માત્ર આપણી જ મિલકત નથી. રાષ્ટ્રની સંપત્તિ છે. કારણકે લોકોની માંદગી રાષ્ટ્રની આરોગ્ય સેવાનો વપરાશ કરે છે. આ ઉપરાંત માંદગી કામને પણ અસર કરે છે. એટલે જ ઘણા દેશો આ મામલે કડક વલણ ધરાવે છે. પણ ભારતમાં હજુ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા ઓછી છે.

ભારતમાં સ્થૂળતા એક મોટી બીમારી તરીકે ઉભરી રહી છે. ૨૦૨૨માં પાંચથી ૧૯ વર્ષની વયના અંદાજે ૧.૨૫ કરોડ બાળકો અને કિશોરો સ્થૂળતાનો શિકાર બન્યા હતા. 'ધ લેન્સેટ' મેગેઝિનમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. અભ્યાસમાં સામે આવ્યું છે કે આ ૧.૨૫ કરોડ લોકોમાં ૭૩ લાખ છોકરાઓ અને ૫૨ લાખ છોકરીઓનો સમાવેશ થાય છે.

વિશ્વભરમાં મેદસ્વી બાળકો, કિશોરો અને પુખ્ત વયના લોકોની કુલ સંખ્યા એક અબજને વટાવી ગઈ છે. નોન-કમ્યુનિકેબલ ડિસીઝ રિસ્ક ફેક્ટર્સ કોલાબોરેશન અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વૈશ્વિક ડેટાના વિશ્લેષણ મુજબ, વિશ્વભરમાં બાળકો અને કિશોરોમાં સ્થૂળતાનો દર ૧૯૯૦ના દર કરતાં ચાર ગણો થવાનો અંદાજ છે. ૧૯૯૦ના દાયકાથી, મોટાભાગના દેશોમાં સ્થૂળતા કુપોષણનું સૌથી સામાન્ય સ્વરૂપ બની ગયું છે.

બ્રિટનની 'ઈમ્પિરિયલ કોલેજ લંડન'ના પ્રોફેસર માજિદ એઝાતીએ કહ્યું, ''તે ખૂબ જ ચિંતાજનક છે કે સ્થૂળતાની મહામારી, જે ૧૯૯૦ના દાયકામાં વિશ્વના મોટા ભાગના પુખ્ત વયના લોકોમાં દેખાતી હતી, તે હવે શાળાએ જતા બાળકો અને કિશોરોમાં પણ દેખાઈ રહી છે.'' વધુમાં, લાખો લોકો હજુ પણ કુપોષણથી પીડાય છે, ખાસ કરીને વિશ્વના કેટલાક ગરીબ ભાગોમાં. કુપોષણના બંને સ્વરૂપોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે, એ મહત્વનું છે કે આપણે સ્વસ્થ અને પૌષ્ટિક ખોરાકની ઉપલબ્ધતા વધારીએ અને તેને પોષણક્ષમ બનાવીએ.''

દેશમાં સ્ત્રી પુખ્ત વયના લોકોમાં સ્થૂળતા દર ૧૯૯૦માં ૧.૨% થી વધીને ૨૦૨૨ માં ૯.૮% થવાની ધારણા છે અને પુરુષ પુખ્ત વયના લોકોમાં સ્થૂળતા દર ૦.૫% થી વધીને ૫.૪% થવાની ધારણા છે. વર્ષ ૨૦૨૨માં અંદાજે ૪ કરોડ ૪૦ લાખ મહિલાઓ અને ૨ કરોડ ૬૦ લાખ પુરૂષો સ્થૂળતાનો શિકાર બન્યા હતા. પુખ્ત સ્ત્રીઓમાં સ્થૂળતા દર બમણા કરતાં વધુ અને પુખ્ત પુરુષોમાં લગભગ ત્રણ ગણો. અભ્યાસ મુજબ, ૨૦૨૨ માં, ૧૫ કરોડ ૯૦ લાખ બાળકો અને કિશોરો અને ૮૭ કરોડ ૯૦ લાખ પુખ્ત વયના લોકો સ્થૂળતાની સમસ્યા સાથે સંઘર્ષ કરશે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૧૯૯૦ અને ૨૦૨૨ ની વચ્ચે છોકરીઓ અને છોકરાઓમાં વૈશ્વિક સ્તરે સ્થૂળતા દર ચાર ગણાથી વધુ છે અને આ વલણ લગભગ તમામ દેશોમાં જોવા મળ્યું હતું. સંશોધકોએ અહેવાલ આપ્યો છે કે ઓછું વજન ધરાવતી છોકરીઓનું પ્રમાણ ૧૯૯૦માં ૧૦.૩ ટકાથી ઘટીને ૨૦૨૨માં ૮.૨ ટકા થયું હતું અને છોકરાઓનું પ્રમાણ ૧૬.૭ ટકાથી ઘટીને ૧૦.૮ ટકા થયું હતું. છોકરીઓમાં ઓછા વજનના દરમાં ઘટાડો ૪૪ દેશોમાં જોવા મળ્યો હતો, જ્યારે છોકરાઓમાં આ ઘટાડો ૮૦ દેશોમાં જોવા મળ્યો હતો.

### ભારતમાં પેટ્રોલ અને સોના પછી ત્રીજી સૌથી વધુ આયાત ખાદ્ય તેલની

# તિરૂપતિ ઓઈલનું ટર્નઓવર રૂ.૧૦ હજાર કરોડે લઈ જવાનો લક્ષ્યાંક

## એન.કે. પ્રોટીન્સ દ્વારા ડીલર મિટ યોજાઈઃ કંપનીના ચેરમેન-એમ.ડી. નિમિશ પટેલ તથા જોઈન્ટ એમ.ડી. પ્રિયમ પટેલની ઉપસ્થિતિ



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતક રાજકોટ

ભારતમાં કપાસીયા તેલમાં નં.૧ બ્રાન્ડ તિરુપતિ ઓઈલનું વાર્ષિક ટર્નઓવર જે હાલ ૬૦૦૦ કરોડ છે તેને ૧૦,૦૦૦ કરોડ સુધી લઈ જવાનો લક્ષ્યાંક એન.કે. પ્રોટીન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રાખવામાં આવ્યો છે. ગ્રાહકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખાદ્યતેલ પૂરું પાડવાની ઉદ્દેશ સાથે કંપની દ્વારા ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. તેમ આજે રાજકોટ ખાતે ડીલર્સ મીટ બાદ પત્રકાર પરિષદને સંબોધતા એન.કે. પ્રોટીન્સ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર નિમિશ પટેલ તથા જોઈન્ટ એમ.ડી.પ્રિયમ પટેલ જણાવ્યું હતું. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે, વર્ષ ૧૯૮૪માં અમે ભારતમાં કપાસિયા તેલનું ઉત્પાદન શરૂ કરનાર પ્રથમ કંપની હતી. આજે માત્ર ગુજરાત કે ભારત જ નહીં અમે વિશ્વમાં કપાસિયા તેલના ઉત્પાદનમાં નંબર વન કંપની છીએ. સમયાંતરે કંપની દ્વારા ડીલર્સ મીટનું આયોજન કરવામાં આવે છે. રાજકોટ ખાતે ડીલર્સ મીટ યોજાઈ હતી. જેમાં ૧૨૫ ડિલર્સ ઉપસ્થિત રહ્યા હતા.તેઓની સાથે ખાદ્યતેલના ઉદ્યોગમાં નવા ટ્રેન્ડ્સ અને તકો વિશે અર્થસભર ચર્ચા કરવામાં આવી હતી. ગ્રાહકોની બદલાતી પસંદગીને અનુરૂપ પ્રોડક્ટ ઈનોવેશનને પ્રોત્સાહન આપવા જેવા વિષયોને પણ આવરી લેવામાં આવ્યા હતા.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે પેટ્રોલ અને સોના બાદ ખાદ્યતેલ ત્રીજી એવી વસ્તુ છે જે ભારતમાં સૌથી વધુ આયાત કરવામાં આવે છે.દેશમાં કુલ વપરાશનું ૭૦ ટકા ખાદ્યતેલ આયાત કરવું પડે છે. જેમાં સૌથી વધુ પામતેલ છે. હાલ કંપનીનું વાર્ષિક ટર્નઓવર ૬૦૦૦ કરોડ છે. જે વધારીને ૧૦,૦૦૦ કરોડ સુધી લઈ જવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે.સૌરાષ્ટ્રમાં કંપનીનું વેચાણ કુલ ટર્ન ઓવરનાં ૧૫ થી ૨૦ ટકા જેટલું જ છે જેને વધારવા માટે ડીલર્સ મીટમાં વિસ્તૃત ચર્ચા અને આયોજન કરવામાં આવ્યું હતું.કંપની દ્વારા સતત ગ્રાહકોના આરોગ્ય અને સુરક્ષા પ્રત્યે ધ્યાન આપવામાં આવી રહ્યું છે.તેલના પેકિંગ માટે રિસાયકલ કરેલા ટીનના ગેરકાનૂની ઉપયોગ અટકાવવા માટે પણ કામગીરી કરવી જોઈએ તેઓ વિચાર ડીલર્સ મીટમાં મૂકવામાં આવ્યો હતો.

એન.કે. પ્રોટીન્સ પ્રાઈવેટ લિમિટેડ ગ્રાહક સશક્તિકરણને બળ આપતા પ્રીમિયમ ગુણવત્તા યુક્ત ખાદ્યતેલ ડિલિવર કરવાના તેના મિશન પર અડગ છે. કંપની ઉદ્યોગના ઉજ્જવળ ભવિષ્યને દિશા આપવા માટે ડીલર અને હિતધારકો સાથે પ્રયાસ કરી રહી છે.

ડીલર્સ મીટમાં એન.કે પ્રોટીન્સ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન અને એમડી નિમિશ પટેલ જોઈન્ટ એમડી પ્રિયમ પટેલ ઉપરાંત ડિરેક્ટરકમલેશ પટેલ, દર્શન પટેલ અને ડો. સ્વાતિ મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદર તા.પં.ના કામમાં કૌભાંડની શંકાઃ પેમેન્ટ અટકાવવાની અરજી

## મોટી મોણપરી, બરડીયા, હરિપુર, લીમધા, ખાંભાના રોડના કામોની તપાસની માંગ

અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર




વિસાવદર તાલુકા પંચાયતના તત્કાલીન શુકાનીઓ સામે વિસાવદરના મુકેશભાઈ રીબડીયાએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી તેમના દ્વારા કરવામાં આવેલ કામોની તપાસ કરવા અને એસ્ટીમેન્ટ મુજબના કામો ન થયેલ હોય તેમજ જે જગ્યાના કામો જે રીતે મંજુર થયેલ હોય તે રીતે અને તે જગ્યાએ થયેલ ન હોય આવા કામોની પૂરતી તપાસ કરવા અને કરેલ કામોની ગુણવત્તા ચકાસી કોલેટી કન્ટ્રોલમાં સેમ્પલો અમારી હાજરીમાં કલેકટ કરી તેનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરાવવા અને તે દરમિયાન આવા કામોનું પેમેન્ટ નહિ કરવા લેખિત રજુઆત કરતા ખળભળાટ મચી ગયેલ છે. આ અંગેની વિગતો મુજબ અગાઉ ના શાસનકાળ દરમ્યાન પોતે હોદા ઉપર હોય પંચાયત ના કોઈ કામો કરી આર્થિક લાભ લઈ શકાય નહીં એમ છતાં આર્થિક લાભ લીધેલો હોવાની અરજીમાં રજુઆત કરાઈ છે. જેમાં મોટી મોણપરી, બરડીયા, હરિપુર, લીમધા, ખાભા, પિયાવા સહિતના ગામોમાં સી.સી. રોડના તથા પેવર બ્લોકના કામોમાં તપાસની માંગણી કરવામાં આવેલ હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે

# વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા રાશનકીટનું કરાયું વિતરણ

અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર



વિસાવદર જાણીતી સેવાભાવી સંસ્થા ગણપતિ ઉત્સવ સમિતિ દ્વારા મોટાકોટડા ગામના સ્વ. પ્રવીણભાઈ કલ્યાણજીભાઈ કાનગડ ના આત્માના કલ્યાણ અર્થે તેમના ભાઈ કાનજીભાઈ કાનગડ (કે.કે.બિલ્ડર)તરફથી આપવામાં આવેલી ગરીબ અને જરૂરિયાત વાળા આર્થીક પછાત વિસ્તારમાં આપવા માટે રાશનકીટ તૈયાર કરી જુદા જુદા વિસ્તારમાં વિતરણ કરવામાં આવેલ હતું આ રાશનકીટ વિતરણમાં ગણપતિ ઉત્સવ સમિતિ પ્રમુખ સુરેશભાઈ સાદરાણી, એડવોકેટ નયનભાઈ જોશી, પત્રકાર સી.વી.જોશી, તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટી,પત્રકાર ઉમેશભાઈ ગેડિયા શહેરના હનુમાન પરા વિસ્તારમાં આ કિટનું વિતરણ કરવામાં આવેલ હતું.

# સોમનાથથી પાટણ સુધીના રસ્તાનું નિરિક્ષણ કરતા ધારાસભ્ય વિમલ ચુડાસમા

## દુકાનદારો અને ફેરીયાઓના ધંધા રોજગારના પ્રશ્નોને હલ કરાશે

અબતક, જયેશ પરમાર, સોમનાથ



સોમનાથ વિધાનસભા ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાને વિધાનસભા ખાતે ફોન-મોબાઈલથી પ્રભાસ પાટણના પ્રજાજનોની મુશ્કેલીની વિગત જાણ કરવામાં આવતાં તેઓ વિધાનસભા સત્ર પુરુ થતાં જ તરત જ સીધા સોમનાથ પ્રભાસ પાટણ પહોચ્યા જયાં તેમણે સોમનાથ ટ્રસ્ટે સોમનાથ મંદિર પાસેથી પસાર થતો દિવાલ ચણી બંધ કરેલ છે. તે પગપાળા બન્ને સાઈડ જોઈ નિરીક્ષણ કર્યુ અને ટ્રસ્ટનું આ પગલું ખોટું છે જેથી તેનો ફરી વિચાર કરી આ રસ્તો ખોલવા વિનંતી અને આગ્રહ કરેલ.

આ પ્રસંગે ધંધો રોજગાર બેકાર થયેલા દુકાનદારો, ફેરીયાઓ અને પાથરણાવાળાઓ તેમની સાથે રહ્યા હતા અને પોતાની વીતક કથા તેમને જણાવી હતી.

સોમનાથ ખાતે વિમલભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, સોમનાથ ટ્રસ્ટે ગામ અને સોમનાથ મંદિર અને ત્રિવેણી જવાના જે રસ્તાને બંધ કરેલ છે તે વરસો જુનો છે અને તેના વિકલ્પમાં અપાયેલ રસ્તો ખુબ જ સાંકડો છે.

મારું આ અંગેનું પ્રથમ કાર્ય હું સોમનાથ ટ્રસ્ટના અધિકારીઓને રુબરુ મળીશ અને પ્રજાને કોઈપણ હેરાનગતિ ન થાય તે માટે મળીશ અને આમ છતાંયે કોઈ ઉકેલ નહી આવે તો ગામના ભાઈઓ-બહેનો આગેવાનો સહિત બધાયને મળીશ અને મીટીંગ કર્યા બાદ પ્રજા માટે ઉપવાસ અને આંદોલન પણ કરવા મારી તૈયારી છે. પણ સાથો સાથ લોકોની મંજુરી અને સાથ પણ જોઈશે.

તેઓએ રામ મંદિર રોડની પણ મુલાકાત લીધી હતી અને ત્યાંના ફેરીયાઓ પાસેથી જાણવા મળ્યું કે અહીં ધંધા પાણી ચાલતાં જ નથી મેં પણ જોયું કે અહીં ધંધો થઈ શકે તેવી સ્થિતિ જ નથી. પ્રજાની આ હેરાનગતિ દુર કરવા પ્રજાવતી અને પ્રજાના ધારાસભ્ય તરીકે અત્યારે જ સોમનાથ ટ્રસ્ટ સાથે વાત કરીશ અને પ્રજાની મુશ્કેલીઓ દુર કરવામાં હું પ્રજાની સાથે જ છું અને રહીશ અને પ્રશ્નનું નિરાકરણ લાવીને જ ઝંપીશ.

# વિસાવદરના ભલગામે પાણી મચ્છરજન્ય રોગો અટકાવવા ફોગિંગ

અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર



વિસાવદર તાલુકાના ભલગામ ગામે ગ્રામજનોની આરોગ્યની ચિંતા કરતા ગામના સરપંચ જ્યોત્સનાબેન ગીરીશભાઈ ગોધાણી દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સાથે સંકલન કરી તાલુકા હેલ્થ અધિકારી ડો. ભેસાણીયાની હાજરીમાં રાખોલિયા, ગોંડલિયા સાથે સહ કર્મચારી દ્વારા ગામમાં ચિકન ગુનિયાના અને ડેંગ્યૂના શંકાસ્પદ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારી ગોંડલિયા ત્થા ટીમ દ્વારા સર્વે કરી સરપંચશ્રીને જાણ કરતા સરપંચ જ્યોત્સનાબેન ગીરીશભાઈ ગોધાણી દ્વારા આરોગ્યના કર્મચારીઓ સાથે વાત કરી ગામમાં ચિકન ગુનિયાના અને ડેંગ્યૂના શંકાસ્પદ વિસ્તારમાં ઘરે ઘર જઈ ૧૫૦ થી વધુ ઘરોમાં ફોગિંગ કરી સાથો સાથ ભલગામ ગામમાં ચાલતી પ્રાઈવેટ તેમજ સરકારી સ્કૂલો અને આંગણવાડી કેન્દ્રોમાં પણ ફોગિંગ કરાવવામાં આવ્યું આ સમગ્ર આયોજન પીએસચીના કર્મચારીશ્રી રાખોલીયાની દેખરેખ અને ગોંડલિયાની ટીમ વર્કથી કરવામાં આવ્યું.

# લોધિકા તાલુકાના ભાજપ કાર્યકરો દ્વારા જનસંપર્ક અભિયાન



અબતક, બી.એમ. ગોસાઈ, લોધિકા

ખીરસરા ભારતીય જનતા પાર્ટી ના રાજકોટ જીલ્લા યુવા ભાજપ ઉપ પ્રમુખ જયેશભાઈ સાગઠીયા ખીરસરા સરપંચ મુકેશભાઈ મકવાણા લોધીકા બંક્ષીપંચ મોરચા ઉપ પ્રમુખ મચ્છાભાઈ લાંબરીયા કોષાધ્યક્ષ વિશાલ વાગડીયા તથા કાર્યકરો એ તમામ બુથ ઉપર જય લાભાર્થીઓનો સંપર્ક કરી પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની પ્રજાલક્ષી યોજનો લાભ લિધેલ સંપર્ક કરો લાભાર્થીઓને પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો પત્ર આપી સ્ટીકર લગાવેલ.

# ધ્રાંગધ્રા જેલ ખાતે હેલ્પ ચેકઅપ કેમ્પમાં ૧૦૦થી વધુ કેદીઓની કરાઈ ચપાસણી

અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા



રાજ્યમાં મિશ્ર હવામાનની અસર સુરેન્દ્રનગર જિલ્લામાં વધુ જોવા મળી છે ત્યારે સુરેન્દ્રનગરનાં ધ્રાંગધ્રા શહેરમાં તાવ, શરદી, ઉધરસનાં વાયરા ફાટી નીકળ્યા છે જેની સામે ધ્રાંગધ્રા સબ જેલના કાચા કામના કેદીઓની આરોગ્યલક્ષી તપાસણી કરવામાં આવી હતી. સબ જેલના બંદી વાન ભાઈઓ માટે ધ્રાંગધ્રા રાજ રાઈસિંહજી સિવિલ હોસ્પિટલના ટીબી વિભાગ અને અર્બન હેલ્થ ધ્રાંગધ્રા દ્વારા મેડિકલ હેલ્થ ચેક અપ નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. અંદાજિત ૧૦૦ થી વધુ કેદીઓની આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી હતી જેમાં વાઈરલ ઈન્ફેક્શન, શરદી અને તાવ માટે મેડિકલ કેમ્પમાં જ ઈલાજ કરી દવાઓ આપવામાં આવી હતી તેમજ ગંભીર લાગતી બીમારીઓ માટે ટીબી, હેપેટાઈટીસ બી અને હેપેટાઈટીસ સી તેમજ સિફીલીસ સબન્ધીત ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આ તકે ધ્રાંગધ્રા સબ જેલના જેલર, કોન્સ્ટેબલ અને ધ્રાંગધ્રા સિવિલ હોસ્પિટલનાં સ્ટાફ દ્વારા સુંદર વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

# જન્મથી બહેરાશ ધરાવતા બાળકો માટે કોકિલયર ઈમ્પ્લાન્ટ આશિર્વાદરૂપ

## 'વર્લ્ડ હિયરિંગ ડે' નિમિતે યોજાયો 'સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત' અદભૂત કાર્યક્રમઃ સાંભળવાની શકિત મેળવનાર બાળકો રહ્યા ઉપસ્થિત




તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતક, રાજકોટ

દર વર્ષે ૩ માર્ચના રોજ વર્લ્ડ હિયરિંગ ડે તરીકે મનાવાય છે, હિયરિંગ લોસ ઉકેલ માટે કોક્લિયર ઈમ્પ્લાન્ટ એક વરદાન છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરાવીને સાંભળવાની શકિત મેળવનાર ૨૦૦ જેટલાં બાળકો માટે સાંભળશે ગુજરાત, બોલશે ગુજરાત'' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ડો. અર્જુનસિંહ રાણા, ડો. નીરજ સુરી દિલીપભાઈ દેશમુખ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ ચેતેશ્વર પૂજારા સહીત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

બીસીસીઆઈના પૂર્વ સેક્રેટરી નિરંજન શાહે જણાવ્યું હતું કે, 'અમે માનીએ છીએ કે દરેક વ્યક્તિ શ્રવણની ભેટનો આનંદ માણવાની અને સંપૂર્ણ જીવન જીવવાની તકને પાત્ર છે. આ પ્રકારના કાર્યક્રમ દ્વારા વ્યકિતઓને વધુ સારી રીતે સાંભળવાની તંદુરસ્તી તરફ સક્રિય પગલાં ભરવા અને સાંભળવાની ખોટ ધરાવતા લોકો માટે વધુ સમાવિષ્ટ અને સહાયક વાતાવરણ બનાવવા માટે પ્રેરણા આપવાની આશા મળી રહે છે.

ડો. નીરજ સુરી જણાવ્યું હતું કે, ''ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સાંભળી ના શકતા લોકો માટે આશાના કિરણ તરીકે ઉભરી આવી છે, જેણે સાંભળવાની ક્ષતિ ધરાવતા બાળકોના દર્દીઓમાં ૨૨૦૦થી વધુ કોકિલયર ઈમ્પ્લાન્ટના કેસ કર્યા છે. આ સિદ્ધિ અસંખ્ય વ્યક્તિઓ માટે શ્રવણની ભેટ પુનઃસ્થાપિત કરવા અને જીવનની ગુણવત્તા વધારવાની અમારી પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે ઊભી છે. ભારતમાં સાંભળવાની ક્ષતિ એ એક પ્રચલિત ચિંતા છે,

સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.અર્જુનસિંહ રાણાએ જણાવ્યું ''દુનિયામાં ઘણા બધા લોકો હજી પણ આ સારવાર લીધા વગર આ રોગથી પીડાતા જોવા મળી રહ્યા છે. જેઓને સમયસર સારવારની જરૂર છે. સમયસર લીધેલ સારવાર તેમની આખી જિંદગી બચાવી શકે છે. જીવનકાળ દરમિયાન સુનાવણીના નુકસાનને રોકવા અને તેને દૂર કરવા સમયસર પગલાં લેવાની જરૂર છે.

જન્મેલા દર ૧૦૦૦ બાળકોમાંથી ૪ બાળકોને સાંભળવાની તીવ્ર ખોટ હોય છે, જેને અદ્યતન શસ્ત્રક્રિયાની જરૂર પડે છે જેને કોકલીયર ઈમ્પ્લાન્ટેશન કહેવામાં આવે છે.

સાભળશે ગુજરાત. બોલશે ગુજરાત કાર્યક્રમમાં ઉપસ્થિત બાળકોએ વિવિધ વિષયો પર સ્પીચ પણ આપી હતી.

### મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિતે

# ધોરાજીમાં બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય દ્વારા યોજાઈ શિવરેલી



અબતક, ભોલાભાઈ સોલંકી, ધોરાજી

ધોરાજીના પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા શિવરાત્રીના તહેવાર નીમીતે શુક્રવારે શિવ ધ્વજારોહણ સવારે ૯ કલાકે અને શિવ મહાઆરતી સવારે ૯.૩૦ કલાકે તેમજ બાર જયોતિલીંગમ દર્શન સવારે ૯ થી રાત્રે ૯ સુધી અને સાંજે ૮ કલાકે મહા આરતી યોજાશે. અને રવિવારે સાંજે ૪ કલાકે મહીલા સ્નેહ મિલન યોજાશુ જે પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વરીપ વિદ્યાલય શિવ વરદાની સુધરાય કોલોની સ્ટેશન રોડ ધોરાજી ખાતે રાખવામાં આવેલ હતું.

# મહારાજા શ્રી લખધિરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટની વાર્ષિક બજેટ બેઠક મળી

## રફાળેશ્વર મહાદેવ મંદિર ખાતે વિવિધ પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરાઇ



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મહારાજા શ્રી લખધિરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટ સંચાલિત શ્રી રફાળેશ્વર મહાદેવ મંદિર ચાલે છે. જેની વાર્ષિક બજેટ માટે મિટિંગ મહારાજા લખધિરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટની ઓફિસમાં મળેલી હતી. જે મિટિંગ માં મંદિરને લગતા પ્રશ્નોની વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

જે મિટિંગમાં કમિટીના સભ્યો અને ટ્રસ્ટીઓ ડો.બિપીનભાઈ લહેરૂ, રામજીભાઈ અઘારા, મહેન્દ્રભાઈ પોપટ, પરેશભાઈ પંડ્યા, બચુભા રાણા, જીતેન્દ્રભાઈ કોટક, રાજભા ઝાલા, ઋષિભાઈ મેહતા તથા મેનેજર રજનીભાઈ પંડ્યા, અને આસિસ્ટન્ટ મેનેજર કાળુભાઈ બાબુભાઈ પરમાર તમામ સભ્યો તથા ટ્રસ્ટીઓ હાંજર રહ્યા હતા.

# હળવદ: કનૈયા હોટલમાંથી ડીઝલ ચોરી કૌભાંડ ઝડપાયું

## બે ટ્રેઈલર, બાઈક, ડીઝલનો જથ્થો, સહીત ૨૦.૪૬ લાખનો મુદામાલ સાથે ૬ આરોપીની ધરપકડ



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લાના હળવદ તાલુકાના સુખપર ગામ નજીક આવેલ કનૈયા હોટલમાં હળવદ પોલીસ ટીમ દ્વારા દરોડો પાડી ડીઝલ ચોરીનું રેકેટ ઝડપી લઈ ૬ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ટ્રક ટ્રેઈલરની ટાંકીમાંથી ડીઝલ કાઢી ચોરી કરી તેનો સંગ્રહ કરતા ત્યારબાદ બજાર કિંમત કરતા ઓછા ભાવે વેચાણ કરવાના સમગ્ર કૌભાંડનો હળવદ પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. દરોડા દરમિયાન હળવદ પોલીસે સ્થળ ઉપરથી બે ટ્રેઈલર, એક બાઈક, ડીઝલનો જથ્થા સહીત કુલ ૨૦.૪૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.તથા પકડાયેલ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે. હળવદ પોલીસ મથકના પીઆઈ ડી.એમ.ઢોલને ખાનગીરાહે બાતમી મળેલ કે, સુખપર ગામ નજીક કનૈયા હોટલ ખાતે હોટલ માલિક તથા હોટલના કામદાર ટ્રેઈલરના ડ્રાઈવરો સાથે મળી ટ્રક ટ્રેઈલરના માલિક સાથે વિશ્વાસઘાત કરી ટ્રેઈલરની ડીઝલની ટાંકીમાંથી ડિઝલની ચોરી કરી-કરાવી ડ્રાઈવરો પાસેથી ઓછી કિંમતે ડિઝલની ખરીદી કરી, પોતે ખરીદ કરેલ ડિઝલ હોટલમાં સંગ્રહ કરી, અલગ અલગ વાહનોમાં બજાર ભાવ કરતા ઓછી કિંમતે વેંચી આપી માણસોની જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફ્ટીના કોઈપણ સાધનો કે કોઇ લાયસન્સ પરમીટ વગર ડિઝલનો વધુ જથ્થામાં સંગ્રહ કરી હોટલમાં રાખી વેંચાણ કરે છે. જે મળેલ બાતમીને આધારે સુખપર ગામ નજીક કનૈયા હોટલમાં હળવદ પોલીસ ટીમ દ્વારા રેઈડ કરતા ડીઝલ ચોરી કરી રહેલ જયેશભાઈ બાબુલાલ સિંઘવ ઉવ.૪૦ રહે.ચોત્રાફળી ભેણીનો ઢાળ હળવદ જી.મોરબી, કિશનભાઈ મગનભાઈ જાદવ ઉવ.૪૦ હાલ રહે.સુખપર ગામ કનૈયા હોટલ તા.હળવદ જી.મોરબી, સરવનસિંહ ગીસાસિંહ રાવત ઉવ.૩૨ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાન, કિશનસિંહ બાબુસિંહ રાવત ઉવ.૨૪ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાન, બલવીરસિંગ માંગુસિંગ રાવત ઉવ.૨૮ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાન, મદનસિંહ મોહનસિંહ રાવત ઉવ.૨૮ રહે.નાબરી તા.ભીમ જી.રાજ સમત રાજસ્થાનને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જયારે પોલીસે સ્થળ ઉપરથી ૧૧૫ લીટર ડીઝલ, ટ્રેઈલર રજી નં- જીજે-૧૨-બીડબલ્યુ-૨૬૨૦, ટ્રક ટ્રેઈલર રજી.જીજે-૧૨-બીડબલ્યુ-૨૪૨૧, બાઈક રજી.જીજે-૧૩-કેકે-૩૦૯૭, મોબાઈલ ફોન નંગ- ૦૬, પ્લાસ્ટિકના ૧૭ નંગ કેરબા સહીત કુલ કિ. રૂ.૨૦,૪૬,૪૨૦/-નો મુદામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે આઈપીસીની અલગ અલગ ધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ગેરકાયદે પેટ્રોલીયમ પદાર્થનો વેચાણની જાણ કરવા અપીલ

વધુમાં હળવદ પોલીસ દ્વારા જાહેર જનતા જોગ સંદેશ આપી અપીલ કરવામાં આવી છે કે આપની આજુબાજુમાં કોઈપણ ડીઝલ/પેટ્રોલનો ગેરકાયદેસર સંગ્રહ કરેલ જથ્થો માણસોની જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફ્ટીના કોઈપણ સાધનો કે કોઈ લાયસન્સ પરમીટ વગર વેંચાણ કરવાની પ્રવૃત્તિ થતી હોય તો પોલીસ કંટ્રોલરૂમ મોરબી ટેલીફોન નં ૦૨૮૨૨ ૨૪૩૪૭૮ ઉપર જાણ કરવા જણાવવામાં આવ્યું છે.

# મોરબી: જલારામ પ્રાર્થના મંદિર દ્વારા ૯૭ કાર સેવકોનું સન્માન કરાયું





**અબતક, ઋષિ મહેતા, મોરબી**

કમોરબી જલારામ પ્રાર્થના મંદિર દ્વારા વિવિધ પ્રકારની માનવ સેવા કરવામાં આવે છે જેમાં બિનવારસી મૃતદેહના અંતિમસંસ્કાર, વૈકુંઠ રથસેવા, શબવાહિની, મેડિકલ કેમ્પ કુદરતી આફત સમયે માનવ સેવા, નેત્રમણી-નેત્રયજ્ઞ જેવી સેવા પ્રદાન કરવામાં આવે છે ત્યારે અયોધ્યા ખાતે પ્રભુશ્રી રામની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો ત્યારે મોરબી જીલ્લાના કારસેવકોને સન્માનિત કરવાની શ્રીજલારામ પ્રાર્થના મંદિરની નૈતિક ફરજ સમજી શ્રી જલારામ પ્રાર્થના મંદિર મોરબી દ્વારા મોરબી જીલ્લાના વર્ષ ૧૯૯૦ તથા ૧૯૯૨ના કારસેવકોનું સન્માન સમારોહનું અનન્ય આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા તથા મોરબી શહેરના કુલ ૯૭ કારસેવકોને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ શ્રી જલારામ પ્રાર્થના મંદિરે ઉપસ્થિત રહી તમામ કારસેવકોને વોલ ક્લોક ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

# મોરબી પત્રકાર એસોસિએશનના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામીનો આજે જન્મદિવસ



મોરબીના જાણીતા સિનિયર પત્રકાર સુરેશભાઈ ગોસ્વામીનો આજે જન્મદિવસ છે તેના જન્મદિનની તેના પરિવારજનો સગાસંબંધીઓ મિત્રો ને સાથી પત્રકાર મિત્રો પ્રેસ મીડિયાપરીવાર મોરબી ગોસ્વામી સમાજ સીરામીક ઉધ્યોગકારો વિવિધ સમાજ ને સંગઠનો ને સંસ્થાના આગેવાનો રાજકીય આગેવાનો એ શુભેચ્છાઓ સાથે શુભકામનાઓ પાઠવી છે. સુરેશભાઈ ગોસ્વામી હાલ પત્રકાર એસોસિએશન મોરબી ના પ્રમુખ છે તે ઓ અગાઉ પણ મોરબી પ્રેસ એસોસિએશન ના પ્રમુખ રહી ચુક્યા છે.

અગાઉ પણ મોરબી પ્રેસ એસોસીએશનના પ્રમુખપદે સફળ કામગીરી કરી ચુક્યા છે. શાંત સરળ અને લાગણીશીલ સ્વભાવ ધરાવતા સુરેશભાઈ ગોસ્વામી એ પ્રજાલક્ષી પ્રશ્નોને ઉજાગર કરી ને મોરબી મીડિયા જગતમાં આશરે છેલ્લા ૩ દાયકાથી એક તટસ્થ, નીડર અને પ્રામાણિક પત્રકારની ઓળખ ઉભી કરી છે. સમસ્યાઓને નીડરતા પૂર્વક વાચા આપી રહ્યા છે. જેથી તેઓ રાજકીય, વહીવટી તંત્ર, પોલીસ, સામાજીક સંસ્થાઓમાં સારી લોકચાહના ધરાવે છે.

# મોરબી: શનિવારે રાષ્ટ્રીય લોક અદાલત

## વાહનના બાકી ઈ-ચલણ માટે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીક કોર્ટ ખાતે લોક અદાલત યોજાશે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરાના મોનીટરીંગ દરમ્યાન જે વાહન ચાલકો ટ્રાફિકના નિયમોનો ભંગ કરે છે. તેઓને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર(નેત્રમ), મોરબી દ્વારા ઈ-મેમા ઈશ્યુ કરવામાં આવી રહેલ છે. જે લોકો સમયસર ઈ-મેમાનો દંડ ભરપાઈ કરતા નથી તેઓને કોર્ટ દ્વારા નોટીસ પાઠવવામાં આવે છે. તેમજ ફોન દ્વારા પણ ઈ-મેમો ભરપાઈ કરવા જાણ કરવામાં આવે છે. તેમ છતાં ઘણા વાહન ધારકોએ બાકી દંડની રકમ ભરપાઈ કરેલ ન હોય જેથી, બાકી દંડની રકમની ભરપાઈ સારૂ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળમોરબી દ્વારા ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ તથા રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ ( નાલ્સા, સુપ્રિમ કોર્ટ) દિલ્હીના નેજા હેઠળ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે.

જેથી આપના બાકી દંડની ચુકવણી કરવા સારૂ નીચેના કોઈ પણ વિકલ્પમાંથી પસંદ કરી, તા.૦૯/૦૩/૨૦૨૪ સુધીમાં અથવા તે પહેલાં ભરી દેવા આથી જણાવવામાં આવે છે. વાહન-ધારક રજીસ્ટર વાહન સંદર્ભે ન ચુકવાયેલ ટ્રાફિક ઈ-ચલણની રકમ નીચેની વિગતે ભરપાઈ કરી શકાશે. જેમાં ઓફલાઈન ઈ-મેમોની ચુકવણી કરવા માટે (૧)ટ્રાફિક શાખા રૂમ નં-૧૧, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન કેમ્પસ, સો-ઓરડી સામે, મોરબી-૨,(૨)શનાળા પોલીસ ચોકી, ઉપરના માળે, છોટાલાલ પેટ્રોલ પંપની બાજુમાં, શનાળા રોડ, મોરબી-૧., (૩)મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, વાંકાનેર સિટી પોલીસ સ્ટેશન, હળવદ પોલીસ સ્ટેશન, ટંકારા પોલીસ સ્ટેશનમાળીયા મીયાણા પોલીસ સ્ટેશન, (૪)ડિસ્ટ્રીક કોર્ટ, જીલ્લા કાનૂની સેવા સતા મંડળ, બીજો માળ, મોરબી. (ફકત લોક અદાલત તા.૦૯/૦૩/૨૦૨૪ ના દિવસે જ ભરી શકાશે.) જયારે બાકી ઈ-ચલણ ઓનલાઈન ચુકવણી કરવા માટે echallanpayment.gujarat.gov.in વેબસાઈટ પરથી ભરી શકાશે.

# મોરબી સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી બાઈકની ચોરી કરનાર તસ્કર પકડાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી અજાણ્યા વાહન ચોર દ્વારા વધુ એક બાઈકની ચોરી કર્યાની ફરિયાદ મોરબી સીટી એ ડિવિઝનમાં નોંધાઈ છે. ત્યારે પોલીસે ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસ કરતા બાઈક ચોરને ઝડપી લેવામાં સીટી એ ડિવિઝન પોલીસને સફળતા મળી હતી હાલ પોલીસે બાઈક ચોર આરોપીને ઝડપી લઈ આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના ગુંગણ ગામે રહેતા મૂળ જામનગર જીલ્લાના મકાજી મેઘપરના વતની અશોકભાઈ ડાયાભાઈ પરમાર દ્વારા મોરબી એ ડીવીઝ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૨૭/૦૨ના રોજ સવારના અશોકભાઈનું હીરો હોન્ડા કંપનીનું પેશન પ્રો રજી. નં. જીજે-૧૦-બીબી-૦૬૮૪ બાઈક અશોકભાઈના ભાઈ રાજેશભાઈ પરમાર મોરબી સિવિલ હોસ્પિટલ કોઈ કામ સબબ ગયા હોય ત્યારે સિવિલ હોસ્પિટલમાં પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયો હતો. બાઈક ચોરી અંગે પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ અશોકભાઈ દ્વારા રૂબરૂ મોરબી સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરાયેલ બાઈકની શોધખોળની ત્વરિત કામગીરી હાથ ધરી બાઈક ચોરી કરનાર આરોપી કિશોરભાઈ અમૃતભાઈ તેરૈયા રહે હડમતીયા તા.ટંકારાને ઝડપી લઈ ચોરાયેલા બાઈકની રિકવરી સહિતની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# મોરબીના બેલા(રંગપર) ગામે કારખાનામાં ચક્કર આવતા ઢળી પડેલી મહિલાનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના બેલા(રંગપર)ગામે પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરતી વેળા મધ્યપ્રદેશની વતની મહિલા શ્રમિકને અચાનક ચક્કર આવતા ઢળી પડી હતી જ્યાંથી તેને સારવાર માટે મોરબી હોસ્પિ.ખસેડાતા હાજર ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કરેલ હતા.

મળતી માહિતી અનુસાર મોરબીના બેલા રંગપર ગામની સીમ પાસે આવેલ જે.કે.પ્લાસ્ટિકની કંપનીમાં રહી કંપનીમાં કરતા મૂળ મધ્યપ્રદેશના ધાર જીલ્લાના જ્ઞાનપુર ગામની રહેવાસી નરબદીબેન કમલભાઈ પટલ્યા ઉવ.૩૦ ગત તા.૨૫/૦૨ના રોજ દિવસ દરમિયાન બપોરના ત્રણેક વાગ્યાના અરસામા કંપનીમા પ્લાસ્ટિકના દાણા ભરવાનુ કામ કરતી હતી તે દરમિયાન અચાનક ચક્કર આવતા નીચે પડી જતા પ્રથમ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ ગયેલ ત્યા ફરજ પરના ડોક્ટરે મરણ ગયેલનુ જાહેર કરેલ હતા. ત્યારે મૃતક નરબદીબેનના સગા સબંધીઓએ અમારે ડ્ખ કારાવવુ નથી તેમ કહી મૃતકની લાશને તેના વતન લઈ ગયેલ બાદ તા.૨૬/૦૨/૨૦૨૪ ના રોજ ધાર જીલ્લાના માણ્ડવ પો.સ્ટે ઝીરો નંબરથી અ.મોત રજી કરી કાગળો મોરબી તાલુકા પોલીસ મથકમાં રૂબરૂ લઈ આવતા તાલુકા પોલીસે અ.મોત દાખલ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી હતી.

# વાંકાનેરના વીડી જાંબુડીયા ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસે પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વીડી જાંબુડીયા ગામની સીમમાં આવેલ ભેટ ચોકડી નજીક જાહેરમાં પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા ભીમાભાઈ ગોવિંદભાઈ ઓળકીયા ઉવ.૪૫ રહે.ચુંપણી તા.હળવદ, દીપભાઈ નકુભાઈ ખાચર ઉવ.૩૮ રહે હાલ-વીડી જાંબુડીયા તા.વાંકાનેર મુળ ગામ-રંગપર તા.વાંકાનેર, હમીરભાઈ વાલજીભાઈ કાંજીયા ઉવ.૩૨ રહે.વીડી જાંબુડીયા તા.વાંકાનેરને રોકડા રૂપિયા ૫,૧૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલ ત્રણેય આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં જુગારધારા એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

# ચોટીલા: ત્રબોડા ગામે નજીવી બાબતે પિતા-પુત્રને મારમાર્યો

## વાંકાનેર: ભલગામે યુવાન પર તિક્ષ્ણ હથિયારથી હુમલો

**અબતક, રાજકોટ**

ચોટીલા તાલુકાના ત્રબોડા ગામે યુવાન બાઈક લઈને નીકળ્યો હતો ત્યારે અહીં કેમ બાઈક લઈને નીકળ્યો તેમ કહી પિતા પુત્ર ઉપર ત્રણ શખ્સોએ ધારીયા વડે હુમલો કરી માર માર્યો હતો હુમલામાં ઘવાયેલા પિતા પુત્રને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ચોટીલા તાલુકાના ત્રબોડા ગામે રહેતા વનરાજ બાબુભાઈ સાડમીયા (ઉ.વ.૧૯) અને તેના પિતા બચુભાઈ મધુભાઈ સાડમીયા (ઉ.વ.૭૨) સાંજના પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા ત્યારે વિના વિહા, નરશી વિહા અને એક અજાણ્યા શખ્સે ઝઘડો કરી ધારીયા વડે માર માર્યો હતો હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પિતા પુત્રને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને જાણ કરતા ચોટીલા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં હુમલામાં ઘવાયેલો ઈરાગ્રસ્ત વનરાજ સાડમીયા પોતાનું બાઈક લઈને નીકળ્યો હતો ત્યારે હુમલાખોર શખ્સોએ અહીં કેમ બાઈક લઈને નીકળ્યો તેમ કહી પિતા પુત્ર ઉપર હુમલો કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ચોટીલા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં વાંકાનેરના ભલગામ ખાતે રહેતા વલ્લભ મોહનભાઈ ભાલિયા નામનો ૪૦ વર્ષનો યુવાન રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં ઘર પાસે હતો. ત્યારે માનસિંગ, સહદેવ અને મુકેશ નામના શખ્સોએ છરી અને તલવાર વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર: અંબાજી ચોકમાં બુઝુર્ગનું બીમારીથી મોત

**અબતક, જામનગર**

જામનગરમાં અંબાજી ના ચોક માં રહેતા મનરોગી બુઝુર્ગ ફેફસાની બીમારીમાં સપડાયા પછી જામનગરની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું છે

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં અંબાજીના ચોક વિસ્તારમાં રહેતા અસીમ આઝાદ ભાઈ બીરેન નામના ૬૫ વર્ષના બુઝુર્ગ માનસિક બીમારી થી પીડાતા હતા, અને બે વર્ષથી માનસિક દર્દી તરીકે સાજા થયા પછી અંબાજીના ચોક વિસ્તારમાં આવેલા સાજા થયેલા દર્દીઓના ગ્રહમાં રહેતા હતા. અને છેલ્લા દસેક દિવસથી તેઓ ને ફેફસાની બીમારી લાગુ પડી ગઈ હતી.

જેથી તેઓને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે મનોજકુમાર મધુસુદન વ્યાસે પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન પોલીસે મૃતદેહ નો કબ્જો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# સિક્કા ટાઉન માંથી જુગાર રમતા પાંચ શખ્સો પકડાયા

## પોલીસને જોઈને સાત શખ્સો નાસી છૂટ્યા ૨૮૯૦ નો મુદામાલ કબ્જે

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના સિક્કા ટાઉનમાં ગઈકાલે પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલા પાંચ શખ્સોની અટકાયત કરી છે, જ્યારે અન્ય સાત શખ્સો ભાગી છૂટયા હોવાથી તેઓને ફરારી જાહેર કરાયા છે. જામનગર તાલુકાના સિક્કા ટાઉનમાં ગઈકાલે પોલીસે જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં જુગાર રમી રહેલા ઈમ્તિયાઝ આમદભાઈ ફકીર, મહેબુબ ગુલમહંમદભાઈ ખલીફા, હનીફ ઈલિયાસભાઈ ભાયાણી ઉમેદ મોહમ્મદભાઈ ખીમાણી અને સોયબ અબ્દુલભાઈ ભગાડ ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨,૮૯૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે. આ દરોડા સમયે સિક્કાનો સિકંદર મહંમદ ભાઈ ભાયાણી, સલીમ સાલેમહંમદ હુંદડા, અલી આમીનભાઈ ભગાડ, મોહસીન હશનભાઈ ભગાડ, મહેબુબ અહમદભાઈ મુલ્લા, ઈમરાન સાલેમોહમ્મદ હુંદડા અને વસીમ અમિનભાઈ ભગાડ વગેરે પોલીસને જોઈને ભાગી છૂટયા હોવાથી તમામને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

# હિંમતનગર: સવગઢ ગામે સ્લેબ ધરાશાયી થતા બે શ્રમિકોના મોત



**અબતક, સંજય દીક્ષીત, ઈડર**

હિંમતનગર શહેરને અડીને આવેલા સવગઢ ગામે મકાનનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન મકાનનો બીજા માળનો સ્લેબ ધરાશાઈ થતા શ્રમદાન કરી રહેલા શ્રમિકો દટાયા હતા જ્યારે આ ઘટના બાદ આસપાસના લોકો એકઠા થયા હતા અને ત્યારબાદ હિંમતનગર ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી હિંમતનગર ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી રાહત કામ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં બે શ્રમિકો દટાયા હતા તે બંને શ્રમિકોના ઘટના સ્થળે જ મોતને ભેટયા હતા બંને શ્રમિકોના મૃતદેહને ક્રેનની મદદથી બહાર કાઢી પી.એમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા

ઘટના સમયે ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા સમગ્ર ઘટનાની જાણ હિંમતનગર ગ્રામ્ય પોલીસને થતા હિંમતનગર પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સમગ્ર ઘટના મામલે પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢ: વાહનમાં મમરાની આડમાંથી છૂપાવેલો ૫ લાખનો વિદેશી દારૂ પકડાયો

## કટીંગ થાય તે પૂર્વે દરોડો પાડી ૪૧૭૬ બોટલ દારૂ અને વાહન મળી રૂા.૯ લાખનો મુદ્દામાલ કબ્જે: બે ભાઈની શોધખોળ



**અબતક, ચિરાગ રાજયગુરૂ, જૂનાગઢ**

જૂનાગઢ ગિરનાર દરવાજા પાસે નવા બનતા મકાને પાર્ક કરેલા વાહનમાં મમરાની આડમાં રૂા.૫ લાખની કિંમતની ૪૧૭૬ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડી વાહન અને દારૂ મળી રૂા.૯ લાખની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી નાશી છૂટેલા બે ભાઈની શોધખોળ હાથધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શિવરાત્રી મેળામાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જૂનાગઢ એસ.પી. હર્ષદ મહેતાએ આપેલી સૂચનાને પગલે એ-ડિવીઝન પોલીસ મથકના પી.આઈ. વી.જે. સાવજ સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે શહેરના ગીરનાર દરવાજા પાસે રહેતો લખન મેરૂ ચાવડા અને એભા મેરૂ ચાવડા નામના શખ્સે પોતાના નવા બનતા મકાનના પાર્કિંગમાં માલવાહકમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની મળેલી બાતમીને આધારે પી.એસ.આઈ. સીદી સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો.

વાહનમાં તલાશી લેતા વાહનમાં મમરાની આડમાં રૂા.૫ લાખની કિંમતનો ૪૧૭૬ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે વાહન અને દારૂ મળી રૂા.૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસે નાશી છૂટેલા બંને શખ્સોની શોધખોળ હાથધરી છે.

# રીબડા: શ્રમિકે ઝેરી દવા ગટગટાવી

**અબતક, રાજકોટ**

ગોંડલના રીબડા ગામે સોપાની ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા શ્રમિક યુવાને કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગોંડલ તાલુકાના રીબડા ગામે આવેલ સોપાન ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા મૂળ વાપી પંથકના અંકિતા અશોકભાઈ સોલંકી નામનો ૨૨ વર્ષનો યુવાન બે દિવસ પૂર્વે સોપાન ઈન્ડસ્ટ્રીઝમાં હતો ત્યારે ઝેરી દવા પી લીધી હતી. યુવાનને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# ધ્રાંગધ્રાઃ પંચશીલ ટ્રસ્ટ દ્વારા યોજાયો દ્વિતિય બૌધ્ધ સમુહ લગ્નોત્સવ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

પંચશીલ એજ્યુંકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા જનતાજીન ખાતે દ્રિતીય ભવ્ય બોદ્ધ સમૂહ લગ્નોત્સવ યોજાયા હતા આ સમુ લગન બોદ્ધ ધમ્મ ના વિચારો પાંચ શીલ વિધિ મુજબ કરવામા આવ્યા ત્યારે ૧૧ દીકરી દિકરા ના લગન નુ આયોજન રાખવામાં આવ્યું હતુ વર કન્યા ભંતે પ્રજ્ઞા રત્ન થેરો ભીખુ કારૂણીકા દ્વારા બોદ્ધ વિધિ દ્વારા લગનનુ આયોજન કરેલ હતું ટ્રસ્ટ ના પ્રમુખ શાંતિલાલ રાઠોડએ જણાવેલ દ્રિતીય બોદ્ધ સમૂહ લગ્નોત્સવ મા ધ્રાંગધ્રાની જનતા અન્ય સમાજનો ખૂબ સારો સાથ સહકાર મળેલ હતો મુખ્ય મહેમાન ઉધોગપતિ જયેશભાઈ પટેલ ઉધોગપતિ,પૂર્વ ધારાસભ્ય, કોંગ્રેસના જીલ્લા પ્રમુખ નવસાદભાઈ સોલંકી, નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે આ સમૂહ લગ્નનું આયોજન પ્રમૂખ શાંતીલાલ રાઠોડ, મંત્રી રામજીભાઈ વાઢેર, કાનજીભાઈ રાઠોડ, આર કે વાઘેલા,બી કે મકવાણા, નટવરભાઈ સુમેરા સહિત આગેવાનોએ જહમત ઉઠાવી હતી,

# સોમનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ઉજવણીની તડામાર તૈયારીઓ

## યુવક સેવા સંસ્કૃતિ વિભાગ લોક સાહિત્ય, ભજન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ઝેડ પ્લસ સુરક્ષા કવચ હોઈ મંદિરમાં દર્શન કરવા જતાં પ્રત્યેક દર્શનાર્થીઓનું ચેકીંગ કરવા પ્રથમ એન્ટ્રી ગેટે પોલીસ જવાનો સાથેની ચેકીંગ પોષ્ટ રખાયેલ છે.

જુની જર્જરીતને સ્થાને ચાલુ વરસે મહાશિવરાત્રી અધતન ચેકીંગ પોસ્ટ જુના પથિકાશ્રમ મેદાનમાં થી એન્ટ્રીમાટે બનાવાયેલ છે. ગ્લાસ અને એલ્યુમીનીયર ફ્રેમવાળા આ કેબીનો એર કન્ડીશન વિજળી પંખા સાથેની છે. ૪૮ ફુટ લાંબી અને ૧૫ ફુટ પહોળી તથા ૧૨



ફુટ ઉંચી આવા છે એન્ટ્રી ગેટ મહાશિવરાત્રીથી કાર્યરત થઈ જશે.

આમ મંદિર સલામતી રક્ષક દળ કેબીન સંપૂર્ણ એસી હોય તેમજ સાથો સાથ પંખા પણ હોય તેવું સુવિધાવાળુ કદાચ રાજ્યનું આ સોમનાથ પ્રથમ મંદિર હશે. છ એન્ટ્રી ગેટના મેઈન ગેટે રેલીંગ ગોઠવાયેલ છે. જેમાં ત્રણ ગેટ લેડીઝ માટે અને ત્રણ ગેટ જેન્ટ્સ માટે રખાયેલ છે.જો કે સામાન્ય રીતે એક જ ગેટ પ્રવેશ અપાય છે પરંતુ વધુ પડતી જનમેદની દર્શનાર્થી થાય ત્યારે છ ગેટ ઉપયોગ કરાય છે.સોમનાથ મહાદેવ મંદિર સાનિધ્યે મહાશિવરાત્રી પર્વ અનુસંધાને રાજયના યુવક સેવા સંસ્કૃતિ વિભાગ તરફથી તારીખ સાત માર્ચના રોજ રાત્રે લોકસાહિત્ય, ભજન, સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં નામાંકિત કલાકારો સોમનાથ શિવરાત્રીએ આવેલા ભાવિકોને ભકિતરસ તરબોળ કરશે.

સોમનાથ શિવરાત્રી અનુસંધાને વેરાવળ વિભાગના એસ.ટી. બસ ડેપ મેનેજર દિલીપ શામળાએ કહ્યું કે, અમોએ આજથી દસ અકસ્ટ્રા એસ.ટી. બસો સોમનાથથી જુનાગઢ શરુ કરી દીધી છે. અને જરુર પડયે ૨૫ થી ૩૦ બસો પુરી પાડીશું.

જેનો લાભ યાત્રિકો લઈ શકશે. સોમનાથ મંદિર આસપાસ મંદિર જવા માટેના રસ્તા ફેરફાર કરાયા છે.

અને સોમનાથ મંદિરના વાહન પાર્કીંગ માંથી બરાબર સામે જયાં જુનુ બસ સ્ટેશન હતુ ત્યાં સંપૂર્ણ નવીનીકરણ બાંધકામ ઢોળાય કરી એન્ટ્રી ગેટ બનાવાયેલ છે.

આ ઉપરાંત ગામમાં વાહન પગપાળા જઈ શકે તે માટે ૧૨૦ મીટર લાંબો અને નવ મીટર પહોળો ડામર રોડ પાર્કીંગથી મંદિર જવાના રસ્તાની બાજુમાં તાબડતોબ તૈયાર કરવામાં આવેલ છે. સોમનાથ મંદિર આસપાસ સંપૂર્ણ વિસ્તાર ડસ્ટ ફ્રી બને તે માટે લગભગ ૧૦૦ થી પણ વધુ શ્રમિકો ડે નાઈટ સંપાદિત જમીન ઉપર બ્લોક બિછાવી રહ્યાં છે.

# વાંકાનેરઃ પરસોત્તમભાઇ રૂપાલાને ટિકિટ મળતા ધારાસભ્ય કાર્યાલય ખાતે ભવ્ય ઉજવણી



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

ભાજપ દ્વારા આગામી લોકસભાની ચૂંટણી માટે આજે ગુજરાતની કુલ ૧૫ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે, જેમાં રાજકોટ બેઠક પર વર્તમાન સાંસદ મોહનભાઈ કુંડારીયાનું પત્તુ કાપી તેમની જગ્યાએ પૂર્વ કેન્દ્રીય મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાને ટિકિટ મળતા વાંકાનેર ધારાસભ્ય કાર્યાલય ખાતે ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણી દ્વારા માર્કેટ ચોક ખાતે ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી ઉજવણી કરવામાં આવી રહી છે.

વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણી અને સાંસદ સભ્ય મોહનભાઈ કુંડારીયા વચ્ચેનો ગજગ્રાહ જગજાહેર છે, ત્યારે આજે ભાજપ દ્વારા રાજકોટ બેઠક પર વર્તમાન સાંસદ મોહનભાઈ કુંડારીયાના સ્થાને પરસોત્તમ રૂપાલાને ટિકિટ આપતા જ વાંકાનેર ધારાસભ્ય કાર્યાલયે ખુશીની લહેર દોડી ગઈ હતી. જેમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણી સહિત તેમના સમર્થકો દ્વારા માર્કેટ ચોક ખાતે ફટાકડા ફોડી તથા મીઠાઈ વહેંચી ઉજવણી કરવામાં આવી રહી છે.

# જસદણમાં ધારાશાસ્ત્રી જલ્પાબેન કુબાવત નોટરી તરીકે નિમાતા અભિનંદનની વર્ષા

**અબતક, હિતેષ ગોસાઇ, જસદણ**



જસદણના યુવા ધારાશાસ્ત્રી અને જસદણ નગરપાલિકા વોર્ડ નંબર ૨ ના પુર્વ સદસ્યા જલ્પાબેન દુર્ગેશભાઈ કુબાવત (મો.૯૯૦૯૫ ૧૦૦૬૬) તાજેતરમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા નોટરી તરીકે નિમણુંક કરવામાં આવતાં તેમને રાજયના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તાલુકા મહિલા આગેવાન ભાવનાબેન બાવળીયા, ઉધોગપતિ હરેશભાઈ આર ધાધલ સહિતના વિવિધ આગેવાનો અને કાર્યકરોએ ઠેર ઠેરથી અભિનંદનની વર્ષા કરી હતી જસદણ નગરપાલિકાના સભ્ય અને એડવોકેટ તરીકે બેનમૂન કામગીરી કરી જબરજસ્ત લોકચાહના મેળવનાર જલ્પાબેનએ જણાવ્યું હતું કે નોટરી તરીકે નિમણુંક થયાં બાદ મારી સેવામાં જવાબદારી વધી છે આ કામ થકી સમાજના તમામ સમુદાય વર્ગ સાથે સેવા કરવાની મને એક વધું તક મળી છે. જલ્પાબેનને નોટરી તરીકે નિયુક્ત થતાં તેમને સામાજિક, સેવાકિય, રાજકિય, શૈક્ષણીક, વેપારી, ઓધોગિક, જેવી સંસ્થાઓ દ્વારા શુભેચ્છા અને શુભકામના મળી છે.

## રેલવે પોલીસની સરાહનીય કામગીરી

# ધ્રાંગધ્રાઃ ફોન મિત્રને મળવા જતી દીકરીને માઁ-બાપ સાથે મિલન કરાવતી રેલ્વે પોલીસ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા રેલવે પોલીસને સગીર વયની એક દીકરી એકલી સફર કરતી માલુમ પડતા અમદાવાદ જંક્શનનાં ટીટી તેમજ ઉપરી અધિકારીઓનો સંપર્ક કરી દીકરીની પૂછપરછ કરી હતી જેમાં પોતે ૧૩ વર્ષની છે અને મૂળ બિહારના વતની તેના માતાપિતા સાથે ગુજરાતના ગાંધીધામમાં રહે છે તેમજ પોતાના મિત્રને મળવા દિલ્હી જઈ રહી છે તેમ જણાવ્યું હતું. ધ્રાંગધ્રા રેલવે પોલીસને શંકા ઉપજી પણ ધ્રાંગધ્રા જંક્શનમાં કોઈ મહિલા પોલીસ નહિ હોવાથી એક મહિલા પંચ દ્વારા દીકરી સાથે વાતચીત ચાલુ કરી હતી.

જેમાં નાની ઉમરની નાદાનીમાં દીકરી પોતાના ફોન મિત્ર ને મળવા દિલ્હી નીકળી ગઈ છે પણ હાલ તેં હવે ઘરે પાછી જવા માંગે છે તેમ માલુમ પડ્યું હતું. ત્યારબાદ રેલવે પોલીસના પીએસઆઈ સુમેરા દ્વારા તેના માતાપિતાનો સંપર્ક કરી જાણ કરી હતી અને અભયમ મહિલા સ્કોડનો સંપર્ક કરી દીકરીના માઁ બાપ ન આવે ત્યાં સુધી તેમની કાળજી હેઠળ સોંપી છે. એક તકે દીકરીઓ ને ફોસલાવી ને એમની ઝીંદગી બરબાદ કરાતી હોવાના અનેક કિસ્સાઓ રોજ બરોજ બનતા હોય છે ત્યારે રેલવે પોલીસની સતર્કતા નાં લીધે એક સગીર વયની દીકરીનું તેના માઁ બાપ સાથે ફરી મિલન શક્ય બનશે.

# ધ્રાંગધ્રાના રાજસીતાપુર પંથકમાં ગામડાઓના રસ્તા બિસ્માર

## અનેક રજૂઆતો છતાં તંત્ર ઘોરનિંદ્રામાં

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રાજસીતાપુરથી ભારદ, રાજચરાડી અને સરવાડ સુધી જતો રસ્તો બિસ્માર બન્યો છે જો કે ગામજનો દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી છે જેના અનેક મીડિયા અહેવાલો પણ પ્રસિદ્ધ થયા છે ત્યારે રોડ ને માત્ર કામ ચલાઉ થીગડાંઓ મારીને એ જ પરિસ્થિતિમાં મુકવામાં આવે છે જેના લીધે રાહદારીઓ વધુ પરેશાન બન્યા છે. એક તરફ થીગડાંઓ મારવામાં પણ મોટો ભ્રષ્ટ્રાચાર આચરવામાં આવ્યો છે અને ઢંગધડા વગરનું કામ ઉલ્ટાનું અનેક એકિસડન્ટને આમન્ત્રણ આપે છે. હમણાં હાલમાં જ ૨ મોટા અકસ્માતો ડામર નાં મોટા થપેડા વાળા બમ્ફ અને અવ્યવસ્થિત થીગડાંઓને લીધે સામે આવ્યા છે ત્યારે વહેલી તકે આ ૪ મહત્વના ગામો ને જોડતા રોડ ને નવો બનાવવામાં આવે તેવો ગામવાસીઓનો રોષ સામે આવ્યો હતો.

# જામજોધપુરઃ મોટા વડીયા ગામે યુવાનને ચાલુ બાઈકે આંચકી આવી જતાં પટકાતા મોત

**અબતક, જામનગર**

જામનગર તા ૪, જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મોટાવડિયા ગામના એક યુવાનને ચાલુ બાઇકમાં આંચકી આવી જતાં નીચે પટકાઇ પડ્યા પછી ઈજાગ્રસ્તા બનતાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકા ના મોટાવડિયા ગામમાં રહેતા કિરીટભાઈ અરજણભાઈ ભારવાડીયા નામના ૨૮ વર્ષના યુવાનને છેલ્લા ૬ મહિનાથી આંચકી આવવાની સમસ્યા હતી, અને તેની દવા પણ ચાલતી હતી. દરમિયાન ગઈકાલે પોતાનું મોટરસાયકલ લઈને જામજોધપુર તાલુકાના વસંતપુર ગામેં જવાના રસ્તે થી પસાર થઈ રહ્યા હતા.

ત્યારે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું છે.

## શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી નિર્માણ પામેલી

# લાઠી પોલીસ ચોકીનું એસ.પી.ના હસ્તે લોકાર્પણ



**અબતક, નટવરલાલ, ભાટીયા**

લાઠી શહેરમાં શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગ થી શિવમ જવેલરના મોભી ઘનશ્યામભાઈ શંકર ની ઉપસ્થિતિ નવ નિર્માણ પોલીસ ચોકી નું અમરેલી એસ પી હિમકરસિંહ ના વરદહસ્તે લોકાર્પણ નવી પોલીસ ચોકી ના લોકાર્પણ પ્રસંગે દાતા ઘનશ્યામભાઈ શંકર ડેપ્યુટી ઓફ પોલીસ અમરેલી ભંડેરી સાહેબ અમરેલી લાઠી પી એસ આઈ સહિત જિલ્લા મધ્યસ્થ બેંક દામનગર બ્રાન્ચ મેનેજર ભરતભાઈ પાડા સ્થાનિક વિવિધ સામાજિક સ્વૈચ્છિક સંસ્થા ચેમ્બર ઓફ કોમર્સ શહેર ભાજપ ટીમ લાઠી પાલિકા સદસ્ય સહિત લાઠી નગર જનો ની ઉપસ્થિતિ માં નવી પોલીસ ચોકીનું લોકાર્પણ કરાયું હતું.

## વિશ્વ પ્રાણી દિવસ અંતર્ગત

# અમરેલીઃ બાબાપુર જવાહર નવોદય વિદ્યાલયના ૨૫૦ બાળકો સાથે વન્યવિભાગનો યોજાયો સેમિનાર



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

રાજયમાંભરમા વિશ્વ વન્યપ્રાણી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે દરેક જિલ્લામાં વનવિભાગ દવ વિશ્વ વન્યપ્રાણી દિવસની ઉજવણી કરાય રહી છે ત્યારે શેત્રુંજી ડીવીજન ડીસીએફ જયન પટેલના માર્ગદર્શન હેઠળ અમરેલી તાલુકાના બાબાપુર ગામ નજીક આવેલ જવાહર નવોદય વિધાલયમાં ૨૫૦ જેટલા વિધાર્થીઓ સાથે લીલીયા રેન્જ દ્વારા સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહેતા લીલીયા રેન્જ આરએફઓ બી.જી. ગલાણી સહીત ફોરેસ્ટ સ્ટાફ કર્મચારીઓ દ્વારા વન્યપ્રાણીઓનું મહત્વ કેટલું હોય છે

તે અંગે માર્ગદર્શન યોજી એક સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું વિધાલયના પ્રિન્સિપાલ શિક્ષણ સ્ટાફ પણ ઉપસ્થિત રહી વન્ય જીવોના સૌરક્ષણ અને હિંચક પ્રનીથી બચવા માટેની માહિતી પ્રાપ્ત કરી હતી.લીલીયા રેન્જ આરએફઓ બી.જી.ગાલાણીઅને તેઓની ટિમ દ્વારા નવોદય વિધાલયમાં ૨૫૦ જેટલા વિધાર્થીઓને વન્યપ્રાણીના મહત્વ અંગે પ્રોજેક્ટર ઉપર વિડીયો સ્ક્રીન ઉપર બતાવી દીપડાથી સાવધાનની માટેના કેટલાક મહત્વના વિડીયો ફૂટેજ બતાવ્યા હતા વન્યપ્રાણીના મહત્વ અંગે માર્ગદશન આપતા વિધાર્થીઓમાં પણ ઉત્સાહ છવાયો હતો અને વાંપજીઓની પ્રાથમિક માહિતીથી અવગત કરાયા હતા.

# અમરેલીઃ કલેક્ટર દહિયાના અધ્યક્ષસ્થાને ચૂંટણી અંગે યોજાઇ નોડલ અધિકારીઓની બેઠક

## જિલ્લામાં ફરજ બજાવતા ૧૯ અધિકારીઓને આયોજન અને જરૂરી વ્યવસ્થા બાબતે અપાયું માર્ગદર્શન

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે જિલ્લા કક્ષાએ નોડલ અધિકારી તરીકે ફરજ સોંપવામાં આવી હોય તેવા અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સક્સેના દ્વારા અમરેલી જિલ્લામાં ફરજ બજાવનાર વિવિધ ૧૯ કામગીરીઓના નોડલ અધિકારીઓને તેમની કામગીરીઓ અને તે માટે કરવાના આયોજન તથા જરુરી વ્યવસ્થાઓ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પૂર્વ તૈયારીના ભાગરુપે આ જવાબદારીમાં વિવિધ અધિકારીઓએ કરેલી પૂર્વ તૈયારીની જિલ્લા ચૂંટણી અધિકારીએ સમીક્ષા કરી હતી. બેઠકમાં ઉપસ્થિત નોડલ અધિકારીઓને તેમને ચૂંટણી પંચ દ્વારા સોંપવામાં આવતી ફરજો ઉપરાંત પોતાની સમિતિની કામગીરીને નૂતન પ્રયાસો સાથે સંપન્ન થઈ શકે તે જોવા જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ અનુરોધ કર્યો હતો.

અમરેલી જિલ્લામાં વધુમાં વધુ મતદાન થઇ શકે અને મતદાન ટકાવારી વધી શકે તે માટે સઘન પ્રયાસો હાથ ધરવા સંબંધિત અધિકારીશ્રીઓને જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યુ હતુ.

જિલ્લા ચૂંટણી અધિકારીએ, નવા મતદારોનું સો ટકા મતદાન થાય તે માટે યુવા મતદારોને મતદાન માટે જાગૃત્ત કરવા જણાવ્યુ હતુ. મતદાન સમયે દિવ્યાંગ અને શારીરિક રીતે ૪૦ ટકાથી વધુ અશક્ત મતદારો માટે મતદાન કેન્દ્ર પર પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થઇ શકે તે વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે નોડલ અધિકારી પીડબલ્યૂડીને સૂચના આપી હતી.બેઠકના પ્રારંભે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સક્સેના દ્વારા તમામ નોડલ અધિકારીને તેમને સોંપવામાં આવેલી કામગીરી માટે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા તથા તે માટેની આવશ્યક વિગતો જણાવી હતી.આ ઉપરાંત ખર્ચ નિયંત્રણ, આદર્શ આચાર સંહિતા અમલીકરણ, કાયદો અને વ્યવસ્થા, તાલીમ, એમસીએમસી, દિવ્યાંગ મતદાતાઓ, મેન પાવર, તાલીમ, સ્વીપ, વાહન વ્યવસ્થા, ફરિયાદ નિવારણ સહિતની વિવિધ કામગીરીના સુચારુ આયોજન માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અમરેલી સ્થિત જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલીપસિંહ ગોહિલ, ચૂંટણી વિષયક કામગીરીઓના નોડલ અધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, સબ નોડલ અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલઃ લીલાખા હાઇસ્કુલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો યોજાયો વિદાય સમારોહ

## વિદ્યાર્થીઓને સફળતા માટે અપાય મોટીવેશનથી માર્ગદર્શન

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



ગોંડલ તાલુકાના લીલાખા ગામ ની સરકારી હાઈસ્કૂલ ના ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ભાઈ બહેનોના વિદાય કાર્યક્રમ સાથે આગામી વાર્ષિક પરીક્ષા માં ઉજ્જવળ અને સારા પરિણામ માટેના મોટીવેશનલ સેમિનાર ના આયોજન માં આજે અલ્પેશભાઈ ઢોલરીયા જિલ્લા ભાજપ પ્રમુખ અને ચેરમેન ગોંડલ માર્કેટિંગ યાર્ડની અધ્યક્ષતામાં ગોંડલના પ્રકૃતિપ્રેમી હિતેશભાઈ દવેના પ્રેરક પ્રવચનનું આયોજન થતા અલ્પેશભાઈ ઢોલરીયાએ વિદ્યાર્થીઓને માતાપિતાના સંસ્કારો અને શિખામણનું પાલન કરવા અને આગામી પરીક્ષામાં શાળા અને પરિવારનું નામ રોશન કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.

લીલાખા હાઈસ્કૂલના આચાર્યએ અલ્પેશભાઈ ઢોલરીયા અને પ્રકૃતિપ્રેમી હિતેશભાઈ દવે એ શાળાના વિદ્યાર્થીઓ ને જીવન ઉપયોગી માર્ગદર્શન આપવા બદલ આભાર વ્યક્ત કરેલ..

# અનશન આરાધક નૂતન દીક્ષીત મુનિજી કાળધર્મ પામ્યાં



**અબતક, રાજકોટ**

શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી એવમ ગોંડલ ગચ્છ આદ્યસ્થાપક ગચ્છાધિપતિ આચાર્યબા.બ્ર. પરમ પૂજ્યશ્રી ડુંગરસિંહજી સ્વામી,બહુશ્રુત આચાર્ય બા.બ્ર. પ. પૂ.શ્રી જશાજી સ્વામી, સ્થવિર ગુરુદેવ પ. પૂ.શ્રી પ્રેમચંદજી મહારાજસાહેબ તેમજ અનંત ઉપકારી પ. પૂ. ગુરુભગવંતબા.બ.શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબ આદિઉપકારી ભગવંતોની અનંતી-અનંતી કૃપાથી રાજકોટ નિવાસી શ્રેષ્ઠીવર્ય શ્રમણોપાસક શ્રી રાજેશભાઈ ચમનલાલ શેઠ (ઉં. વર્ષ ૬૯) આંતિમ સમયની ઉત્કૃષ્ટ આરાધના અર્થે ઉગ્ર તપસ્યાનો શુભારંભ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ના શુભ દિને કરેલ. આગળ વધીને પૂજ્ય શ્રી રાજગુરુભગવંતની અનંતી કૃપા થકી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ અનશન આરાધનાનો શુભારંભ કરેલ. રાજેશભાઈની ઉત્કૃષ્ટ ભાવના કે મારો બીજો મનોરથ પણ પૂર્ણ થાય.

'પૂજ્યશ્રી રાજગુરુભગવંત'ની અનંતી-અનંતી કૃપાથકીશ્રી ઋષભદેવ જૈન સંઘ, રાજકોટની પવિત્ર તપોભૂમિમાં ૨ માર્ચ ૨૦૨૪, શનિવારના રોજ સાંજે ૫:૧૫ કલાકેજૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરીને શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જયવંતા જૈન શાસનના ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયનાઆદ્યસ્થાપક ગચ્છાધિપતિ આચાર્ય બા.બ્ર. પ. પૂ. શ્રી ડુંગરસિંહજી સ્વામીના પટાનુપાટ બહુશ્રુત આચાર્ય બા.બ્ર. પ. પૂ.શ્રી જશાજી સ્વામી પટાનુપાટ સ્થવિર ગુરુદેવ પરમ પૂજયશ્રી પ્રેમચંદજી મહારાજસાહેબના શિષ્યરત્ન ચારિત્રનિષ્ઠ અનંત ઉપકારી પરમ પૂજ્ય ગુરુભગવંત બા.બ્ર. શ્રી રાજેશમુનિજી મહારાજસાહેબના સુશિષ્ય પરમ પૂજ્યશ્રી રમ્યમુનિજી મહારાજસાહેબ બનેલ.

વીર સંવંતઃ ૨૫૫૦,મહા વદ-૬,શનિવારના રોજ સંથારા સાધક પ. પૂ. શ્રી રમ્યમુનિજી મહારાજસાહેબની અંતિમ તપ આરાધનાનો ૨૨મો દિવસ, અને સંથારાનો ૧૧મો દિવસ રહેલ. પૂજ્યશ્રીની આજીવન અનશન તપની અંતિમ આરાધના અતિ દુર્લભ માનવભવને સાર્થક કર્યાના અવિરત-અપૂર્વ આનંદ સાથે સભાનતામાં તેમજ ઉત્તમ ભાવનામાં રહી સુખે-સમાધિએ અનંત ઉપકારી 'પૂજ્ય શ્રી રાજગુરુભગવંત' એવમ મુનિભગવંતો તેમજ શ્રીસંઘની ઉપસ્થિતિમાં શનિવારના રોજ સાંજે, (લગભગ) ૭:૪૩ કલાકે સંપન્ન થયેલ.

જય-જય નંદા ....... જય-જય ભદ્દાના ગગનભેદી ઉચ્ચારો સાથે પાલખીયાત્રામાં ૩ માર્ચે સવારે શ્રી ઋષભદેવ સંઘથી શહેરના રાજમાર્ગોથી મોટામવા સ્મશાનગૃહે સમગ્ર સૌરાષ્ટ્રના અગણિત ભાવિકોએ પગપાળા પ્રયાણ કરેલ.

ગુણાનુવાદસભા આજીવન અનશન આરાધક પરમ પૂજ્યશ્રી રમ્યમુનિજી મહારાજસાહેબની ગુણાનુવાદ સભા પૂજ્યશ્રી ગુરુભગવંત આદિ ભગવંતોના શુભ સાંનિધ્યમાં ચતુર્વિધ શ્રીસંઘની ઉપસ્થિતિમાં શ્રી ઋષભદેવ જૈન સંઘ; શાશ્વત એપાર્ટમેન્ટ પારસ હોલ સામે, પારસ સોસાયટી, નિર્મલા રોડ પાસે આજે સવારે ૯:૩૦ થી ૧૧:૦૦ રાખેલ જેમાં સમગ્ર ગુજરાતથી સેંકડો જૈન શાસન અગ્રણીઓ-ભાવિકોએ ઉપસ્થિત રહીને પરમ પૂજયશ્રી રમ્યમુનિજી મહારાજસાહેબની આરાધનાની અનુમોદના ભક્તિ ભાવથી કરેલ.

## મનુષ્ય અવતાર લીધો તે અવતાર સાર્થક કર્યો



૨૨ દિવસ પહેલાઉપવાસ શરૂ કર્યા સંથારો શરૂ કર્યો એટલે મોતને આવકારો આપ્યો મારું જીવન પૂર્ણ કરવાનો નિર્ણય લીધો એવું નક્કી કરી પ્રતિજ્ઞા લે છે ગુરુદેવ પાસેથી અન જળ કોઈ પણ વસ્તુ લીધા વગર ૨૨ દિવસના ઉપવાસ કર્યા ત.આમ સંપત્તિ ઘરનો ત્યાગ કર્યો તે જૈન સમાજમાં એક આ અનોખી સાધના છે એ જબરજસ્ત સાધના રાજેશભાઈ શેઠ એ કરી અને આગલા દિવસે ગુરુદેવ પાસેથી દીક્ષા લીધી અને રામિયમણીજી બન્યા અને રાત્રીના સમયે એમનો સંથારો પૂરો થયો જૈનોમાં જે ત્રણ મનોરથ કહેવાય અને આરંભ અને પ્રતિજ્ઞા કહેવાય ક્યારે હું દીક્ષા લવ અને ક્યારે હું સમાધિમાં પ્રવેશ કરું એટલે એમને સમાધિ વરણ થયું સંસારના તમામ મોહ માયાનો ત્યાગ કરી છે અને હાલ તેમની પાળખી યાત્રા નીકળી છે સમાજ અને અન્ય સમાજ પણ આ પાળખી યાત્રામાં જોડાયા છે અને મનુષ્ય અવતાર જે માટે લીધો ચર્સ તે અવતાર તેમનો સાર્થક થયો છે અને ગુરુદેવ રાજેશ મુનિ સાહેબ ધન્યવાદને પાત્ર છે અને તેમનો ઉપકાર પણ અમારા પર ઘણો છે અને રાજેશ મુનિ સાહેબ અને તેમના પરિવારનો મનુષ્ય જન્મ સફળ થયો છે.

## (પહેલા પાનાનું ચાલુ)

### ભાજપ

પૂનમબેન માડમ, આણંદ બેઠક પરથી મીતેશભાઈ પટેલ, ખેડા બેઠક પરથી દેવુસિંહ ચૌહાણ, પંચમહાલ બેઠક પરથી રાજપાલસિંહ જાદવ, નવસારી બેઠક પરથી સી.આર.પાટીલ, દાહોદ બેઠક પરથી જશવંતસિંહ ભાભોર, ભરૂચ બેઠક પરથી મનસુખભાઈ વસાવા અને બારડોલી બેઠક પરથી પ્રભુભાઈ વસાવાને ટિકિટ આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રની જે ચાર બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી નથી. તેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ અને અમરેલી બેઠકનો સમાવેશ થાય છે. જેમાં અનુક્રમે ડો.ભારતીબેન શિયાળ, ડો.મહેન્દ્ર મુંજપરા, રાજેશભાઈ ચુડાસમા અને નારણભાઈ કાછડિયા સિટીંગ સાંસદ છે. તમામની ટિકિટ પર જોખમ રહેલું છે. સૌરાષ્ટ્રમાં ચાર પૈકી એકમાત્ર બેઠક પર મહિલા સાંસદ પૂનમબેન માડમને રિપીટ કરવામાં આવ્યા હોય. ભાવનગર બેઠકના વર્તમાન મહિલા સાંસદ ભારતીબેન શિયાળને રિપીટ કરવામાં આવે તેવી સંભાવના પણ નકારી શકાતી નથી. જૂનાગઢ બેઠક પરથી રાજેશભાઈ ચુડાસમા, અમરેલી બેઠક પરથી નારણભાઈ કાછડિયા અને સુરેન્દ્રનગર બેઠક પરથી ડો.મહેન્દ્ર મુંજપરાના સ્થાને નવા ચહેરાને લોકસભાની ટિકિટ આપવામાં આવશે. તેવું હાલ મનાય રહ્યું છે.

આગામી છ માર્ચના રોજ ભાજપની રાષ્ટ્રીય ચૂંટણી સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક મળશે. ૭ માર્ચના રોજ ભાજપ દ્વારા ઉમેદવારોના નામની બીજી યાદી જાહેર કરવામાં આવશે. જેમાં ૨૦૦ બેઠકો માટે મૂરતિયા જાહેર કરવામાં આવશે. ગુજરાતની બાકી રહેલી ૧૧ બેઠકો માટે ગુરૂવારે ઉમેદવારોના નામો જાહેર કરી દેવામાં આવશે. ૧૪ કે ૧૫ માર્ચના રોજ ઉમેદવારોના નામની ત્રીજી અને અંતિમ યાદી જાહેર કરવામાં આવે તેવું હાલ દેખાય રહ્યું છે. ટૂંકમાં લોકસભાની ચૂંટણી માટેની તારીખોનું એલાન થાય તે પૂર્વ ભાજપ દ્વારા ૫૪૩ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે.

### એક્શન પ્લાન

સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રીઓએ આગામી ૫ વર્ષ માટે વિગતવાર કાર્ય યોજના પર ચર્ચા કરી હતી.મે ૨૦૨૪માં નવી સરકારની રચના પછી ઝડપી અમલીકરણ માટે તાત્કાલિક પગલાં માટે ૧૦૦-દિવસીય એજન્ડા પર પણ કામ કરવામાં આવશે. હરીફો હજી ચૂંટણીલક્ષી રણનીતિ પણ ઘડી શક્યા નથી ત્યાં મોદીએ નવી સરકારની કાર્યશૈલી કેવી હશે તે અંગે સંકેતો દેશની જનતા સમક્ષ મૂકે દીધો છે.

પીએમએ બેઠકમાં એક કલાક સુધી વાત કરી હતી અને ભાવિ તકનીકોમાં રોકાણ કરવા અને તેનો ઉપયોગ કરવા વિશે જણાવ્યું હતું. જેથી ભારત નવીનતામાં આગળ વધે. તેમણે વય-સંબંધિત વસ્તી વિષયક ફેરફારો અને તેમાં સામેલ પડકાર વિશે પણ વાત કરી.

મોદીએ મંત્રીઓ અને અધિકારીઓને ભૂતકાળમાં નિર્ણયો કેવી રીતે વિકસિત થયા અને છેલ્લા ૨૫ વર્ષોમાં વિચારો કેવી રીતે બદલાયા તે જોવા માટે સંબંધિત મંત્રાલયોના રેકોર્ડ્સમાંથી પસાર થવાનું પણ કહ્યું.

આગળ તેમણે પ્રગતિશીલ સરકાર અને સક્રિય સુશાસન પર ધ્યાન કેન્દ્રિત કરીને મહત્તમ સરકાર અને લઘુત્તમ શાસન વિશે વાત કરી.

વિકસીત ભારત માટેનો રોડમેપ બે વર્ષથી વધુની સઘન તૈયારીનું પરિણામ છે. તેમાં 'સમગ્ર સરકાર' અભિગમનો સમાવેશ થતો હતો જેમાં તમામ મંત્રાલયો અને રાજ્ય સરકારો, શિક્ષણવિદો, ઉદ્યોગ સંસ્થાઓ, નાગરિક સમાજ, વૈજ્ઞાનિક સંસ્થાઓ અને યુવાનોને તેમના વિચારો, સૂચનો અને ઈનપુટ્સ મેળવવા માટે એકત્રીકરણ સાથે વ્યાપક પરામર્શનો સમાવેશ થતો હતો. વિવિધ સ્તરે ૨,૭૦૦થી વધુ બેઠકો, વર્કશોપ અને સેમિનાર યોજાયા હતા. ૨૦ લાખથી વધુ યુવાનોના સૂચનો મળ્યા હતા.

વિકસિત ભારત માટેના રોડમેપમાં રાષ્ટ્રીય વિઝન, આકાંક્ષાઓ, ધ્યેયો અને એક્શન પોઈન્ટ્સને સ્પષ્ટપણે દર્શાવતી વ્યાપક બ્લુપ્રિન્ટ છે. તેના ધ્યેયોમાં આર્થિક વૃદ્ધિ, જીવનની સરળતા, વ્યવસાય કરવાની સરળતા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સામાજિક કલ્યાણ વગેરે જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

### ચીપ

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દેશમાં પહેલેથી જ વિશ્વની લગભગ એક તૃતીયાંશ ડિઝાઈન પ્રતિભા છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેમની સરકાર અમેરિકાની તકનીકી મહત્વકાંક્ષાઓમાં ભાગીદાર બનવા માટે આનો અને ભારતની ભૌગોલિક રાજકીય તાકાતનો લાભ લઈ રહી છે. તેમણે કહ્યું કે ભારત સરકાર અન્ય પશ્ચિમી અર્થવ્યવસ્થાઓની જેમ ચીનથી તેની સપ્લાય ચેઈનને અલગ કરવા માંગે છે.

કોરોના દરમિયાન બેઈજિંગના કડક લોકડાઉનને કારણે વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાયમાં વિક્ષેપ પડ્યો હતો અને કંપનીઓએ તેના ઉત્પાદન માટે વૈકલ્પિક સ્રોતો શોધવાનું શરૂ કર્યું હતું. ભારત પોતાને ચીન માટે વૈકલ્પિક ટેકનોલોજી હબ તરીકે રજૂ કરી રહ્યું છે જે લોકશાહી અને વિશ્વસનીય છે. તેમણે વધુમાં કહ્યું કે, જેઓ પહેલા વિચારતા હતા કે શું અને ક્યારે ભારત જવું જોઈએ. હવે તેઓ પૂછી રહ્યા છે કે અમે કેટલા સમયમાં ભારત જઈશું. આ પરિવર્તન થઈ રહ્યું છે. આનો અર્થ એ છે કે વ્યવહારીક રીતે દરેક મોટા ખેલાડી તેમની રોકાણ યોજનાઓ પર પુનર્વિચાર કરી રહ્યા છે અને ભારત આવવા માંગે છે.

### તંબાકુ

૨૦૧૧-૧૨માં ૭.૯૦ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૯.૬૨ ટકા થયો હતો. આ ઉપરાંત, શહેરી વિસ્તારોમાં પરિવહન પરનો ખર્ચ પણ ૨૦૧૧-૧૨માં ૬.૫૨ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૮.૫૯ ટકા થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ તે ૨૦૧૧-૧૨માં ૪.૨૦ ટકાથી વધીને ૨૦૨૨-૨૩માં ૭.૫૫ ટકા થઈ ગયું છે.

### ફુગાવો

''ગર્જના કરતું'' છે. ભારતીય અર્થતંત્ર વર્ષના પ્રથમ ત્રણ ત્રિમાસિક ગાળામાં ૮.૨% વૃદ્ધિ પામ્યું છે અને નાણાકીય વર્ષ ૭.૬% વિસ્તરણ સાથે સમાપ્ત થવાની સંભાવના છે.

### પાકિસ્તાન જહાજ

કરવામાં આવશે. ગુપ્તચર વિભાગે ભારતીય સુરક્ષા અધિકારીઓને ચીનથી કરાચી જઈ રહેલા જહાજ અંગે માહિતી આપી હતી. ત્યારપછી ભારતીય સુરક્ષા ગાર્ડ્સ સતર્ક થઈ ગયા હતા અને મુંબઈના જેએનપીએ પોર્ટ પર જહાજને અટકાવ્યું હતુ

ભારતીય સુરક્ષા દળોએ ટ્વિટ કરીને આ અંગે માહિતી આપી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, લેડીંગના બિલ અને અન્ય દસ્તાવેજો અનુસાર, બોર્ડ પરનો સામાન શાંઘાઈ જેએક્સઈ ગ્લોબલ લોજિસ્ટિક્સ કંપની લિમિટેડમાંથી લોડ કરવામાં આવ્યો હતો. આ વસ્તુઓ સિયાલકોટમાં પાકિસ્તાન વિંગ્સ પ્રાઈવેટ લિમિટેડને પહોંચાડવાની છે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ગ્લોબલ વોર્મિંગ....

મળ્યો છે. રાજ્યમાં ભારે પવન સાથે ઠંડી અનુભવાશે. જોકે, લઘુત્તમ તાપમાનમાં ૮ થી ૯ ડિગ્રીનો ઘટાડો થયો છે. આગામી ૨૪ કલાક સુધી ઠંડીનો ચમકારો ઓછો થશે. આ વચ્ચે રાજ્યના ખેડૂતો માટે રાહતના સમાચાર એ છે કે, હવે કમોસમી વરસાદની સંભાવના નહિવત્ છે. વરસાદી સિસ્ટમની અસર ઘટતા વરસાદ નહીં પડે. પરંતુ ૫ માર્ચથી રાજ્યમાં ગરમીનો પ્રકોપ શરૂ થશે. આગાહીકાર અંબાલાલ પટેલે કહ્યુ કે, ગુજરાતમાં શિવરાત્રિ નજીક પણ ઠંડા પવન ફૂંકાશે. ૭ થી ૧૨ માર્ચે ફરી વાતાવરણમાં પલટો આવશે. આ સમયે ઠંડા પવનો ફંકાવાની સાથે વધારા સાથે અંધારિયું વાતાવરણ ઉભું થવાની શક્યતા છે. એક પછી એક આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૧૪ થી ૨૦ માર્ચે પણ વાદળવાયુ અને રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી છાંટાની શક્યતા રહેલી છે. ૨૧ માર્ચ બાદ સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં આવતા ગરમી વધશે. વરુણ મંડળના નક્ષત્રમાં આ યોગ બનવાથી અસર ઘણા દિવસો સુધી રહેશે. ૧૫ માર્ચ સુધી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવશે. રાજ્યના જુદા જુદા ભાગોમાં વાતાવરણ પલટાશે. જળદાયક ગ્રહોના યોગો, ઉદય, ગ્રહોના ફેરફાર અને પવન વાહક ગ્રહોની સ્થિતિના કારણે વાતાવરણ પલટાશે.

### હેલ્થ સેન્ટર...

સારવારની જરૂર હશે તો સારવાર કરાવી શકશે. અમદાવાદમાં ખુબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપતાં હોવાથી ગમે ત્યારે મેડિકલ ઈમરજન્સી આવવાની ઘટના બની શકે તેમ હોવાથી પરીક્ષા પહેલા જ તકેદારીના ભાગરૂપે તમામ સ્થળ સંચાલકોને આ યાદી મોકલી દેવામાં આવી છે. પરીક્ષા દરમિયાન સ્થળ સંચાલક પાસે મોબાઈલ ફોન રાખવાની પરવાનગી હોય છે, જેથી તેઓ ડોક્ટરનો સંપર્ક કરી શકશે.

### કરૂણાંતિકા....

લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જે મુજબ મૃતકોમાં પ્રજ્ઞેશભાઈ પટેલ ઉં.વ. ૩૪, મયુરભાઈ પટેલ ઉં.વ. ૩૦, ઉર્વશિબેન પટેલ ઉં.વ. ૩૧, ભૂમિકાબેન પટેલ ઉં.વ. ૨૮, લવ પટેલ ઉં.વ. ૧નો સમાવેશ થાય છે. જ્યારે અકસ્માતમાં ચમત્કારીક રીતે બચી જનાર બાળકીનું નામ અસ્મિતા પટેલ (ઉં.વ. ૪) છે.

રાજ્યમાં અન્ય એક અકસ્માતમાં બે લોકોના મોત નીપજ્યા છે. ખેડાની નડિયાદ પીજ ચોકડી બ્રિજ પાસે ગમખ્વાર અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યા છે. ટ્રક અને લાકડા ભરેલા ટ્રેક્ટર વચ્ચે ભીષણ અકસ્માતમાં ટ્રેક્ટરના ડ્રાઈવર અને ક્લીનરનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે.

### ૪૦૦ પેટી...

છે. જેની સામે મોરબી એલસીબીએ કડક હાથે કામ લીધું છે. એલસીબી પીઆઈ ડી એમ ઢોલને મળેલ બાતમીના આધારે રંગપર નજીક આવેલ આર ટાઈલ નામના એક ગોડાઉનમાં દરોડો પાડ્યો છે. જ્યાં મોટા પ્રમાણમાં આ નશાકારક સિરપનો જથ્થો છુપાવીને રાખવામાં આવ્યો હતો.

હાલ ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. અહીં અંદાજે ૪૦૦ પેટીથી વધુ સીરપની બોટલ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. બીજી તરફ ત્રણેય શખ્સોની પુરછપરછ પણ ચલાવવામાં આવી રહી છે.

તપાસમાં સામે આવ્યું હતું કે, આ નકલી સિરપનો જથ્થો ઝારખંડથી આવ્યો હતો. તે ઉપરાંત પોલીસે નકલી સિરપનો જથ્થો મોકલનાર ઈસમ રવી પટેલની ધરપકડ કરવામાં આવી છે. તેની સાથે મોરબી તાલુકામાં પોલીસે ગુનો નોંધીને આગળ તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય બાબત છે કે, અગાઉ રાજકોટની ભાગોળે આવેલા શાપર (વેરાવળ) તાબેના પડવલા ગામની સીમમાંથી આયુર્વેદિક સીરપના ઓઠા તળે નશા યુક્ત પીણું બનાવતું કારખાનું પોલીસે પકડી પાડ્યું હતું. પોલીસને બાતમી મળી હતી જેના આધારે તપાસ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. દરોડા દરમિયાન ગોડાઉનમાંથી આયુર્વેદિક હર્બલ સીરપના નામે નશાયુક્ત પીણું બનાવવાનું કારખાનું ધમધમતું હોવાનું જાણવા મળ્યું હતું. ગોડાઉનમાં તપાસ કરતા અહીંથી આયુર્વેદિક હર્બલ સીરપના નામે નશીલું પ્રવાહી ભરેલી ૪૮૫૦ બોટલ, નશીલું પ્રવાહી બનાવવા માટે એસેન્સ ફ્લેવરની ૨૫ બોટલ, પ્લાસ્ટિકની ખાલી બોટલ તેમજ ઢાંકણા, નશીલું પ્રવાહી બનાવવા માટેની મશીનરી વગેરે મળી કુલ રૂ.૬.૧૩ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

### શિવરાત્રી...

અન્ન ક્ષેત્રોમાં હરિહર નો નાદ ગુંજી ઉઠશે અને રાત પડતા જ મંદિરો ધમાલયો અને જ્ઞાતિની વાડીઓમાં વિવિધ કલાકારો સાથે સંતવાણીની રમઝટ જામશે .

આ વખતે મહાશિવરાત્રીના મેળા નો બંદોબત પાંચ ઝોનમાં ગોઠવવામાં આવ્યો છે તેમાં સાત ડીંયએસપી, ૨૩ પીઆઈ ૧૧૭ પીએસઆઇ, ૧૦૮૪ પોલીસ કર્મચારી ૧૩૬ ટ્રાફિક પોલીસ કર્મચારી, ત્રણ બોમ્બ સ્કોડ ત્રણ ક્યુ આરટી ૫૨૯ હોમગાર્ડ ૫૯૬ જીઆરડી ૧૮૦ એસઆરપી જવાન ૩૦ થી ટીમ ચોસઠ હભબ એસોજી કર્મચારી મળી કુલ ૨૭૯૯ સુરક્ષા કર્મચારીઓને તેના જ કરવામાં આવ્યા છે વહીવટી તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળા દરમિયાન ભવનાથમાં ત્રણ દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે .જેમાં તારીખ પાંચના રોજ ૭ થી ૧૦ દરમિયાન લોક ડાયરા માં સાયરામ દવે. ગીતા રબારી. શિવરાજ વાળા .તારીખ ૬ ના રોજ કિર્તીદાન ગઢવી .અનુદાન ગઢવી. અને જગદીશ માહેર ના કાર્યકર્મો યોજાશે સાતમી ના દિવસે ભૂમિબેન ત્રિવેદી અનુરૂપ આહિર દીપક જોશી અને દિવ્યેશ જેઠવા કલા રસ પીરસે

આવતીકાલે મહાવદ નોમના દિવસે પરંપરાગત રીતે ભવનાથ મંદિર ખાતે ધજારોહણ અને પૂજા બાદ વિધિવત શિવરાત્રીનો મેળો શરૂ થશે આ વખતે ચાર દિવસનો મેળો યોજાશે ભવનાથ પરિસરમાં અઢીસોથી વધુ નાના-મોટા અનચ્છેત્રો માં હજારો વાનગીઓ સાથે લાખો ભાવિકોને રાત દિવસ ભોજન કરાવશે. બે દિવસથી જ ભવનાથ તરફ માનવ કીડિયારુ ઉભરાઈ રહ્યું છે ભવનાથ તળેટીમાં આવી પહોંચેલા સાધુ સંતોએ ધુણા ધખાવા ની તૈયારીઓ કરી લીધી છે મનપા દ્વારા લાઈટ પાણી સફાઈ સિલ્કની વ્યવસ્થા અને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

ભવનાથ ના મેળા માટે એસટી અને રેલ્વે દ્વારા એક્સ્ટ્રા પરિવારની વ્યવસ્થા કરવામાં આવી છે આ વખતે અનુકૂળ વાતાવરણ સારા વર્ષના પગલે મેળામાં વિક્રમ જનક સંખ્યામાં ભાવિકો ઉમટી પડે તે માટેની તૈયારીઓ કરવામાં આવી છે જિલ્લા કલેકટર રાણા વાસિયા ની સીધી દેખરેખ હેઠળ વહીવટી તંત્ર દ્વારા અણી ચૂક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે સાધુ સંતો દ્વારા ભક્તિ સાથે ભાવિકોની સુવિધાની ભારે ખેવના રાખવામાં આવી છે

### જીગ્નેશ કવિરાજ...

ત્રિવેણી સંગમ એટલે શિવરાત્રીનો મેળો, ત્યારે સાધુ સંતોના ભવનાથ ક્ષેત્રમાં આગમન થઈ ગયું છે.અને સાધુઓ પોતાના ધુણાઓ બનાવી રહ્યા છે.તો બીજી તરફ તંત્ર દ્વારા પણ તૈયારીઓને આખરીઓ આપી દેવામાં આવ્યો છે. જુનાગઢ શિવરાત્રી મેળામાં અન્ન ક્ષેત્રો દ્વારા ભાવિકોને વિનામૂલ્ય ભોજન પ્રસાદી પીરસવામાં આવે છે. અને ઉતારા મંડળ તેમજ સાધુ સંતોના આશ્રમોમાં ભજનની રમઝટ બોલે છે. ત્યારે માત્ર ગુજરાત જ નહીં પરંતુ ભારત ભરના કલાકારો પોતાની કલા પીરસવા અહીં આવે છે.આજે જીગ્નેશ કવિરાજ બારોટ ભવનાથ ખાતે આવ્યા હતા જેમણે મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી સાથે ભવનાથ મહાદેવ ની પૂજા અર્ચના કરી લોકોને શિવરાત્રીનો મેળો માણવા ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું.

### ભવનાથ વેપારી....

મુજબ પ્લાસ્ટિક પ્રતિબંધ કરવામાં આવ્યું છે. સૌએ પ્લાસ્ટિક મુક્ત ગિરનાર બનાવવાનું છે.ત્યારે અમે પણ વેપારીઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આ નિર્ણયને આવકાર્યો છે. અને વેપારી તરીકે અમારી પણ ગિરનારને પ્લાસ્ટિક મુક્ત કરવાની અમારી ફરજ છે.

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ જણાવ્યું હતું કે ગિરનાર ક્ષેત્રમાં વેપારીઓ દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં વેપાર ધંધા બંધ રાખી હડતાલ કરવામાં આવી હતી. મનપાના મેયર ધારાસભ્યભાઈ કોરડીયા ભાજપ શહેર પ્રમુખ પુનિત શર્મા સાથે વેપારીઓની બેઠક યોજાઈ હતી. જેમા હાઈકોર્ટનો પ્લાસ્ટિક મામલે ચુકાદો કરવામાં આવ્યો છે. ૨૦૧૨ થી ગિરનારને ઈકોસેનસીટીવ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યું છે અને તેમાં પ્લાસ્ટિક મુક્ત કરવાનું સૂચન કરવામાં આવ્યો હતો.

# રાજકોટઃ ટેબલ વિવાદને લઈ વકીલો આજથી કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત

## નવી કોર્ટ બિલ્ડિંગ સ્થિત સુવિધાને લઈ ચાલતો વિવાદ શાંત લેવાંનું નામ લેતું નથીઃ તકેદારીના ભાગરૂપે પોલીસ બંદોબસ્ત



**અબતક, રાજકોટ**

જામનગર રોડ પર નવી કોર્ટ બિલ્ડિંગ બન્યા બાદ ટેબલ રાખવાના પ્રશ્ને ચાલતો વિવાદ દોઢ માસ થવા છતાં હજુ ઉકેલાયો નથી. ટેબલ રાખવાનો વિવાદ વધુ વકર્યો હોય તેમ વકીલો દ્વારા કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાનો જે ઠરાવ પસાર કર્યો હતો તે મુજબ આજ સવારથી વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહ્યા હતા. નવી કોર્ટ બિલ્ડિંગમાં ટેબલ રાખવાના વિવાદને ઉકેલવા માટે ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા કમિટીની રચના કરવામાં આવી હતી. જે કમિટીમાંથી ચાર ધારાશાસ્ત્રીઓએ રાજીનામા આપી દીધા હતા અને નવી કોર્ટ બિલ્ડિંગમાં અગવડતા અને અસુવિધા દૂર કરવાની માંગણીને લઈ વકીલો મક્કમ છે.આ માગણીને લઈ વકીલો દ્વારા કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવા તથા આગામી દિવસોમાં યોજાનાર લોક અદાલતનો બહિષ્કાર કરવા સહિતના ઠરાવો રાજકોટ બાર એસોસિએશનની મિટિંગમાં પસાર થયા હતા.

આ કાર્યક્રમના પગલે આજરોજ વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેવાના હોય ગઈકાલે રાજકોટ બાર એસોસિએશનના હોદ્દેદારોએ પોલીસ બંદોબસ્તની માંગણી કરી હતી. પરંતુ યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈએ આ માંગણી સ્વીકારી ન હતી આ સંબંધેના પત્રમાં પીઆઈએ લખ્યું હતું કે, હડતાળનો કોલ કાયદાના નિયમો અને ઉપરી અદાલતના ચુકાદાઓ સાથે સુસંગત ન હોવાથી પોલીસ રક્ષણ આપવા પાત્ર નથી. વધુમાં તેમને લખ્યું હતું કે, કોર્ટની ન્યાયિક કાર્યવાહીમાં અડચણ થાય તેવી કોઈ કાર્યવાહી ન કરવી.

આ સંદર્ભે બારના હોદ્દેદારોએ ટેકનિકલ મુદ્દો ઉઠાવી જણાવ્યું હતું કે, બાર દ્વારા હડતાળનું એલાન અપાયું જ નથી જે પત્ર પોલીસને અપાયો છે તેમાં પણ હડતાલનો ઉલ્લેખ નથી. વકીલો માત્ર કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહે તે પ્રકારનો જ નિર્ણય લેવાયો છે. બીજી તરફ જ્યુડિશિયલ ઓફિસરે બંદોબસ્ત આપવા માટેનું કહ્યું હોય જેના કારણે તકેદારીના ભાગરૂપે આજરોજ સવારથી કોર્ટ પરિસરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

આજરોજ સવારથી અગાઉ નક્કી થયેલા કાર્યક્રમ મુજબ વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહ્યા હતા. જેમાં બાર એસોસિએશનના હોદ્દેદારો ઉપરાંત સિનિયર અને જુનિયર વકીલો પણ જોડાયા હતા.

## પત્ની રિસામણે હોવાથી સમાધાન માટે ગયેલા

# ચુડાના યુવકનું શંકાસ્પદ મોત

## પરિવારજનો દ્વારા હત્યાની આશંકા વ્યક્ત કરતા મૃતદેહને ફોરેન્સીક અર્થે ખસેડ્યો

**અબતક, અજયસિંહ ઝાલા, લીંબડી**

સાયલાના દેવીપૂજક યુવાનનો લીંબડી રાણપુર રોડ પર ચુડા ત્રિકોણ સર્કલ પાસેથી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ હાથ ધરી હતી.

સાયલા ગામનો અને રાજકોટ રહી મજુરી કામ કરી પરીવાર નુ ગુજરાન ચલાવતા દેવીપૂજક યુવાન લાલજી ની પત્ની કૌટુંબિક માથાકૂટ થતા પિયરમાં ભડકવા ગામે રીસામણે આવી રહેતી હતી. લાલજી ના ભાઈ એ લીંબડી પોલીસને વિગતો આપતા જણાવ્યું હતું કે, ગત રાત્રે લાલજી ને તેના સાસરિયા લોકો એ સમાધાન કરવા તેડાવતા તે ગયો હતો. મોડી રાત્રે તેનો મૃતદેહ લીંબડી રાણપુર રોડ પર ચુડા ત્રિકોણ સર્કલ પાસે થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા એનો અકસ્માત નહિ પરંતુ હત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને પોલીસે મૃતદેહ ને પીએમ માટે લીંબડી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પરિવારજનો એ મૃતદેહ ને પેનલ આધારિત પીએમ કરાવવા માટે લીંબડી થી રાજકોટ ખસેડવા માગણી કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સ્થાનિક પોલીસ અને તબીબો ને પ્રાથમિક દ્રષ્ટિએ આ અકસ્માત હોવાનું લાગી રહ્યું છે. પરંતુ મૃતક યુવાન ના પરિવારજનોએ એ યુવાન ની હત્યા થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો અને પેનલ આધારિત પીએમ કરવા રાજકોટ ખસેડવામાં માગણી કરી હતી.હાલ તો મૃતદેહ લીંબડી પોલીસ સ્ટેશને લઈ આવતા પોલીસે વિગતો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ગં.સ્વ. કંચનબેન નટવરલાલ શીંગાળા (ઉ.વ.૯૩) તે સ્વ. નટવરલાલ મોહનલાલ શીંગાળાના પત્ની તે જયેશભાઈ, જસ્મીનભાઈ, જયપ્રકાશ તથા સ્વ. ભારતીબેન હિંમતકુમાર મશરૂના માતા તે સ્વ. પોપટલાલ ભાણજીભાઈ ઉનડકટ (ગોંડલવાળા) ના દિકરીનું તા. ૨ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ટેલીફોનીક બેસણું તા. ૪ ને સોમવારે સાંજે ૪ થી ૬ જસ્મીનભાઈ શીંગાળા મો. નં. ૯૩૭૪૧ ૨૧૯૮૨, રાજુભાઈ જયકૃષ્ણ ઉનડકટ મો. નં. ૯૮૨૫૪ ૩૧૮૩૮ પર સાંજે ૪ થી ૬ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

જલારામબાપાની ૧૪૩મી પુણ્યતિથિ નિમિતે

# દ્વારકામાં કાલે અમૃતલાલ રાયઠ્ઠા દ્વારા રઘુવંશી સમાજ માટે સમૂહ પ્રસાદ

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દ્વારકાના તીનબતી ચોક વિસ્તારમાં અપના પાન ઘર નામની પાંચ દાયકા ઉપરાંતથી પાનની નાની દુકાન ધરાવતા રઘુવંશી વેપારી અને જલારામબાપાના પરમભકત અમૃતલાલ રણછોડદાસ રાયઠ્ઠા ઉર્ફે અમુભાઈ પાનવાળા તેમની દરીયાદીલી તથા સમસ્ત રઘુવંશી સમાજ પ્રત્યેની વિશાળ મનોભાવનાને કારણે દ્વારકાના સમસ્ત રઘુવંશી પરિવારમાં અનોખી પ્રતિભા ધરાવે છે. અમુભાઈ તેમની દુકાનના નામ પ્રમાણે ગુણ ધરાવે છે અને દરેક રઘુવંશીને 'અપના' માને છે. આવતીકાલે પૂ.સંતશિરોમણી શ્રી જલારામબાપાની ૧૪૩મી પુણ્યતિથિ નિમિતે સમસ્ત રઘુવંશી પરિવારો માટે અમુભાઈના યજમાનપદે યોજાનારા સમુહપ્રસાદીનો કાર્યક્રમ લોહાણા મહાજનવાડી ખાતે સાંજે ૭-૦૦ કલાકેથી શરૂ થશે. સમુહ પ્રસાદીનો લાભ લેવા અમુભાઈ દ્વારા શહેરના રઘુવંશી પરિવારોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવેલ છે. નોંધનીય છે કે અમુભાઈ આ અગાઉ રઘુવંશીઓ માટે આશરે સાતથી આઠ વખત સમુહપ્રસાદીનું આયોજન કરી ચુક્યા છે.




વેપારી અમૃતલાલ રાયઠ્ઠાનો મુખ્ય ઉદેશ અન્નદાન મહાદાન... ગૌદાન મહાદાન...છે. નાનો વેપાર અને નાની મુડી બચત કરીને ૭૭ વર્ષના વયોવૃધ્ધ અમુભાઈ મોજશોખમાં પૈસા ન ખર્ચીને સમાજ ઉપયોગી પ્રવૃતિમાં પૈસા વાપરીને પોતાની મુડીનો સદુપયોગ કરતા હોવાનું ઉમદા ઉદાહરણ સમાજને પુરૂ પાડેલ છે.

મુક્તેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા

# ગોંડલના મુક્તિધામ ખાતે ભાગવત સપ્તાહનો પ્રારંભ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય**
**ગોંડલ**

કોરોના કાળમાં તથા બીનવારસીઓના ગોંડલ મુક્તિધામ ખાતે અંતિમ સંસ્કાર થયેલ હોય તેના આત્માને મોક્ષાર્થે મુક્તેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા મુક્તિધામ ખાતે આવેલ કેશવબાગ માં ભાગવત સપ્તાહ નો ભવ્ય પ્રારંભ કરાયો છે. કથા નું શ્રવણ ડોડીયાળા વાળા શાસ્ત્રી જનકભાઈ મહેતા દ્વારા કરાયું છે. રોજ બપોર ૩.૦૦ વાગ્યા થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી થશે. સપ્તાહ દરમિયાન રોજ રાત્રે ૯.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લોકડાયરાનું આયોજન રાખેલ છે. સર્વે ધર્મપ્રેમી ભાઈ - બહેનો તેમજ સર્વે નગરજનોને કથા શ્રવણ, દર્શન, સત્સંગ આરતીનો લાભ લેવા પધારવા મુકતેશ્વર સેવા ટ્રસ્ટ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી મુક્તેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવેલ ભાગવત સપ્તાહમાં પોથીયાત્રા ચોરડી દરવાજા ભૂરાબાવાના ચોરા પાસે આવેલ મોટી હવેલી થી નીકળી મુક્તિધામ ખાતે કથા સ્થળે પહોંચ હતી.ત્યાર બાદ કથાનો પ્રારંભ કરાયો હતો.. તા. ૬ - ૩ બુધવાર સાંજે ૭.૦૦ કલાકે શ્રી નૃહસિંહ અવતાર, તા.૭ - ૩ - ૨૦૨૪ ગુરૂવારે સાંજે ૬.૦૦ કલાકે શ્રી વામન જન્મ, શ્રી રામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મ (નંદોત્સવ), તા. ૮ - ૩ શુક્રવાર સવારે શિવરાત્રી ના દિવસે મુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતે ભવ્ય શણગાર કરવામાં આવશે અને શિવરાત્રી ની ઉજવણી કરવામાં આવશે. અને સાંજે ૭.૦૦ કલાકે શ્રી ગિરિરાજ ઉત્સવ અને અન્નકોટ, તા. ૯ - ૩ શનિવાર સાંજે ૬.૦૦ કલાકે શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, તા.૧૦ - ૩ રવિવારે સાંજે ૬.૦૦ કલાકે કથા વિરામ ત્યાર બાદ મહા પ્રસાદ યોજાશે.

મુક્તેશ્વર સેવા ટ્રસ્ટ છેલ્લા ૨૩ વર્ષ થી લોકમેળામાં આઈસ્ક્રીમના સ્ટોર દ્વારા થતી આવક સ્મશાનના વિકાસ કાર્યમાં ઉપયોગ કરવામાં આવે છે. ગોંડલમાં સેવાનો પર્યાય બનેલ મુક્તેશ્વર સેવા ટ્રસ્ટમાં પ્રમુખ ઉપપ્રમુખ કે અન્ય કોઈ હોદાઓ રાખવામાં આવ્યા જ નથી અહીંનો નાનો કે મોટો દરેક કાર્યકર પ્રમુખ જ માનવામાં આવી રહ્યો છે આ ગ્રુપ દ્વારા છેલ્લા ૨૩ વર્ષ સુધી શહેરમાં યોજાતા લોકમેળામાં આઈસ્ક્રીમનો સ્ટોલ કરી તેમાં થતી આવક સ્મશાનના કામકાજમાં ઉપયોગ કરવામાં આવી રહી છે.

# નવી શિક્ષણ નીતિ નવા ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપશે: કેન્દ્રીય મંત્રી રૂપાલા

## ખાંભાના જામકા ગામે રૂ. ૮૫ લાખના ખર્ચે પ્રાથમિક શાળાનું ઉદઘાટન

**અબતક, ચેતન વ્યાસ,**
**રાજુલા**

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત જામકા મુકામે રૂ. ૮૫ લાખના ખર્ચે જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના અદ્યતન સુવિધાસભર ભવનનું નિર્માણ થયું છે. શાળાના આ નવનિર્મિત ભવનમાં સાયન્સ લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, ડિજીટલ શિક્ષા માટે સ્માર્ટ ક્લાસ સહિતની અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.



ખાંભા તાલુકાના જામકા મુકામે નવનિર્મિત જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ અમલી બનાવવામાં આવી છે. આ નવી શિક્ષા નીતિ આપણા નવા ભારતના નિર્માણમાં મહત્વનું યોગદાન આપશે, નવી નીતિમાં માતૃભાષામાં શિક્ષણ આપવાની હિમાયત કરવામાં આવી છે. જામકા પ્રાથમિક શાળા (પીએમ શ્રી સ્કૂલ)ના નવા બિલ્ડિંગના ઉદ્ઘાટન પ્રસંગે શાળાના શિક્ષકો, ગ્રામજનોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજુલા-જાફરાબાદ ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.

આ પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડિયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા અને તાલુકા પંચાયત સદસ્યઓ, જામકા ગ્રામ પંચાયત સરપંચ, સભ્યઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, જામકા ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી, શાળાના આચાર્ય અને શિક્ષકઓ, બહોળી સંખ્યામાં ગ્રામજનો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓનલાઈન ફ્રોડ ટોળકીથી બચવા નાગરિકોને સાયબર ક્રાઈમની અપીલ

**અબતક, જામનગર**

જામનગર સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા જામનગરના સર્વે વેપારીઓ તેમજ નાગરિકોને અપીલ કરવામાં આવે છે, કે તમને આર્મી ના નામનો દુરઉપયોગ કરી અથવા કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા ફોન કરીને ઊંચા ભાવે માલ ખરીદવાનો ઓર્ડર આપે, તો ખાતરી કરીને જ માલ મોકલવો. તેમજ ગુગલ પે, ફોન પે, એટીએમ દ્વારા ઓનલાઈન પેમેન્ટ આપવાની વાત કરે તો ખાસ તકેદારી રાખવી.

ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ પર ટ્રાન્સફર ફ્રોડ, ટ્રેડિંગ ફ્રોડ, ઓનલાઈન રેટિંગ ફ્રોડ, કે પેન્સિલ પેકિંગ કામ જેવી ઓનલાઈન ઘર બેઠા રૂપિયા કમાવવાની લાલચમાં પડવું નહીં.

કોઈપણ કંપનીના કસ્ટમર કેર નંબર ઉપર કે અજાણી વ્યક્તિ સાથે ફોન ઉપર વાત કરતી વખતે બેંક ખાતા ને લગતી માહિતી કે ઓટીપી ક્યારેય આપો નહીં, તેમજ ફોન પર વાત કરતા સમયે સામા વાળાએ મોકલેલ લીંક પર ક્યારેય ક્લિક કરવું નહીં, તેમજ સામા વાળાએ મોકલેલ એપ્લિકેશન ક્યારે ડાઉનલોડ કરવી નહીં. હંમેશા સાવચેત રહો, અને સુરક્ષિત રહો, તેવી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા સર્વેને અપીલ કરવામાં આવી છે.

# પ્રાંચી ખાતે ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજના સમુહ લગ્નોત્સવમાં મહાનુભાવોનું કરાયું સન્માન

**અબતક, રામસિંહ મોરી**
**સુત્રાપાડા**



ક્ષત્રિય કારડીયા રાજપૂત સમૂહ લગ્ન સમિતિ પ્રાંચી આયોજીત છઠ્ઠા માં સમૂહ લગ્નોત્સવ સુત્રાપાડા તાલુકાના પ્રાંચીમાં યોજાયે ગુરુદેવ દાનભા બાપુ, સુરાપુરા ધામ ભોળાદ તેમજ અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજ ના પ્રમુખ અને ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ, પૂર્વ મંત્રી લખમણભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, ગીર સોમનાથ જિલ્લા મહામંત્રી દિલીપભાઈ બારડ,પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, ગીર સોમનાથ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ રાજવીરસિંહ ઝાલા, શૈલેન્દ્રસિંહ રાઠોડ,કારડીયા રાજપૂત સમાજના આગેવાનો હાજર રહ્યા અને પ્રભુતામાં પગલા માનતા નવ દંપતીઓને સુખી જીવનના આશીર્વાદ આપ્યા હતા.

# વેરાવળમાં કાલે જલારામ બાપાની પુણ્યતિથિ નિમિતે સમસ્ત લોહાણા સમાજનો સમુહ પ્રસાદ

**અબતક, અતુલ કોટેચા**
**વેરાવળ**

વેરાવળ ભાલકા ભીડીયા જી.આઈ.ડી.સી સોમનાથ તેમજ તાલુકા અને જીલ્લામાં જલારામ બાપા ની પુણ્યતિથી તા૫/૩/૨૪ મંગળવારે સમુહ લોહાણા જ્ઞાતિ ભોજન પ્રસાદનું આયોજન કરાયેલ છે આપ્રસંગે જલ્યાણ ગ્રુપ દ્વારા થઈ રહેલ હોય ત્યારે દીપક કક્કડે જણાવેલ હતું કે સાંજે ૭ કલાકે લોહાણા બોર્ડીંગ બસ સ્ટેન્ડ સામે વિશાળ ગ્રાઉન્ડ માં આ આયોજન કરાયેલ છે જેમાં જલારામ બાપાને પુજન, પ્રસાદ ધરી સમુહ જ્ઞાતિ ભોજનની શરૂઆત કરાશે દર વર્ષે યોજાનાર આ કાર્યક્રમ માં જલ્યાણ ગ્રુપ ના તમામ કાર્યકરો તેમજ સેવા આપનાર તમામ યુવાનો તડામાર તૈયારીઓ કરી રહેલ છે આ સમુહ ભોજન માં સીનીયર સીટીજન ભાઈઓ બહેનો માટે ટેબલ ખુરશી ની વ્યવસ્થા રખાયેલ છે જેથી આ કાર્યમાં સહપરીવાર ને પધારવા તેમજ જ્ઞાતિ ગંગા દર્શન નો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.






# ભારતીય શેરબજારમાં ઉછાળે નફારૂપી વેચવાલી નોંધાશે..!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!!

તા.૦૪.૦૩.૨૦૨૪ ના રોજ સવારે ૧૦ કલાકે....

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....

ત્રીજા ત્રિમાસિકમાં ભારતીય અર્થતંત્ર ૮.૪%ના જીડીપી ગ્રોથ સાથે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યુ છે. ત્યારે અર્થતંત્રની તેજ રફ્તારની અસર ભારતીય શેરબજાર પર પણ જોવા મળી હતી. આજે સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં તેજી જોવા મળી હતી. ગત સપ્તાહે શનિવાર ૦૨, માર્ચ ૨૦૨૪ના રોજ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બીએસઈ-બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર સ્પેશ્યલ લાઈવ ટ્રેડીંગ સત્ર યોજાયું હતું તેમાં તેજી તરફી માહોલ જોવા મળ્યો હતો. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો - એફપીઆઈઝની ભારતીય શેરબજારમાં વેચવાલી સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની અવિરત ખરીદી સાથે નીચા મથાળે નવી લેવાલી નોંધાતા સપ્તાહના અંતે બીએસઈ સેન્સેક્સે ૭૩૯૯૪.૭૦ પોઈન્ટની અને નિફ્ટી ફ્યુચરે ૨૨૫૪૭.૦૦ પોઈન્ટની નવી ઐતિહાસિક સપાટી નોંધાવી હતી.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો શુક્રવારે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૧૭%ના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસપી ૫૦૦ ૦.૮૦% અને નેસ્ડેક ૧.૧૨% વધીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૨૪% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૦૮% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર કન્ઝ્યુમર ડ્યુરેબલ, મેટલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, એફએમસીજી અને ટેક શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૯૪૨ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૧૮૩ અને વધનારની સંખ્યા ૧૬૧૭ રહી હતી, ૧૪૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૬૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૨૩ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, એમપીસીની ૬-૮ ફેબ્રુઆરીની મીટિંગની મિનિટસ જારી થયા બાદ તેમનો આ મત આવી પડયો હતો. આગામી નાણાં વર્ષ માટે રિઝર્વ બેન્કે ફુગાવાનો ૪.૫૦%નો અંદાજ મૂકયો છે જે વ્યાજ દરમાં કપાત માટે અવકાશ પૂરો પાડે છે. જુલાઈ - સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં રિટેલ ફુગાવો ઘટી ૪% પર આવવા અને ત્યારબાદના ત્રિમાસિકમાં તે ફરી વધી ૪.૬૦% રહેવા રિઝર્વ બેન્કે ધારણાં મૂકી છે.જાન્યુઆરીમાં ફુગાવો ઘટી ૫.૧૦% સાથે ત્રણ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો. દેશમાં આર્થિક વિકાસ મજબૂત જોવાઈ રહ્યો છે ત્યારે હાલનો ૬.૫૦% રેપો રેટ યોગ્ય છે. પરંતુ ફુગાવો સૌથી મહત્વનું પરિબળ છે. ફુગાવો નોંધપાત્ર નીચો રહે તો ૨%થી વધુનો રેપો રેટ પણ ઘણો ઊંચો ગણાશે. છેલ્લા ત્રણ વર્ષથી ભારતે ૭%થી વધુનો આર્થિક વિકાસ દર હાંસલ કર્યો છે. આગામી નાણાં વર્ષમાં પણ વિકાસ દર ૭% રહેવા ધારણાં મૂકવામાં આવી છે. આની સાથોસાથ છેલ્લા બાવન મહિનાથી ફુગાવો ૪%ના ટાર્ગેટથી ઉપર રહ્યા કરે છે. ફુગાવામાં ઘટાડો જળવાઈ રહેશે તો વ્યાજ દરમાં કપાત માટે સ્થિતિ સાનુકૂળ બનતી જવાની અપેક્ષા છે. જો કે મોટાભાગના અંદાજો ઓકટોબર-ડિસેમ્બર ત્રિમાસિકમાં તેમાં ફરી વધારો થવાના સંકેત આપે છે.

એમસીએક્સ ગોલ્ડ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે અપ્રિલ ગોલ્ડ રૂ.૬૩૪૦૧ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૬૩૫૦૨ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૬૩૪૦૧ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૭૫ પોઈન્ટના ઘટાડા સાથે રૂ.૬૩૪૮૮ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે મે સિલ્વર રૂ.૭૨૨૩૦ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૨૨૩૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૧૯૫૭ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૨૧૩ પોઈન્ટના ઘટાડા સાથે ૭૨૦૬૫ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

ખેર મિત્રો, હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

- એચડીએફસી બેન્ક ( ૧૪૩૭ ) :- એચડીએફસી ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૦૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૯૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૫૪ થી રૂ.૧૪૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૪૭૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!
- ટાટા કન્ઝ્યુમર ( ૧૨૦૮ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૧૬૫ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૩૩ થી રૂ.૧૨૪૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!
- આઈઆરસીટીસી લિ. ( ૯૩૭ ) :- રૂ.૯૦૯ નો પ્રથમ તેમજ રૂ.૮૯૦ બીજા સપોર્ટથી ટુર, ટ્રાવેલ રીલેટેડ સર્વિસ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૫૩ થી રૂ.૯૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!
- સન ટીવી ( ૬૧૬ ) :- ટીવી બ્રોડકાસ્ટિંગ એન્ડ સોફ્ટવેર પ્રોડક્શન સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૬૩૩ થી રૂ.૬૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૫૯૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!
- ઈન્ડિયન હોટેલ્સ ( ૫૯૩ ) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૭૭ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૦૬ થી રૂ.૬૧૬ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ ના પ્રોપરાઈટર છે

**લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે**

**ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!**

# અમરેલી: સાવરકુંડલા નેશનલ હાઈવેની સ્થિતિ મગરની પીઠ જેવી

## વાહન ચાલકો પરેશાન - તંત્રના પેટનું પાણીયે હલતું નથી



**અબતક, પ્રદિપ ઠાકર**
**અમેલી**

અમરેલી સાવરકુંડલા નેશનલ હાઈવે હાલ માંદગીની પથારીએ હોય તેમ આશરે ૩૫ કી.મી ના રોડ ઉપર ખાડાઓ પોતાનું સામ્રાજ્ય ખડક્યું છે અમરેલી સાવરકુંડલા બાયપાસ્થી લઈ સાવરકુંડલા સુધી આશરે ૩૫ કી.મી.જેવા રોડની હાલત અતિ બિસ્માર હાલતમાં થઈ ચૂકી છે રોડની વચો વચ મસ મોટા ખડાઓથી વાહન ચાલકો ખૂબ પરેશાન થઈ રહ્યા છે આ નેશનલ હાઈવે અમરેલીથી રાજુલા ,જાફરાબાદ, પીપાવાવ પોર્ટ વગેરે શહેરો ને જોડે છે રાજુલા સિમેન્ટ ફેક્ટરી અને પીપાવાવ પોર્ટ હોવાને કારણે રોડ ઉપર ૨૪ કલાક અને ૩૬૫ દિવસ ભારે વાહનોની અવર જવર રહે છે રાજ નેતાઓ થી લઈ અધિકારીઓ સુધી તમામ લોકો આ રોડ ઉપર મુસાફરી કરે છે સાથે સાથે અમરેલી જિલ્લાનું વડુ મથક હોવાના કારણે રાજુલા જાફરાબાદના લોકોને પણ સરકારી કામો માટે આવ જા કરવી પદે છે ઘણા વિદ્યાર્થીઓ પણ અપડાઉન કરે છે કુલ મળીને આ રોડ બારેય માસ વાહનોથી ધમધમતો રહે છે છતા પણ તંત્ર આંધળું અને બહેરું છે અનેક વખત મૌખિક રજૂઆતો છતાં પણ રીપેરીંગ કરવામાં નથી આવતો કે નથી ખાડા બુરવામા આવતા ! રાત્રે પરિવાર સાથે નીકળતાં મોટર સાઈકલ ચાલકો ખુબજ હેરાન થાય છે મોટા વાહનોની હેવી લાઈટો આંખોમાં આવતાં ખાડાઓ દેખાતા બંધ થઈ જાયછે ત્યારે જ મસમોટા ખાડાઓ પોતાની ભૂમિકા ભજવે છે અને મોટરસાઈકલ ચાલક બેલેન્સ ગુમાવી દેછે અને અકસ્માત સર્જાય છે ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી હવે ક્યારે જાગશે ? શું કોઈ મોટા અકસ્માતની રાહ જુએ છે ? તંત્રની આ બેદરકારી હવે કેટલા ભોગ લેશે ? તેવા સવાલો હવે લોકોમાં ઉઠી રહ્યા છે

# લતીપર: શિવરાત્રી નિમિતે શુક્રવારે ભજન-સંતવાણી કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

શિવરાત્રી મહાપર્વ નિમિતે તારીખ ૮ માર્ચની રાત્રે ભજન-સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરેલ. સુપ્રસિધ્ધ ભજનિક પ્રસાદજી મહારાજનો ભજન-સત્સંગ, ગુરૂમહિમાનો કાર્યક્રમ પૂ.પ્રેમમુર્તિ ગુરૂમાં લતીપર (ધ્રોલ) ખાતે રાખેલ છે. આ કાર્યક્રમનો લાભ લેવા ધર્મપ્રેમી લોકોને અનુરોધ કરાયો છે.

# પ્રાંતિજ: એસએમસીએ કારમાંથી ૧.૬૭ લાખના વિદેશી દારૂ ઝડપાયો

## એકને ઝડપી ફરાર ત્રણ આરોપીની શોધખોળ




**અબતક, સંજય દિક્ષિત**
**ઈડર**

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી સ્ટેટ મોનીટરીંગ સેલને એક પછી એક મોટા પ્રમાણમાં દારૂના જથ્થા ઝડપી લેવામાં સફરતા મળી રહી છે ત્યારે પ્રાંતિજના કતપુર ટોલનાકા ઉપરથી સ્ટેટ મોનીટરીંગ સેલે કારમાંથી રૂપિયા ૧.૬૭ લાખના વિદેશી દારૂ સાથે ચાલકને ઝડપી લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૪ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તે જ મોનિટરિંગ સેલની ટીમે શનિવારના રોજ કતપુર ટોલનાકા પાસે બાતમી આધારે કાર રોકી તેની તપાસ કરતાં કારમાંથી ૧૬૭૬ નંગ વિદેશી દારૂની બોટલો જેની કિંમત રૂ.૧,૬૭,૬૦૦ નો મળી આવ્યો હતો જેને લઈને કાર ચાલક વિજયપાલ દેવીલાલ મીણા (રહે. બોરીગામ, તા.ડુંગરપુર, રાજસ્થાન) ને ૭ લાખની કાર,મોબાઈલ એક રૂ.૫ હજારનો મળી કુલ રૂ.૮,૭૨,૬૦૦ નો મુદ્દામાલ કબજે લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ઝડપાયેલા ચાલક અને ફરાર ત્રણ સહિત ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.

# વાંકાનેર: રોડનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય જીતુભાઈ સોમાણી

**અબતક,**
**લિતેશ ચંદારાણા**
**વાંકાનેર**



વાંકાનેર-કુવાડવા મતવિસ્તારનાં માધાપર સુન્દરમ સીટી સોસાયટી પાસે આશરે એક કરોડથી વધારે રકમથી નવી ટેકનોલોજી ડિઝાઈન દ્વારા ડામર રોડનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જીતુભાઈ સોમાણી અને ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કોર્પોરેટરો તેમજ સંગઠનના હોદ્દેદારો અને બહોળી સંખ્યામાં સોસાયટીનાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# અનંત-રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં અનોખો 'જલસો'

## ત્રિ-દિવસીય ફંક્શનમાં વૈશ્વિક મહાનુભાવોએ માણી જંગલ સફારી... રાત્રે ડાન્સ-મ્યુઝિકમાં મહેમાનો ઝૂમ્યાં:અંબાણી પરિવારના આતિથ્ય સત્કારથી મહેમાનો ગદગદીત







## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેનું સ્વાગત

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે અંબાણી પરિવારના લાડકવાયા અનંત-રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે મુખ્યમંત્રી એકનાથ શિંદેનું જામનગર એરપોર્ટ પર કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ સહિતના મહાનુભાવો દ્વારા સ્વાગત કરાયું હતું. મહાનુભાવોએ સીએમ એકનાથ શિંદેને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.



## આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા શર્માની વિશેષ ઉપસ્થિતિ

અંબાણી પરિવાર દ્વારા અનંત-રાધિકાના ત્રિ-દિવસીય પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં આસામના મુખ્યમંત્રી હેમંત બિશ્વા શર્મા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીનું જામનગરમાં આગમન થતાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યા, એસ.પી. પ્રેમસુખ ડેલુ સહિતના મહાનુભાવોએ પુષ્પવર્ષા વડે અભિવાદન કર્યું હતું.



## જામનગર એરપોર્ટ પરથી ૩૫૦ ફ્લાઇટનું મુવમેન્ટ

જામનગરમાં અંબાણી પરિવાર દ્વારા પ્રિવેડિંગ સેરેમનીનું આયોજન કરાયુ હતું. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિવેડિંગ જલસામા સહભાગી થવા દેશ વિદેશના મહેમાનો આવતા હોવાથી જામનગરના એરપોર્ટ પર ફલાઈટની દોડાદોડી રહી હતી. જેના ભાગરૂપે જામનગરના એરપોર્ટને ઓથોરિટી દ્વારા ઈન્ટરનેશનલ એરપોર્ટની માન્યતા આપવામાં આવી હતી. ત્યારે આ સપ્તાહ દરમિયાન ૩૫૦ ફ્લાઈટ મુવમેન્ટ થઈ છે. ૮૬ ઈન્ટરનેશનલ ફ્લાઈટની અવર જવર સાથે કુલ ૪૫૦૦ લોકોનું એરપોર્ટ પરથી મુવમેન્ટ થયાનું સત્તાવાર સામે આવ્યું છે. જામનગરના એરપોર્ટ પર સંખ્યાબંધ ડોમેસ્ટિક ફ્લાઈટ અવર જવર રહેવાની હોવાથી એરપોર્ટ ઓથોરિટી દ્વારા થોડા દિવસો માટે જામનગરના એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકેની માન્યતા આપી છે. એરપોર્ટના ડાયરેક્ટ ડી.કે.સિંગે જણાવ્યું કે ૨૬ ફેબ્રુઆરીથી તારીખ ૩.૩.૨૪ સુધીના સમયગાળા દરમિયાન કુલ ૩૫૦ ડોમેસ્ટિક ફ્લાઈટોનું મુવમેન્ટ થયું છે. જયારે ૮૬ ઈન્ટરનેશનલ ફ્લાઈટનું મુવમેન્ટ જામનગરના એરપોર્ટ પર થયું છે, અને આ દિવસો દરમિયાન કુલ ૪૫૦૦ જેટલા મહેમાનોની એરપોર્ટ પર અવર-જવર જોવા મળી છે.

## અંબાણી પરિવારની મહેમાનગતિ માણતા ડિજીપી વિકાસ સહાય

દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના ત્રિ-દિવસીય પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં ગુજરાતના ડિજીપી વિકાસ સહાય મહેમાન બન્યા હતા. જામનગર એરપોર્ટ ખાતે ડિજીપી વિકાસ સહાયનું જિલ્લા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ સહિતના મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.



## અંબાણી પરિવારે 'જલાબાપા'ને વિક્રમી રોટલો ધરાવ્યો

જામનગરમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનાં ચેરમેન મુકેશ અંબાણી તથા નીતાબેન અંબાણીનાં નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનાં પ્રિ-વેડીંગ સેલિબ્રેશન નિમિત્તે બોલીવુડ કલાકારોનાં ભવ્ય આયોજનોની સાથે જ ધર્મકાર્યો પણ થઈ રહ્યા છે. જે અંતર્ગત હાપા જલારામ મંદિરે શ્રી પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્રનાં ઉપક્રમે સંત શિરોમણી શ્રી જલારામ બાપાને વિશ્વ વિક્રમી રોટલો ધરાવવામાં આવ્યો હતો. તેમજ સંધ્યા આરતી પછી ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. અંબાણી પરિવાર દ્વારા માંગલિક પ્રસંગે ભવ્ય ઉજવણીની સાથે જ ધર્મકાર્યો કરી સાંસ્કૃતિક વારસાને પણ જાળવવામાં આવ્યો છે.



## સલમાન, શાહરૂખ, આમિર ખાન, રણવીર-દિપીકા સહિતના કલાકારોના ધમાકેદાર પરર્ફોમન્સ

**અબતક, જામનગર**


ઉદ્યોપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અને રાધિકાના પ્રિ-વેડિંગ સેલિબ્રેશનમાં વિશ્વભરના દિગ્ગજ મહાનુભાવો, બોલીવુડ-હોલીવુડના ખ્યાતનામ કલાકારો, ક્રિકેટરો સહિત રાજકીય આગેવાનો જામનગરના મહેમાન બન્યા હતા. ત્રિ-દિવસીય પ્રિ-વેડિંગ સેલિબ્રેશનના પ્રથમ દિવસે હોલીવુડ પોપસીંગર રિહાના, એકોન સહિત અરિજીતસિંઘ, દિલજીત દોસાન, શ્રેયા ઘોંસાલ સહિતના સિંગરોએ સૌ કોઈને પોતાના સુરીલા કંઠે ઝુમાવ્યાં હતા. પ્રિ-વેડિંગ સેલિબ્રેશનના બીજા દિવસે વોક ઓન ધ વાઈલ્ડ સાઈડ થીમ ઉપર મહેમાનોને વનતારાના પ્રાણીઓના રેસ્ક્યૂ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી. તમામ મહેમાનોએ જંગલની થીમ મુજબ ડિઝાઈનર કપડાં પહેરી સૌ કોઈને આકર્ષિત કર્યા હતા. આ ડ્રેસ કોડમાં સચિન તેંડુલકર, દિપીકા-રણવીરસિંઘ, માર્ક ઝુકરબર્ગ, નિતાબેન, આકાશ, રાધિકા, શ્લોકા-આકાશ સહિતના મોંઘેરા મહેમાનો જંગલ થીમના ડ્રેસકોર્ડમાં જોવા મળ્યા હતા. મહાનુભાવોએ હાથીની સારવાર કરતી હોસ્પિટલ પ્રાણીઓની મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ, લેબોરેટરી તેમજ રેસ્ક્યૂ કરાયેલા પ્રાણીઓ વિશે માહિતી મેળવી હતી. રાત્રે જશ્નમાં આમિર ખાન, શાહરૂખ ખાન, સલમાન ખાન, રણવીર-દિપીકાના ડાન્સથી આમંત્રિત મહેમાનોને ડોલાવ્યા હતાં.

# તીખા તમતમતા મરચાની માંગ, જંગી આવકથી હાપા યાર્ડ બન્યું 'લાલચટાક'

## યાર્ડમાં ૧૦,૦૦૦ ભારી મરચાની આવકઃ ખેડૂતોને રૂ.૧૫૦૦થી લઇ ૫૦૦૦ સુધીના મણદીઠ મરચાના ભાવ મળ્યાં

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના સૌથી મોટા હાપા માર્કેટિંગ યાર્ડમાં સિઝનની માફક જુદી જુદી જણસોની આવક થતી હોય છે. ત્યારે હાલ જીરુ અને કપાસની જંગી આવક જોવા મળી રહી છે. તેવામાં આજે જામનગર યાર્ડમાં સુકા મરચાની જબરદસ્ત આવક થતા મરચાની આવક બંધ રાખવાની નોબત આવી છે. મહત્વનું છે કે હાલ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરવામાં આવી હતી. જેના આગમચેતીના ભાગરૂપે જામનગર યાર્ડમાં મરચાની આવક બંધ કરાઈ હતી. પરંતુ હવે માવઠાની મોકાણ હટતાં આવક શરૂ કરાય છે. જેને લઈને આજે મરચાની જંગી આવક નોંધાઈ હતી.




હાપા માર્કેટિંગ યાર્ડમાં મરચાની ૧૦,૦૦૦ ભારીની આવક થઈ હતી. વહેલી સવારથી જ ખેડૂતો ૨૦૫ વાહનમાં મરચા ભરીને આવેલ હતા. જેને લઈને રવિવાર બપોરના ૧૨:૦૦ વાગ્યાથી નવી જાહેરાત ન થાય ત્યાં સુધી મરચાની આવક બંધ કરવાની ફરજ પડી છે. જગ્યા સહિતના પ્રશ્નો ઉભા થતાં મરચાંની આવક બંધ રાખવા અંગે નિર્ણય લેવામાં આવ્યો છે.હાલ મરચાની સિઝનને લઈ અને જામનગર યાર્ડમાં છેલ્લા કેટલાક દિવસની સરખામણીએ ૧૫૦૦ રૂપિયાથી માંડી ૫૦૦૦ રૂપિયા સુધીના મણદીઠ મરચાના ભાવ મળી રહ્યા છે. જેને લઈને ખેડૂતો આ સારા ભાવને લઈ આકર્ષાય રહ્યા છે અને તેઓ પોતાનો પાક વેચવા માટે આવી રહ્યા છે પરિણામે જામનગર યાર્ડમાં મરચાની સારી એવી આવક નોંધાઈ રહી છે.

# નવાગામ ઘેડમાં બીમારીથી કંટાળી યુવાને આયખુ ટૂંકાવ્યું

## વર્ષોથી ગળા અને પગની બીમારી ભોગવતા યુવાને અંતિમ પગલું ભરી લેતા પરિવારજનોમાં અરેરાટી મચી

**અબતક, જામનગર**

જેમાં જામનગરના નવાગામ ઘેડમાં આવેલ ગાયત્રી ચોક ભરવાડ સમાજ પાછળ રહેતા ૩૫ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઈ લીધાનું સામે આવ્યું છે. વર્ષોથી ગળા અને પગની બીમારી ભોગવતા યુવાને અંતિમ પગલું ભરી લેતા પરિવારજનોમાં અરેરાટી મચી ગઈ છે. આ મામલે પોલીસે નોંધ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પોલીસ મથકે નોંધાયેલ જાણવા જોગની વિગત એવી છે કે જીતેન્દ્ર ધનજીભાઈ રાણેવાડીયા (ઉ.વ.૩૫ રહે.નવાગામ ઘેડ,ગાયત્રી ચોક,ભરવાડ સમાજ પાછળ, જામનગર) જે છેલ્લા ચારેક વર્ષથી ગોળાની બીમારી ભોગવતા હતા અને તેના પરિણામેં પગ પણ દુખતા હતા. આથી તે ચાલી પણ સકતા ન હતા. અવાર-નવાર સારવાર કરવા છતા પણ સારૂ થતુ ના હોય જેના લીધે તે કંટાળી ગયા હતા. બાદમાં પોતે પોતાના ઘરે એકલા હોય ત્યારે પોતાના પંખામા ટીવી કેબલ વડે ગળેફાસો ખાઈ આપઘાતના પ્રયાસનું પગલું ભરી લીધું હતું.આ મામલે જાણ થતા પરિજનોએ ૧૦૮ નો સંપર્ક કર્યો હતો. જેને ૧૦૮ ના સ્ટાફે જોઈ તપાસી મોત થયાનું જાહેર કર્યું હતું. આ મામલે પોલીસે મોતની નોંધ કરીને તપાસ તેજ બનાવી છે.

# અકળ કારણોસર મહિલાનો આપઘાત

## આપઘાત અંગે પોલીસને જાણ કરાતા પોલીસે દોડી જઇ મૃતદેહનો કબજો સાંભળ્યોઃ કારણ જાણવાની દિશામાં તપાસનો ધમધમાટ

**અબતક, જામનગર**

જામનગરમા આકળે મોતનો વધુ એક કિસ્સો સામેં આવ્યો છે.જેમાં ગઈકાલે બપોર બાદ શહેરના ઓસવાળ ગેટની બાજુમાં સંતોષી મા ના મંદિર ની પાસે રહેતા મહિલાએ ગળેફાંસો ખાઈ લીધો હતો. જેમાં તેનું મોત થતા પરિજનોમાં અરેરાટી મચી હતી. આપઘાત અંગે પોલીસને જાણ કરાતા પોલીસે દોડી જઈ મૃતદેહનો કબજો સાંભળ્યો હતો. હાલ આ અંગે પોલીસે તપાસ તેજ બનાવી છે.

આ મામલે પોલીસ માથકેથી જાહેર થયેલ સત્તાવાર વિગતો એવી છે કે ખીમીબેન વાળો બનેજા (રહે સંતોષી માના મંદિરની બાજુમાં ઓસવાળ ગેટ પાસે જામનગર) તે ગઈકાલે પોતાના ઘરે હતા. આ દરમિયાન અકળ કારણોસર તેને કંટાળી જઈ મોત વ્હાલું કરી લીધું હતું. પોતે ગળાફાંસો ખાઈ જીવતરનો અંત આણી લેતા પરિજનોને જાણ થઈ હતી.

લાખાભાઈ રાજાભાઈ ધન્યવાદ (૫૫ ધંધો મજૂરી રહે સંતોષી માતાના મંદિર પાસે ઓસવાળ ગેટની બાજુમાં મેઈન રોડ જામનગર) એ તાત્કાલીક પોલીસને જાણ કરી હતી. આથી પોલીસે દોડી જઈ મોતનું કારણ જાણવાની દિશામાં કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે હાલ સીટી સી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એન.બી.સદાદીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં પરસોત્તમ રૂપાલા ભાજપના ઉમેદવાર "અબતક" ફરી અગ્રેસર

કડવા પાટીદાર સમાજની બેઠક મનાતી રાજકોટ લોકસભા બેઠક પર સત્તાધારી પક્ષ ભાજપ કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોત્તમભાઈ રૂપાલા પર પસંદગીનું કળશ ઢોળશે તેવો સચોટ અહેવાલ ૨ જાન્યુઆરી-૨૦૨૪ના રોજ "અબતક" સાંધ્ય દૈનિકમાં અલગ-અલગ રાજકીય સમિકરણોને ધ્યાનમાં રાખી એક્સકલ્યુઝીવ અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જે સાચો ઠર્યો છે. ભાજપ દ્વારા ગુજરાતની ૨૬ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી માટે હજી કોઈ સળવળાટ પણ શરૂ કરવામાં આવ્યો ન હતો ત્યારે "અબતક" સાંધ્ય દૈનિક દ્વારા "મોહનલાલ કે મૌલેશ નહીં રાજકોટમાં પરસોત્તમ રૂપાલા પર કળશ ઢોળાશે?" તેવા ટાઈટલ સાથે વિશેષ રાજકીય અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં રૂપાલાને શા માટે ટિકિટ આપવામાં આવી શકે છે. તેના અલગ-અલગ સચોટ સમિકરણો રજૂ કરાયા હતા. "અબતક" બે મહિના પહેલા પ્રસિધ્ધ કરેલા અહેવાલને ભાજપે ગત બીજી માર્ચ જાહેર કરેલી ઉમેદવારોના નામની પ્રથમ યાદીમાં થપ્પો લગાવ્યો હતો અને

**૨ જાન્યુઆરીના રોજ "અબતક" દૈનિકે પ્રસિધ્ધ કરેલો અહેવાલ સાચો પડ્યો**




રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરસોત્તમભાઈ રૂપાલાના નામની સત્તાવાર ઘોષણા કરી હતી. "અબતક" ફરી એકવાર અગ્રેસર રહ્યું છે.

# ગ્લોબલ વોર્મિંગઃ શિયાળા-ઉનાળા અને ચોમાસા જેવો માહોલ સર્જાયો

## એક દિવસમાં લઘુતમ તાપમાનનો પારો ૯ ડિગ્રી સુધી ગગડ્યોઃ શિવરાત્રિએ પણ ઠંડાગાર પવનો ફુંકાશે

| | |
|---|---|
| અમદાવાદ | ૧૩.૩ |
| અમરેલી | ૧૩.૦ |
| બરોડા | ૧૨.૦ |
| ભાવનગર | ૧૫.૯ |
| ભુજ | ૧૩.૨ |
| ડીસા | ૧૧.૪ |
| દ્વારકા | ૧૬.૬ |
| ગાંધીનગર | ૧૨.૪ |
| કંડલા | ૧૪.૩ |
| નલિયા | ૯.૨ |
| પોરબંદર | ૧૦.૬ |
| રાજકોટ | ૧૦.૪ |
| સુરેન્દ્રનગર | ૧૪.૦ |
| વેરાવળ | ૧૪.૭ |

### ૭ થી ૧૨ માર્ચ ફરી વાતાવરણમાં પલટો આવશેઃ રાજ્યના ૮૫થી વધુ તાલુકાઓમાં કમોસમી વરસાદ નોંધાયોઃ આગામી ૨૪ કલાક બાદ ઠંડીનો ચમકારો ઓછો થશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વાવાઝોડા પવન સાથે અચાનક ત્રાટકી પડેલા વરસાદે ચારેતરફ ઠંડક પ્રસરાવી છે. ગ્લોબલ વોર્મિંગની અસર તળે રાજ્યભરમાં શિયાળો-ઉનાળો અને ચોમાસા જેવો માહોલ સર્જાયો છે.ગુજરાતના લગભગ ૮૦ થી વધુ તાલુકાઓમાં છેલ્લાં બે દિવસમાં વરસાદ નોંધાયો છે. કમોસમી વરસાદ બાદ કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. પરંતુ બીજો રાઉન્ડ આવવાનો બાકી છે. જલ્દી જ ગુજરાતમાં કમોસમી વરસાદનો બીજો રાઉન્ડ આવવાનો છે. અંબાલાલ પટેલની આગાહી અનુસાર, ૭ થી ૧૨ માર્ચે ફરી વાતાવરણમાં પલટો આવશે. એટલું જ નહિ, માર્ચના ત્રીજા રાઉન્ડમાં ૧૪ થી ૨૦ માર્ચે પણ વાદળવાયુ અને રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદી છાંટાની શક્યતા રહેલી છે. ગઈ કાલે રાજ્યમાં પડેલા માવઠા બાદ આજે ઠંડીનો ચમકારો જોવા

(અનુ. આઠમા પાને)

### સાબરકાંઠા, અરવલ્લી સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ

સાબરકાંઠાના પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી સહિત ઈડરના ગ્રામ્ય વિસ્તારોમાં કરા સાથેના વરસાદના પગલે ખેડૂતો પાયમાલ થઈ ચૂક્યા છે.. જેમાં વડાલી પંથકમાં ૧૨ હજાર ૬૬૫ હેક્ટરમાં ઘઉં તેમજ ૮૦૦ હેક્ટરમાં ચણાનું વાવેતર કરાયું છે... સાથોસાથ ૬૩૦ હેક્ટરમાં શાકભાજી સહિત જીરું અને મકાઈનું વાવેતર પણ મોટા પ્રમાણમાં થયેલું છે..વડાલી તાલુકાના વાસણા, ભંડવાલ, કેસરગંજ, રહેડા, અરસામડા, અસાઈ, બડોલ, કંજેલી, વડગામડા, મોરડ, ચામુ, મેઘ, ડોભાડા ગામડી, ધામડી, જેવા આજુબાજુના તમામ મોટાભાગના વડાલી તાલુકાના ગામોમાં મોટી નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી વાતાવરણમાં પલટા બાદ કમોસમી વરસાદને પગલે રવિ પાકમાં વાવેતર કરાયેલા ઘઉ,મકાઈ,વરિયાળી,બટાકા જેવા પાકોમાં વ્યાપક નુકશાન થયું છે.

# બોર્ડની પરીક્ષા વેળાએ મેડિકલ ઈમરજન્સી માટે હેલ્થ સેન્ટર તૈયાર

### આરોગ્ય વિભાગ સ્ટેન્ડ બાય રહેશેઃ પરીક્ષા દરમિયાન આકસ્મિક સંજોગોમાં વિદ્યાર્થીઓને સારવારની જરૂર પડે તો તેના માટે પરીક્ષાના સ્થળ સંચાલકોને ડોક્ટરોના નંબરો મોકલી અપાયા

**અબતક, અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ૧૧ માર્ચથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થઈ રહી છે, ત્યારે પરીક્ષાને લઈ આરોગ્ય વિભાગ સ્ટેન્ડ બાય રહેશે. પરીક્ષા દરમિયાન આકસ્મિક સંજોગોમાં વિદ્યાર્થીઓને સારવારની જરૂર પડે તો તેના માટે પરીક્ષાના સ્થળ સંચાલકોને ડોક્ટરોના નંબરો મોકલી આપવામાં આવ્યા છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ ૭ જેટલી હોસ્પિટલ અને ૯૫ આરોગ્ય કેન્દ્રના નંબરોની યાદી તમામ સ્થળ સંચાલકોને મોકલી આપી છે. જેથી પરીક્ષા વખતે અચાનક સારવારની જરૂર પડે તો છેલ્લી ઘડીએ દોડધામ કરવાના બદલે તાત્કાલીક સારવાર માટે નજીકની આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી શકાશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કોર્પોરેશન વિસ્તારમાં આવેલી વી.એસ. હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, શારદાબેન જનરલ હોસ્પિટલ, અસારવા સિવિલ હોસ્પિલટ, સોલા સિવિલ હોસ્પિટલ, એસવીપી હોસ્પિટલ તથા ૠક્ષ્મણીબેન હોસ્પિટલના આરએમઓ નામ અને નંબર સાથેની યાદી સ્થળ સંચાલકોને મોકલી દીધી છે. આ સિવાય અમદાવાદ શહેરમાં આવેલા ૪૮ વોર્ડમાં આવેલા ૯૫ UHC-PHC સેન્ટરના મેડિકલ ઓફીસરના નામ, ઈ-મેઈલ આઈડી અને કોન્ટેક્ટ નંબર સાથેની યાદી પણ મોકલી દેવામાં આવી છે. પરીક્ષા વખતે ઈમરજન્સી સમયે સ્થળ સંચાલક તેમના વિસ્તારના ડોકટરનો તાત્કાલિક સંપર્ક કરી વિદ્યાર્થી કે સ્ટાફના કોઈ સભ્યને

(અનુ. આઠમા પાને)

# કરૂણાંતિકા : વડોદરા નેશનલ હાઈવે પર કન્ટેનર અને કાર વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના પાંચ લોકોના મોત

### ચાર વર્ષની દીકરી અસ્મિતા પટેલનો ચમત્કારીક બચાવ : મૃતદેહને કાઢવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવાઈ

**અબતક, વડોદરા**

રવિવારની મોડી રાતે જામ્બુવાથી તરસાલી તરફ નેશનલ હાઈવે પર રોડની સાઈડમાં ઉભેલા કન્ટેનર સાથે કાર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં પટેલ પરિવારના પાંચ સભ્યોના મોત નીપજ્યા છે. જ્યારે ચાર વર્ષની બાળકીનો આબાદ બચાવ થયો છે. આ કરૂણ અકસ્માતની જાણ થતાં મકરપુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર એટલી ધડાકાભેર અથડાઈ હતી



કે, અકસ્માત બાદ મૃતદેહને કાઢવા માટે ફાયર બ્રિગેડને પણ મદદ માટે બોલાવાઈ હતી.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રવિવારની રાત પટેલ પરિવાર માટે ગોઝારી સાબિત થઈ છે. મોડી રાત્રે નેશનલ હાઈવે પર જામ્બુવાથી તરસાલી તરફ જઈ રહેલી કાર રોડની સાઈડમાં ઉભેલા કન્ટેનર પાછળ અથડાઈ હતી. કાર પાછળથી અથડતા તેમા બેઠેલા એક જ પરિવારના પાંચ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ચાર વર્ષની દીકરી અસ્મિતા પટેલનો આબાદ બચાવ થયો છે.

અકસ્માતમાં મૃત્યુ પામેલા

(અનુ. આઠમા પાને)

# મોરબી : સિરપના કાળા કારોબારનો પર્દાફાશઃ રેકોર્ડબ્રેક ૪૦૦ પેટીનો જથ્થો ઝડપાયો

## આશરે પોણા બે કરોડની કિંમતના કોડિન સિરપના જથ્થા સાથે ૩ની ધરપકડ કરતી એલસીબી

**અબતક, ૠષિ મહેતા, મોરબી**

મોરબી એલસીબી ટીમે વધુ એક નશીલી સિરપનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. એલસીબી ટીમે મોરબીમાંથી ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટો નકલી સિરપનો જથ્થો જપ્ત કર્યો છે. મોરબી જિલ્લાના એક ગોડાઉનમાંથી ૪૦૦ પેટીથી વધુ નશીલા સિરપનો જથ્થો એલસીબીએ ઝડપી પાડવામાં આવ્યો છે. એલસીબી ટીમે ખાનગી ગોડાઉનમાંથી આશરે પોણા બે કરોડનો નશીલી કફ સિરપનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. તે ઉપરાંત મોરબી લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગોડાઉનના સંચાલક મનીષ પટેલની પણ ધરપકડ કરી છે.

મોરબીના રંગપર નજીક એલસીબીએ મોટો દરોડો પાડ્યો છે. જેમાં કોડીન કફ સીરપ અંદાજે ૪૦૦થી વધુ પેટીમાં આશરે ૬૮૦૦ લિટર હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. જો કે હાલ ગણતરી ચાલુ છે અને ત્રણ શખ્સોને દબોચી લેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સૌરાષ્ટ્રભરમાં કોડીન કફ સિરપથી નશાનો કાળો કારોબાર ચલાવવામાં આવી રહ્યો

(અનુ. આઠમા પાને)

### રવિ પટેલ નામના શખ્સે નશીલો પ્રવાહી મંગાવ્યાનું પ્રાથમિક અનુમાન

એલસીબી દ્વારા સમગ્ર મામલામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. મામલામાં ગોડાઉન સંચાલક મનીષ પટેલની ધરપકડ કરવામાં આવી છે. જયારે ગોડાઉન રવિ પટેલ નામના શખ્સે ભાડે રાખ્યાનું સામે આવ્યું છે. રવિ પટેલ હાલ પોલીસ પકડથી દૂર છે પણ નશીલો પ્રવાહી રવિ પટેલે જ મંગાવ્યાનું હાલ પ્રાથમિક અનુમાન છે.

### નશાકારક સિરપનો જથ્થો ઝારખંડથી લવાયો'તો

પોલીસમાંથી પ્રાપ્ત પ્રાથમિક વિગત અનુસાર નશાકારક કોડીનનો ઐતિહાસિક જથ્થો ઝારખંડથી લાવવામાં આવ્યો હતો. મામલામાં હાલ એલસીબીની ટીમ દ્વારા મુદ્દામાલની ગણતરી કરાઈ રહી છે. ઝડપાયેલા શખ્સોની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. એલસીબીએ હાલ સુધીમાં ગોડાઉન સંચાલક અને ડ્રાયવર-ક્લિનરની ધરપકડ કરી છે.






# બમ...બમ... ભોલેના નાદ સાથે કાલથી શિવરાત્રીના મેળાનો મંગલારંભ

## મહાવદ નોમની ધજા સાથે ભક્તિ, ભજન, ભોજન, ભભૂતનો રંગ ભવનાથના મેદાનમાં જામશે દશમનો ક્ષય હોવાથી મેળામાં પાંચ ના બદલે ચોથા દિવસે શાહી રવાડી સાથે મેળાનું થશે સમાપન





**અબતક ચિરાગ રાજ્યગુરુ જુનાગઢ**

ધર્મ નગરી જુનાગઢ ના પવિત્ર ગિરનાર ની તળેટીમાં આવતીકાલે મહાવદ નોમ થી શિવરાત્રીના મેળાનું પ્રારંભ થઈ રહ્યો છે, હિમાલયના ગોત્ર પિતા અને જ્યાં ૩૩ કોટી દેવતા ,નવનાથ, બાવન પીર,ચોસઠ જોગણી ના બેસણા છે તેવા પવિત્ર ગિરનાર ની તળેટીમાં ભવનાથ મહાદેવના સાનિધ્યમાં કાલથી શિવરાત્રીના મેળા નો પ્રારંભ થશે,આ વર્ષે ચાર દિવસનો મેળો યોજાશે આવતીકાલે મહાવદ નોમ પાંચમી માર્ચથી ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવ મંદિરે બમ બમ બોલે અને જય ગિરનારી નાદ વચ્ચે ધ્વજારોહણ સાથે મહાશિવરાત્રીના મેળા નું પ્રારંભ થશે આ વર્ષે દશમનો ક્ષય હોવાથી મેળો પાંચના બદલે ચાર દિવસ સુધી ચાલશે ચાર દિવસ સુધી ૨૫૦ થી વધુ

(અનુ. આઠમા પાને)

### ભવનાથના સાનિધ્યમાં જીગ્નેશ કવિરાજ

લોક ગાયક જીગ્નેશ કવિરાજ બારોટે ભવનાથ ગાયુ ભજન ,ભાવ ,ભક્તિ અને ભજનનો શિવરાત્રીનો મેળો માણવા આપ્યું ભાવિકોને આમંત્રણ.. શિવરાત્રીના મેળામાં સાધુ સંતો નું ધીમે ધીમે આગમન થઈ રહ્યું છે. ત્યારે આજે ગુજરાતના સુપ્રસિદ્ધ લોક ગાયક જીગ્નેશ કવિરાજ ભવનાથ મંદિરની પૂજા અર્ચના કરી હતી અને ભવનાથ મંદિરના ગર્ભગૃહમાં શિવનું ભજન ગાય ભગવાન ભોળાનાથની ઉપાસના કરી હતુ. મુજ ગુફાના મહંત અને મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી તેમજ અન્ય સાધુ સંતોની સાથે જીગ્નેશ કવિરાજ ભવનાથ મહાદેવની પૂજા અર્ચના કરી હતી.ભજન ભોજન અને ભક્તિનો(અનુ. આઠમા પાને)

### ભવનાથ વેપારીઓની હડતાળનો અંત મેળો સુખરૂપ યોજવા સૌ એક મત

જુનાગઢ ભવનાથ ચિત્રના છેલ્લા ત્રણ દિવસથી ચાલતી હડતાલનો અંત આવ્યો, વેપારીઓ દ્વારા પ્લાસ્ટિક પ્રતિબંધ ના નિર્ણયને આવકાર્યો, રાબેતા મુજબ શરૂ થશે વેપાર ધંધા છેલ્લા ત્રણ દિવસથી ભવનાથમાં વેપારીઓ દ્વારા પોતાના ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યા હતા. જેનો આજે ધારાસભ્ય, મેયર અને ભાજપ પ્રમુખની બેઠકમાં સુખદ અંત આવ્યો છે. હાઈકોર્ટ દ્વારા ગિરનાર પ્લાસ્ટિક પ્રતિબંધનને લઈ તંત્રને સૂચન કરવામાં આવ્યું હતું. જેને લઇ તંત્ર દ્વારા ગિરનાર ભવનાથ તેમજ આસપાસના ૨૪ ગામડાઓમાં પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. લોકોમાં પ્લાસ્ટિક ને લઈ જાગૃત આવે તે માટે કામગીરી શરૂ કરવામાં આવી છે.જેને લઇ તંત્ર દ્વારા ગીરનાર તેમજ ભવનાથમાં અલગ અલગ જગ્યાએ પેન્ટિંગ બનાવી, હોર્ડીન્સ લગાવી જાગૃતતા લાવવામાં આવી રહી છે. શિવરાત્રીના મેળા દરમિયાન લાખો ભાવિકો મેળામાં આવતા હોય છે ત્યારે મેળા સમયે તંત્ર દ્વારા પ્લાસ્ટિક પ્રતિબંધનું નિર્ણય લેવામાં આવ્યો હતું. જેને લઈ ભવનાથ ક્ષેત્રના વેપારીઓ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી પોતાના વેપાર ધંધા બંધ કરી હડતાળ રાખવામાં આવી હતી. ત્યારે વેપારીઓ દ્વારા પણ પ્લાસ્ટિક પ્રતિબંધના સૂચનને માન્ય રાખી વેપાર ધંધા શરૂ કરી દેવામાં આવ્યા છે. ગીરનાર વેપારી એસોસિએશનના નાનક દેવચંદાણી એ જણાવ્યું હતું કે આજે સવારે તમામ વેપારીઓ દ્વારા તંત્ર સાથે હડતાલને લઈ ચર્ચા વિચારણા કરી હતી. તેમાં હાઈકોર્ટની ગાઈડલાઈન

(અનુ. આઠમા પાને)

### શિવરાત્રી મેળાની તૈયારીઓ પર પૂર્ણ કલેકટરે કર્યુ અંતિમ નીરીક્ષણ

કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ આજે મહાશિવરાત્રીના મેળા સંદર્ભે ભવનાથ તળેટી સહિત મેળાના વિસ્તારની સ્થળ મુલાકાત કરી જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

કલેકટરીએ ભરડાવાવ, દામોદર કુંડ ઉપરાંત જુદા જુદા પાર્કિંગ સ્થળો અને ભાવિકોની વધારે ભીડ રહે છે તેવા પોઈન્ટ ની મુલાકાત કરી, યોગ્ય રીતે ટ્રાફિક નિયમન થઈ શકે તે માટે સંબંધીત અધિકારીઓને સૂચના આપી હતી. ઉપરાંત કલેક્ટરશ્રીએ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે તેવા ભવનાથના પ્રકૃતિ ધામની પણ મુલાકાત કરી હતી અને ફાયર, પીવાના પાણી, વાહન પાર્કિંગ જરૂરી અન્ય વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

કલેક્ટરએ ભવનાથ મહાદેવના દર્શન કરવાની સાથે મૃગીકુંડ ખાતેની વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું.

આ સ્થળ વિઝીટ પૂર્વે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને મહાશિવરાત્રીના મેળા સંદર્ભે પૂર્વ તૈયારીઓનો તાગ મેળવ્યો હતો. આ બેઠકમાં આરોગ્ય, વીજળી, સફાઈ, પીવાના પાણી સહિતના મુદ્દે જરૂરી પરામર્શ કર્યો હતો.

આ સ્થળ વિઝીટ અને બેઠકમાં કમિશનર શ્રી ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા, પ્રાંત અધિકારી સુશ્રી ભૂમિબેન કેશવાલા, ડેપ્યુટી કમિશનર શ્રી ઝાપડા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.